# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચક મિત્રો,**

સૌને નમસ્કાર. તા.28 માર્ચ થી 12 એપ્રિલ, 2022 દરમિયાન યોજાયેલી ધો.10 અને ધો.12ની જાહેર પરીક્ષા તેમજ 'ગુજકેટ'ની પરીક્ષાના વ્યવસ્થાપન, સંચાલન અને નિરીક્ષણકાર્ય સાથે સંકળાયેલા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, પરીક્ષાકેન્દ્રોના સ્થળસંચાલકશ્રીઓ, ખંડનિરીક્ષકો, વિજિલન્સ સ્ક્વૉર્ડ, બોર્ડના અધિકારીશ્રીઓ સાથે તમામ કર્મયોગી મિત્રોના સંનિષ્ઠ અને પ્રામાણિક પ્રયત્નો અને સાથ-સહકારથી સફળતાપૂર્વક પરીક્ષાઓ પૂર્ણ થઈ તે બદલ સૌનો અત્રેથી બોર્ડ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

બોર્ડ દ્વારા ધો.10 અને ધો.12ની જાહેર પરીક્ષાના પરીક્ષાર્થીઓના પરિણામ તૈયાર કરવાની ભગીરથ કામગીરી ચાલી રહી છે. આ કામગીરી તેની નિયત સમયમર્યાદામાં પરિપૂર્ણ થાય અને સૌને સમયસર પરિણામ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો બોર્ડ દ્વારા થઈ રહ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.9 ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા દર વર્ષે પ્રખરતા શોધ કસોટીનું આયોજન કરવામાં આવે છે. પ્રખરતા શોધ કસોટી ફેબ્રુઆરી-2022ના પરિણામ અન્વયે પર્સન્ટાઈલ રેન્કના આધારે રાજ્યના પ્રથમ 1000 વિદ્યાર્થીઓની યાદી બોર્ડની વેબસાઈટ : www.gseb.org પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રખરતા શોધ કસોટી ફેબ્રુઆરી-2022માં ઉત્તીર્ણ થયેલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવું છું.

રાજ્યની તમામ શાળાઓમાં તા.9 મે, 2022 થી 12 જૂન, 2022 સુધી કુલ 35 દિવસનું ઉનાળુ વૅકેશન જાહેર કરવામાં આવેલ છે. ઉનાળુ વૅકેશનના કિંમતી સમયગાળામાં બાળકો માત્ર ઘરમાં બેસીને મોબાઈલ કે ટી.વી.નો વધુ પડતો ઉપયોગ ના કરે પરંતુ તે શરીરનું સ્વાસ્થ્ય ને આરોગ્ય જાળવે, હળવી કસરતો, વ્યાયામ કે યોગાસન સમયસર કરતા રહે, રચનાત્મક પ્રવૃત્તિઓ કે સ્પર્ધાઓમાં જોડાઈને પોતાનું પરફોર્મન્સ દર્શાવે, નવું નવું વાંચવા ને શીખવા માટે પ્રેરાય, ઘરના સભ્યો કે વાલી સાથે પ્રવાસ-પર્યટને જાય, સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરે તે માટે પ્રોત્સાહિત કરવા તેમજ તેમને રજાઓમાં કાળજી સાથે જરૂરી પ્રેમ, હૂંફ, વાત્સલ્ય મળી રહે તેવી વાલીઓને વિનંતી છે.

શિક્ષણ કે કેળવણી માટે કહેવાયું છે કે મનુષ્ય અને સમાજનું નિર્માણ કરે, બાળકોના સર્વાંગી વિકાસના દૃષ્ટિકોણ સાથે, મનોવૈજ્ઞાનિક તાલીમની સાથે કલ્પનાશક્તિ અને મનોભાવોને નિર્મળ અને પવિત્ર બનાવે, જિજ્ઞાસુ મન, અંતરજ્ઞાની હૃદય, ચેતનશીલ આત્મા અને સારાસારના વિવેકનો વિકાસ કરે, હકારાત્મક અભિગમોથી બાળકોનું સંસ્કાર ઘડતર કરે તે સાચું શિક્ષણ. આગામી નવા શૈક્ષણિક સત્રના આરંભે બાળકોનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ થાય તેવી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન સૌને કરવા અનુરોધ છે. ધો.12 પછી વિદ્યાર્થીમિત્રો પોતાની અભિરૂચિ, શક્તિઓ, યોગ્યતા અને વ્યક્તિત્વનાં લક્ષણો મુજબ આગામી અભ્યાસ કે કારકિર્દીની પસંદગી કરે તે ખૂબ જ જરૂરી છે. તે માટે તેઓને માર્ગદર્શન આપવા સર્વે આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રોને વિનંતી છે.

'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત યોજવાના કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અંગેની વિગતો અત્રેના તા.21-3-2022ના પરિપત્ર દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જેને અનુલક્ષીને શાળા કક્ષાએ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરીને તેના ફોટોગ્રાફ્સ સહિતનો અહેવાલ બોર્ડને મોકલવા અનુરોધ છે.

**એ. જે. શાહ**
**અધ્યક્ષ**

તા. 20-04-2022

# અનુક્રમણિકા

| અ.નં. | વિષય | પાના નં. |
|---|---|---|

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્ય મિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર વંદન. આ સાથે એપ્રિલ-2022નો આ અંક આપ સૌના અભ્યાસ, વાંચન અને અવલોકન માટે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું. શિક્ષણના સાંપ્રત પ્રવાહો અને પ્રશ્નો, રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં સમાવિષ્ટ બાબતો અને પડકારોને વાચા આપતું આ શૈક્ષણિક મુખપત્ર આચાર્યશ્રીઓ, શિક્ષકમિત્રો, વાચકો, લેખકો, સંચાલકો સૌ માટે દિશાસૂચક, પથદર્શક અને દીવાદાંડી સમું છે. ડૉ.રવીન્દ્ર દવેના શબ્દોમાં 'શિક્ષણજગતની ભગવદ્ગીતા' સમું છે. દર વર્ષે જૂનથી મે સુધીના તમામ અંકો વિદ્યાર્થીઓ અને વાલીગણ માટે પણ એટલા જ ઉપયોગી અને માર્ગદર્શક બને છે. તે બાબતે તંત્રીગણ આનંદ સહ ગૌરવ અનુભવે છે.

તાજેતરમાં ધો.10 અને ધો.12ની જાહેર પરીક્ષા તેમજ ગુજકેટ પરીક્ષા શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજાઈ. કારકિર્દી ઘડતરમાં ધો.10-12 ની પરીક્ષાઓ માઈલસ્ટોન બની રહે છે અને ઉજ્જવળ ભવિષ્ય ઘડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં ધો.12 પછી યુવાવર્ગ પોતાની શક્તિ, રસરૂચિ, યોગ્યતા અને ક્ષમતા આધારે વ્યવસાય કે સેવા પસંદ કરશે તો તેનું ભાવિ જીવન સફળ ને ઉજ્જવળ બનશે. આ અંગે કેટલીક 'કૅરિયર ગાઈડન્સ' સંસ્થાઓ અને માહિતી ખાતા દ્વારા પ્રકાશિત થતા ગુજરાત રોજગાર સમાચારમાં 'કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક' સૌ માટે માર્ગદર્શક બની રહે છે.

તાજેતરમાં ધો.10 અને ધો.12ની વિષયવાર ઉત્તરવહીઓના મધ્યસ્થ મૂલ્યાંકનની કામગીરી કો-ઓર્ડિનેટર, મોડરેટર અને પરીક્ષકોની સંયુક્ત જવાબદારી સાથે જિલ્લાના તમામ સંબંધિત મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રમાં અસરકારક રીતે ચાલી રહી છે. આ પવિત્ર કામગીરી નિષ્ઠાપૂર્વક કરવા માટે સૌને વિનંતી છે.

રાજ્યની તમામ શાળાઓમાં તા.9 મે, 2022 થી 12 જૂન, 2022 સુધી ઉનાળુ વૅકેશન રહેશે. વૅકેશનમાં બાળકો સમયનો સદ્ઉપયોગ કરે. વધુ અભ્યાસ માટે ચિંતિત રહી નવું નવું વાંચતો ને શીખતો રહે. ફુરસદના સમયે સુંદર પુસ્તકો વાંચે, વાંચનશિબિરો, સમર કૅમ્પ, વાર્તાલાપો, ચર્ચાગોષ્ઠિમાં જોડાય. તેમના વાલીઓ વધુ સક્રિય રહે તેવી અપીલ કરું છું.

આગામી સમયમાં આ મૅગેઝિન મૌલિક, પ્રેરણાદાયી, સંશોધનાત્મક અને વિષયવસ્તુલક્ષી લેખોથી વધુ મૂલ્યવાન બને તે માટે સૌનું રચનાત્મક માર્ગદર્શન અને સહકાર પણ મળતા રહે તેવી અપેક્ષા છે. આ મૅગેઝિનના જૂન-2022 થી નવા ગ્રાહક થવા ઈચ્છનારે તેનું વાર્ષિક લવાજમ મે-2022 થી વ્યક્તિગત રીતે બૅન્ક ડી.ડી.થી ભરવાનું રહેશે અને વર્ષ દરમિયાન તમામ અંકોનો અભ્યાસ કરી તેનો લાભ મેળવતા રહીએ.

**ડી. એસ. પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-04-2022

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત
# શહીદ રામપ્રસાદ બિસ્મિલ

**જીતુ નાયક**

ભારત દેશ નારીરત્નોની ખાણ ગણાય છે કારણ કે આપણા દેશની અંદર એવી કેટલીય ભારતીય આદર્શ નારીઓ થઈ છે કે જેના થકી આપણા દેશનું ગૌરવ વધ્યું છે. ખાસ કરીને અંગ્રેજોની ગુલામીના સમયમાં દેશ માટે પોતાના પુત્રોને યુવા અવસ્થાએ મા ભોમ માટે શહીદ થવા માટે પ્રેરણા પૂરી પાડનાર નારીરત્નોનું સવિશેષ મહત્ત્વ રહેલું છે. અમર શહીદ પંડિત રામપ્રસાદ બિસ્મિલ પણ એવું જ એક પાત્ર છે કે જેના ઘડતરમાં તેમની માતા મૂલારાનીનો સવિશેષ ફાળો રહેલો છે. ટૂંકમાં કહીએ તો પુત્રને અમર શહીદ રામપ્રસાદ બિસ્મિલ બનાવવા પાછળ તેમની માતાનો સિંહફાળો રહેલો છે.

રામપ્રસાદ બિસ્મિલને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી તે સમય દરમિયાન તેઓ જેલમાં હતા અને આ સમય દરમિયાન તેમણે પોતાની આત્મકથા લખી હતી. આ આત્મકથાના અંશ વાંચતા એક બાબત સ્પષ્ટ તરી આવે છે કે તેમના જીવનઘડતરમાં તેમની માતાનું સવિશેષ યોગદાન રહેલું છે. આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે એવા કેટલાય વીર ક્રાંતિકારી શહીદ પુરુષોને આપણે યાદ કરીએ છીએ ત્યારે આવા વીર પુરુષને મા ભોમ માટે કુરબાન થવા માટે વજ્ર સમાન હૈયું બનાવીને હસતા મોંએ ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે તૈયાર કરનાર ભારતીય બહાદુર નારીરત્નોને પણ યાદ કરવા જ રહ્યા. રામપ્રસાદ બિસ્મિલના માતાજી પણ આમાંના એક આપણા ભારતીય નારીરત્ન હતા કે જેમણે પોતાના પરિવારના વિચારોથી વિરુદ્ધમાં જઈને પણ પોતાના પુત્રને ક્રાંતિકારી પ્રવૃત્તિમાં ભાગ લઈને દેશસેવા કરવા માટે મદદ કરી છે.

રામપ્રસાદ બિસ્મિલની માતા પરણીને સાસરે આવ્યા ત્યાં સુધી બિલકુલ નિરક્ષર હતા. પોતે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરશે તો જ પોતાનાં સંતાનોને પણ સાક્ષર બનાવી શકશે એ વાતને ધ્યાને લઈને તેમણે સાસરે આવ્યા બાદ અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યું અને એ સાક્ષરતાના આધારે પોતાનાં સંતાનોની અંદર પણ સંસ્કાર, દેશપ્રેમ અને શિક્ષણનું સિંચન કર્યું. પુત્ર રામ્રપ્રસાદ બાળપણથી જ દેશભક્તિના રંગે રંગાયેલા હતા. આ વાતની જાણ બિસ્મિલની માતાને સહજ રીતે થઈ ગઈ હતી. માતા પણ દેશભક્ત જ હતી માટે તેણીએ પોતાના પતિ અને સાસુની દૃષ્ટિથી બચાવીને પોતાના પુત્રને દેશભક્તિના રંગે રંગાવા માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. બિસ્મિલના પિતા અને દાદીમા બિસ્મિલની પ્રવૃત્તિઓથી થોડા જાણકાર થયા અને માટે જ બિસ્મિલના બાળપણમાં લગ્ન કરાવીને સંસારમાં પરોવવા માગતા હતા. તે સમયે બિસ્મિલની માતાએ બાળકનું ભણવાનું બગાડવાનું નથી એવું કારણ આપીને બિસ્મિલના બાળલગ્ન અટકાવી દીધા. આમ કરવા પાછળનો માતાનો આશય તો એ જ હતો કે બિસ્મિલ સંસારની મોહ-માયામાં ન ફસાય અને ભારતમાતાની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરી દે. ધન્ય છે આવી માતાને...!

બિસ્મિલને પણ પોતાની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે માતાની સહાયતા મળતી રહી અને મા ભોમની સેવા કરવાનો અનેરો ઉત્સાહ વધતો ગયો. માતાની સહાયતાના કારણે બિસ્મિલની અંદર ક્રાંતિકારી પ્રવૃત્તિના મૂળિયા બરાબર મજબૂત બની ગયા હતા. ધીરેધીરે બિસ્મિલ ક્રાંતિકારીઓ સાથે ભળતા ગયા. વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, અસફાખ ઉલ્લાખાન વગેરે ક્રાંતિકારીઓના વિચારો અને દેશભક્તિ એક થતી ગઈ. તેઓ તેમની પ્રવૃત્તિઓને અપનાવતાં ગયા અને દેશને આઝાદી અપાવવા માટે તત્પર બનતા ગયા. આ સમયગાળા દરમિયાન તેમના માનસ ઉપર આર્યસમાજનો સીધો પ્રભાવ પડ્યો હતો તેના થકી પણ તેમના જીવનમાં

**જય જય ગરવી ગુજરાત ! દીપે અરુણું પરભાત ! -કવિ- નર્મદ**

ઘણુંબધું પરિવર્તન આવી ગયું હતું. બિસ્મિલ પોતે એક સારા કવિ, લેખક, સાહિત્યકાર પણ હતા. પોતાના પુસ્તકમાંથી મળતી રકમ પણ તેમણે ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે આપી હતી.

આમ તો કાકોરી ટ્રેન લૂંટનો પ્રસંગ રામપ્રસાદ બિસ્મિલ સાથે જોડાયેલો છે અને આ ઘટના થકી તેમને સજા રૂપે ફાંસી પણ આપવામાં આવી હતી. વાસ્તવમાં બિસ્મિલ અને તેમના સાથી મિત્રો ક્રાંતિકારી પ્રવૃત્તિ કરતા હતા. તેમના માટે શસ્ત્રો અને નાણાંની જરૂર પડતી હતી. તે જરૂરિયાતની પૂર્તિ કરવા માટે તેઓ આ રીતે અંગ્રેજોના ખજાનાને લૂંટતા હતા અને તેના થકી દેશની આઝાદીની પ્રવૃત્તિઓમાં તેનો ઉપયોગ કરતા હતા. આ હેતુથી જ તેમણે કાકોરી રેલ લૂંટની યોજના બનાવી હતી. આ યોજનાની અંદર તેઓએ અને તેમના મિત્રોએ સફળતા પ્રાપ્ત કરી પણ લીધી હતી. પરંતુ કેટલાક અંગ્રેજભક્તોના કારણે, કેટલીક લાલચોના કારણે તેમની આ પ્રવૃત્તિની જાણ અંગ્રેજ સરકારના કાન સુધી પહોંચી ગઈ. આ પ્રવૃત્તિના મુખ્ય સૂત્રધાર તરીકે રામપ્રસાદ બિસ્મિલનું નામ મોખરે હતું. તેથી બિસ્મિલના અનેક સાથીઓને પકડીને, તેમના ઉપર અનેક અત્યાચારો કરીને બિસ્મિલ અંગેની જાણકારી પ્રાપ્ત કરી તેમને પકડી લેવામાં આવ્યા.

તેમના ઉપર કાકોરી લૂંટનો કેસ ચલાવવામાં આવ્યો. તેમને ફાંસીની સજા પણ કરવામાં આવી. આ સમય દરમિયાન તેમણે જેલમાં રહીને પોતાની આત્મકથા લખી અને ફાંસીના એકાદ બે દિવસ પહેલાં ખાનગી રીતે એ જેલની બહાર તેમણે મોકલી દીધી. આ આત્મકથાના અંશોની અંદર તેમની દેશભક્તિ અને દેશદાઝનાં અખૂટ દર્શન થાય છે. તેમની માતાના તેમણે ખૂબ ગુણો ગાયા છે. સાથે સાથે જનમોજનમ મને આવી જ માતા મળે એવી પ્રાર્થના કરી છે. જેથી વારંવાર માતૃભૂમિની સેવા કરી શકાય એવા વરદાન પણ પ્રભુ પાસે માંગ્યા છે. ફાંસીના આગલા દિવસે આત્મકથાની અંદર તેમણે પોતાની માતા માટે જે શબ્દો કહ્યા છે એ એક ભારતીય નારી માટે અવર્ણનીય શબ્દો હતા. તેમણે કહ્યું કે, ''હે મા, મને મૃત્યુનો કે ફાંસીનો જરાય ડર નથી પરંતુ અંતિમ સમયે હું તારા ચરણોની સેવા નહીં કરી શકું એનું મને કાયમ માટે દુઃખ રહેશે. પરંતુ હે માતા, યાદ રાખજે કે આજે તારો પુત્ર માત્ર એક જ માતાનો પુત્ર નહીં પરંતુ અનેક ભારતીયોની માતાનો પુત્ર શહીદ થવા જઈ રહ્યો છે. ભારતમાતા તો માતાઓની પણ માતા છે. માટે ઇતિહાસનાં પાનાં ઉપર સુવર્ણ અક્ષરે રામપ્રસાદ બિસ્મિલની માતાનું નામ પણ અમર થઈ જશે.''

બિસ્મિલ વચનપાલનના ખૂબ જ પાક્કા માણસ હતા. તેમની માતાએ તેમને ક્રાંતિકારી પ્રવૃત્તિ કરવા માટે મંજૂરી તો આપી હતી પરંતુ એક શરત રાખી હતી કે... 'હું તને ક્રાંતિકારી પ્રવૃત્તિ માટે મંજૂરી તો આપું છું પરંતુ મને વચન આપ કે તું કોઈ પણ વ્યક્તિના પ્રાણને લઈશ નહિ.' બિસ્મિલે પણ પોતાની માતાને જે વચન આપ્યું હતું તે વચનનું પાલન કરવા માટે સંપૂર્ણપણે પ્રયત્ન કર્યો હતો. છતાં પણ અનિચ્છાએ એક-બે વાર માતાના વચનનો ભંગ થયો હતો એ બાબત પણ તેમણે આત્મકથામાં સ્વીકારી છે. આમ જ્યારે આઝાદી માટે આહુતિ આપનાર વીર શહીદોને આપણે યાદ કરીએ છીએ ત્યારે આ વીર શહીદોને ભરયુવાનીમાં કુરબાની માટે તૈયાર કરનાર તેમની માતાઓનું પણ વિશેષ યોગદાન રહેલું છે એ પણ આઝાદીના અમૃત મહોત્સવે આપણે ભૂલવું જોઈએ નહીં. રામપ્રસાદ બિસ્મિલની માતા મુલારાની પણ એક એવું જ પાત્ર છે જેમણે સામે ચાલીને પોતાના પુત્રને મા ભોમની સેવા માટે અર્પણ કરી દીધો છે. આ સમયે માતા-પુત્ર બંનેને કોટિ કોટિ નમન...

---

**સંપર્ક : મદદનીશ શિક્ષક, સર્વ વિદ્યાલય,**
**કડી, જિ. મહેસાણા**

**જયાં જયાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત ! - કવિ-ખબરદાર**

# ભારતના આઝાદીસંગ્રામની વીરાંગના
# કેપ્ટન લક્ષ્મી સેહગલ

**ડૉ. સંજય કોરિયા**

કેપ્ટન લક્ષ્મી સેહગલ ભારતની અત્યાર સુધીની સૌથી સફળ મહિલાઓમાંની એક છે. લક્ષ્મી સેહગલે નેતાજી સુભાષચંદ્ર બોઝ દ્વારા સ્થાપિત 'આઝાદ હિંદ ફોજ' માટે હાથમાં બંદૂક પકડી હતી અને ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામમાં સિંહણની જેમ લડયાં હતાં.

ડૉ. લક્ષ્મી સેહગલનો જન્મ 24 ઑક્ટોબર, 1914માં પરંપરાગત તમિલ પરિવારમાં થયો હતો. 1938માં સેહગલે મદ્રાસ મૅડિકલ કૉલેજમાંથી MBBSની ડિગ્રી મેળવી અને ગાયનેકોલોજી અને ઓબ્સ્ટેટ્રિક્સમાં ડિપ્લોમા મેળવ્યો હતો. ત્યારબાદ તે ડૉક્ટર તરીકે સિંગાપોર ગયા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે જાપાની દળોએ સિંગાપોરમાં બ્રિટિશ દળો પર હુમલો કર્યો ત્યારે લક્ષ્મી સેહગલ સુભાષચંદ્ર બોઝની 'આઝાદ હિન્દ ફોજ'માં જોડાયા.

તે બાળપણથી રાષ્ટ્રવાદી ચળવળથી પ્રભાવિત હતા તે સમયે મહાત્મા ગાંધીજીએ વિદેશી માલસામાનના બહિષ્કારનું આંદોલન શરૂ કર્યું હતું. સિંગાપોરમાં તેમણે ભારતમાંથી સ્થળાંતર કરનારા કામદારો માટે એક મફત હૉસ્પિટલ ખોલી. તેઓ ત્યાં 'ઈન્ડિયા ફ્રીડમ ઍસોસિએશન'ના સક્રિય સભ્ય પણ બન્યાં. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જ્યારે 1942માં બ્રિટિશરોએ સિંગાપોરને જાપાનીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું ત્યારે તેઓએ ઘાયલ યુદ્ધ-કેદીઓ માટે ઘણું કામ કર્યું. તે જ સમયે તેમના દેશની આઝાદી માટે કામ કરવાનો વિચાર બ્રિટિશ આર્મીના ઘણા ભારતીય સૈનિકોના મનમાં ઉદ્‌ભવતો હતો.

વિદેશમાં કામદારોની હાલત અને તેમની સામે થઈ રહેલા અત્યાચારો જોઈને તેમનું દિલ ભરાઈ આવ્યું. તેમણે નક્કી કર્યું કે તે પોતાના દેશની આઝાદી માટે કંઈક કરશે. લક્ષ્મી સેહગલના હૃદયમાં સ્વતંત્રતા જાગી હતી, જે દરમિયાન નેતાજી સુભાષચંદ્ર બોઝ 2 જુલાઈ, 1943ના રોજ દેશની આઝાદીની મશાલ લઈને સિંગાપોર આવ્યા. લક્ષ્મી સેહગલ પણ તેમના વિચારોથી પ્રભાવિત થયા વગર રહી શક્યાં નહિ અને છેવટે લગભગ એક કલાક સુધી સભાની મધ્યમાં કેપ્ટન લક્ષ્મીએ પોતાની ઇચ્છા વ્યક્ત કરી કે તે ભારતની આઝાદીની લડાઈમાં તેમની સાથે જોડાવા ઇચ્છે છે.

કેપ્ટન લક્ષ્મીની અંદર રહેલી સ્વતંત્રતાની ભાવના જોયા બાદ નેતાજીએ તેમના નેતૃત્વમાં 'રાણી લક્ષ્મીબાઈ રેજિમેન્ટ' બનાવવાની જાહેરાત કરી હતી. જેમાં દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરી શકે તેવી બહાદુર મહિલાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. 22 ઑક્ટોબર, 1943ના રોજ ડૉ. લક્ષ્મીએ 'ઝાંસી રેજિમેન્ટ'માં 'કેપ્ટન' તરીકે પદ સંભાળવ્યું. તેમની હિંમત અને અદ્‌ભુત કાર્યને કારણે તેમને પાછળથી 'કર્નલ'નો દરજ્જો મળ્યો, જે પ્રથમ વખત એશિયામાં એક મહિલાને મળ્યો હતો, પરંતુ લોકોએ તેમને માત્ર 'કેપ્ટન લક્ષ્મી' તરીકે યાદ કર્યા છે.

તેમના પતિના મૃત્યુ પછી કેપ્ટલ લક્ષ્મી કાનપુરમાં રહેવા લાગ્યા અને બાદમાં કેપ્ટન સેહગલે પણ સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો. 1971માં તેમણે ભારતીય કમ્યૂનિસ્ટ પાર્ટી માર્ક્સવાદીમાં જોડાઈને રાજ્યસભામાં પાર્ટીનું પ્રતિનિધિત્વ કર્યું. બાંગ્લાદેશ વિવાદ દરમિયાન, તેમણે બાંગ્લાદેશથી ભારતમાં આવતા શરણાર્થીઓ માટે કોલકાતામાં બચાવ કૅમ્પ અને મૅડિકલ કૅમ્પ પણ ખોલ્યા હતા. તે 1981માં સ્થપાયેલી ઑલ ઈન્ડિયા ડેમોક્રેટિક વિમેન્સ એસોસિએશનનાં સ્થાપક સભ્ય પણ હતાં. તેમણે તેની ઘણી પ્રવૃત્તિઓ અને અભિયાનોનું નેતૃત્વ પણ કર્યું હતું.

ડિસેમ્બર 1984માં ભોપાલ ગૅસની દુર્ઘટનામાં તેઓ તેમની મૅડિકલ ટીમ સાથે ભોપાલ પહોંચીને પીડિતોની મદદ કરવા લાગ્યાં હતાં. તેમણે 1984ના શીખ રમખાણો દરમિયાન કાનપુરમાં શાંતિ માટે કામ કરવાનું શરૂ કર્યું હતું અને 1996માં બેંગાલુરુમાં મિસ વર્લ્ડ સ્પર્ધા સામે ઝુંબેશ ચલાવવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. તેમણે મહિલાઓની સામાજિક અને આર્થિક સ્વતંત્રતા માટે ઘણો સંઘર્ષ કર્યો હતો.

9 જુલાઈ, 2012 સવારે 11:20 વાગ્યે તેમને હૃદયરોગનો હુમલો આવ્યો. તેને કારણે 97 વર્ષની વયે તેમનું કાનપુર ખાતે નિધન થયું. કેપ્ટન લક્ષ્મીની સ્મૃતિમાં કાનપુર ખાતે 'સેહગલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ' બનાવવામાં આવ્યું હતું.

---

**સંપર્ક : પ્રિન્સિપાલ, માધ્યમિક શાળા,**
**વિજાપુર, જિ. જૂનાગઢ, પીન કોડ : 362015**

**જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અદલ ગુજરાત. -ખબરદાર**

# મેઘાણી વંદના :
# ખાયણાં - વિસરાયેલી વિરાસત

રસિક વાળંદ ('નિર્ઝર')

આઝાદીનો અમૃત મહોત્સવ અને 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીના સુભગ સમન્વય અને ગરિમામય ઉજવણી નિમિત્તે વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્યકૃતિઓ, શૌર્ય રચનાઓ, લોકસાહિત્ય, ગદ્ય-પદ્ય તેમજ અનેક સાહિત્ય કૃતિઓ દ્વારા ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાર્તાઓ કહી છે. આઝાદીના અમૃતમહોત્સવ નિમિત્તે ભારતની આઝાદીના 75મા વર્ષે સૌ સાથે મળીને ભારતને વધુ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ.

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડત વખતે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ગાંધીજી દ્વારા 'રાષ્ટ્રીય શાયર' તરીકે ખ્યાતિ પામેલા સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉજવવામાં આવ્યો હતો.

આઝાદીનો અમૃત મહોત્સવ અને સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે શાળાકક્ષાએ આચાર્યો અને શિક્ષકોના માર્ગદર્શનથી વિવિધ કાર્યક્રમો યોજાય તેમજ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યકૃતિઓ થકી આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઊભો કર્યો હતો તેનાથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે આવશ્યક છે. સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ સ્પર્ધાઓ તેમજ મેઘાણીના જીવન-કવન આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને માહિતગાર કરી શકાય તેમજ ભારતના આઝાદીના સંગ્રામમાં યોગદાન આપનાર આઝાદીના ઘડવૈયાઓના જીવન અને બલિદાન વિશે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં દેશભક્તિ માટે સંસ્કારોનું સિંચન કરી શકાય તેવું આયોજન શાળા કક્ષાએ થાય તે જરૂરી છે.

ગુજરાતી લોકસાહિત્યની વાત આવે એટલે આપણા માનસપટમાં સૌપ્રથમ નામ ઝવેરચંદ મેઘાણીનું આવે. મેઘાણીજી એટલે લોકસાહિત્યનો પર્યાય. એ તો 'પહાડનું બાળક'... જેને સોરઠની વનપ્રકૃતિ અને જનસંસ્કૃતિ હૃદયસ્થ હતી, એટલે દુલાભાયા 'કાગ' કહેતા;

**"હાથ વખાણા હોય, કે વખાણું દિલ વાણિયા,**
**કલમ વખાણું હોય, કે તારી જીભ વખાણું ઝવેરચંદ !!"**

મેઘાણીજી એક એવા સર્જક હતા જેના હાથ, દિલ-કલમ-જીભ સતત એકબીજાના સંવાદમાં રહેતા. હૈયે કશુંક હોય અને હોઠે કશુંક આવે એવું લગીરે બન્યું નથી. એમણે હાથ-કલમ અને જીભ વડે આરાધ્ય દેવતાની ઉપાસના કરી છે.

આપણે આજે 'ગુગલ યુગ'માં જીવીએ છીએ ! ગુગલ એટલે જ્ઞાનનું સર્ચ ઍન્જિન ! જે જાણવું હોય એ ઘડીકમાં હાજર ! પણ આજથી એક સૈકા પૂર્વે તો એવું કહેવાતું, 'પૂછતાં નર પંડિત થાય.' એ ન્યાયે મેઘાણીજીને જીવનપથ પરની રઝળપાટે ફરજિયાત રખડપટ્ટી કરવી પડી... જાત અનુભવે સંસ્કૃત સમાજથી કંઈક નોંખી ન્યારી સંસ્કૃતિનો અનુભવ થયો.

કવિ ઉમાશંકર જોશીએ એમને કૃષ્ણની બંસીની સેવા કરતા નવાજ્યા છે, મેઘાણીજી એટલે સાક્ષાત્ સોરઠ... એ ભૂમિનું સઘળું સારતત્ત્વ મેઘાણીજીની વાણી સ્પર્શથી સજીવન થઈને ગુજરાતીમાં અમરત્વ પામ્યું !

વિદ્વાનો એક કાળે જેને અભણ ગામડિયાનાં ગાણાં ગણાવતા હતા એ લોકસાહિત્યને મેઘાણીજીએ 'ધરતીના ધાવણ' તરીકે ગૌરવપૂર્ણ રીતે ઓળખાવ્યું છે. અમૃતતુલ્ય મીઠું પયપાન બાળકને તંદુરસ્તી બક્ષે એમ નિજાનંદે રચાયેલું લોકસાહિત્ય માનવીને સંસ્કાર, શિક્ષણ અને મનોરંજન પૂરું પાડે છે... લોકજીવન નિરામય રહે છે. આવું લોકસાહિત્ય લોકગીતો, લોકવાર્તાઓ, ભજનો,

**મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે.... - કવિ-ઉમાશંકર જોશી**

ધોળ, સાવળો, સરજુ, છંદ, દુહા, ઉખાણાં, હોળીના ફાગ, છાજિયાં, રાજિયા, મરશિયા ઇત્યાદિ અનેક સ્વરૂપે પથરાયેલું છે. આજની પેઢી માટે તો આ બધું સાવ અજાણ્યું જ હોય તો નવાઈ નહીં. આજના ડિસ્કો સોંગમાં રત યુવા પેઢીએ તો ફટાણાં ક્યાંથી સાંભળ્યા હોય ? આજે તો કોમર્શિયલ લગ્નગીતનો જમાનો આવ્યો !

અમારા ગામમાં ઈશાબા નામનાં મીરાણી મરણ પ્રસંગે છાજિયા લેવડાવતા ત્યારે હૃદયદ્રાવક દૃશ્ય સર્જાતું !

એક કાઠિયાવાડી મિત્ર પાસેથી ખાયણાં વિશે પહેલીવાર જાણ્યું ત્યારે ખૂબ આનંદ થયો. ખાયણાં એટલે ધાન ખાંડતાં ખાંડતાં ખાંડણિયા ઉપર બેસીને ગાવાનાં ત્રણ-ત્રણ નાજુક પંક્તિઓનાં જોડકણાં. જેમાં જીવનના સુખ-દુઃખ, આનંદ, વિટંબણા, વિષાદ અભિવ્યક્ત થાય છે. ખાયણાંની વિષયવસ્તુમાં ભાઈ, બહેન, ભાભી, મા-બાપ, સાસરું, શોક્ય જેવાં પારિવારિક સંબંધો વણાઈ જાય. સોરઠી દુહાની જેમ ખાયણાંમાં મરમ અને મીઠાશ હોય છે. થોડામાં ઘણું કહી દેવાની આગવી છટા જોવા મળે છે.

મેઘાણીજી લખે છે; ''ખાયણાં સરજાયાં છે લગ્ન અવસરને આધારે, છતાં લગ્નના ઉલ્લાસ એમાં આછાં આછાં નહીં જેવા જ ગવાય છે. મુખ્યત્વે ગવાયાં છે સંતાપના, આંતરતાપનાં સ્વરો. ખાયણાંનો ખુદ ઢાળ જ કરૂણાથી ભરેલો છે. પ્રફુલ્લતાની કે વિનોદની ઊર્મિઓનું વહન કરવા જેવું એનું બંધારણ જ નથી. પ્રધાન સૂરો ઊંડા વિલાપનાં છે અને એ વિલાપ કેટલો મર્મવેધક છે તે ખાયણાં સાંભળવાથીજ ખ્યાલ આવે...''

**સરોવરની પાળે મા ને દીકરી મળિયાં,**
**ધ્રુસકે ધ્રુસકે રડિયા,**
**કે સરોવર છલી ગયાં.**

સાસરિયે ગયેલી દીકરી વર્ષોનાં વહાણાં વાયા પછી એક દિવસ તળાવના કાંઠે આવેલા જાતરાના સ્થળે અચાનક મળી ગયાં, ત્યાં શબ્દો થંભી જાય. હૈયાંકપાટ ઉઘડી જાય, દુઃખની વાત જાણીને મા-દીકરી એટલું રોયાં કે એમનાં આંસુથી આખું સરોવર છલકાઈ ગયું. મા-દીકરીના હૈયાના કરુણ ભાવોને અદ્‌ભુત વાચા આપતી અભણ નારીની કુંવારી કલ્પનાનો વૈભવ તો જુઓ.

**મારા તે બાપે રતન કરી રમાડી,**
**જતન કરી જીવાડી;**
**કે પરઘેર સોંપવા.**

**હૈયામાં છે હોળી ને મોંઢે રે દિવાળી,**
**લોકોમાં વિચારી,**
**કે મારે બોલવાં.**

**માડી રે માડી મને ન જોઈએ તારી સાડી,**
**જનમની ઓશિયાળી,**
**કે તારા દૂધની.**

**ભાઈ છે ભોળા ને ભાભી છે ધૂતારી,**
**ભાઈએ તો વિસારી**
**કે ગરીબ બેનડી.**

... આવાં લોકસાહિત્યનાં કિંમતી કણ જેવાં, સાચકલાં મોતી જેવાં મૂલ્યવાન ખાયણાંની પરંપરા જ લુપ્ત થઈ ગઈ છે...

**છંદ, દુહાને સોરઠા... ને સોરઠ સરવાણી...**
**એ તો રોયાં રાતા પાણીએ મરતાં મેઘાણી...**
**તારી કવિતા તણા પીધેલ જેણે પાણી,**
**એને હંધાય સરોવર મોળા લાગે મેઘાણી...**

ગુજરાતી સાહિત્યના સદાબહાર રાષ્ટ્રીય શાયર 'મેઘાણીજી'ને સાદર નમન... !!!

---

**સંપર્ક :** આચાર્ય,
શ્રીમતી એચ.જે.બારોટ માધ્યમિક શાળા,
ભેરૂન્ડા, તા. મોડાસા, જિ. અરવલ્લી

**જય સોમનાથ, જય દ્વારકેશ, જય બોલો વિશ્વના નાથની, સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ યશગાથા ગુજરાતની. - રમેશ ગુપ્તા**

# શ્રીમદ્ ભગવદ્ ગીતામાંથી ટોચના 10 શ્રેષ્ઠ જીવનપાઠ

ડૉ. નિલેષકુમાર જી. જોષી

### 1. પરિવર્તન કુદરતનો નિયમ છે.

શ્રીમદ્ ભગવદ ગીતા અનુસાર, પરિવર્તન એ કુદરતનો નિયમ છે. તેનો અર્થ એ છે કે આપણે બધા જાણીએ છીએ કે આપણા શરીરમાં લાગણીઓ અને ધારણાઓ છે અને આપણી આસપાસ જે કંઈપણ છે તે પ્રવાહની સ્થિતિ છે. તેમ છતાં, જ્યારે કોઈ અમને બદલવા માટે કહે છે ત્યારે તેનો અર્થ એ છે કે સલાહ સ્વીકારવી, અનિચ્છાએ અપાયેલી સલાહનો સખત વિરોધ કરવો. જીવનમાં સફળ થવા માટે વ્યક્તિએ પરિસ્થિતિઓને અનુકૂળ થવું જોઈએ. તેમાં નવીનતા લાવવી જોઈએ અને પછી નવા ઉકેલો સાથે આવવું જોઈએ અને નવી તકોની શોધ કરવી જોઈએ. તેથી, જ્યારે પણ તમે કોઈ પરિચિત સાથે આસપાસના અનુભવોનો આનંદ માણી રહ્યા હો ત્યારે તમારે નવા પડકારો અને નવા પરિવર્તનો માટે તૈયાર રહેવું જોઈએ.

### 2. યોગ્ય પરિપ્રેક્ષ્ય વિકસાવો.

કુરુક્ષેત્ર યુદ્ધ પહેલાં અર્જુન મૂંઝવણ અને હતાશા અનુભવે છે. તેણે યુદ્ધમાં લડવાનો ઈન્કાર કર્યો કારણ કે તે તેની ક્રિયાઓના પરિણામની કલ્પના કરવામાં નિષ્ફળ જાય છે. અર્જુન પિતરાઈ ભાઈઓ સામે લડવા જઈ રહ્યો હતો જે કુટુંબ અથવા રાજાની ગાદી વચ્ચે અટવાઈ જાય છે. તમારી ક્રિયાઓને યોગ્ય રીતે સમજવી એ એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને આપણે જે પણ કરવું જોઈએ તે સમજવામાં મદદ કરે છે. વસ્તુઓની યોજનામાં આપણી ભૂમિકા અને આપણા વલણને આકાર આપે છે.

### 3. વિચારવાની રીત બદલો.

સકારાત્મક વિચારો સંતુલિત પરિપ્રેક્ષ્ય પ્રાપ્ત કરવામાં અને આત્મવિશ્વાસ જાળવવામાં મદદ મળે છે. તે નકારાત્મક વિચારોને દૂર કરવામાં, તમારાં લક્ષ્યોને ચેનલ કરવામાં મદદ કરે છે અને તમને નવા પડકારો સામે લડવા માટે પણ તૈયાર કરે છે. જોકે તે કહે છે કે ક્યારેય પણ તમારા મનને નકારાત્મક વિચારો પર કબજો ન કરવા દો. આભારી બનો, ધ્યાન કરો, સકારાત્મક સાહિત્ય વાંચો અને પરિપ્રેક્ષ્ય પાછા આપો. એવી કેટલીક તક્નિકો છે જે તમને સકારાત્મક વિચારોને ઉત્તેજન આપવામાં મદદ કરી શકે છે.

### 4. મોટાં સ્વપ્ન.

સૌથી નોંધપાત્ર સિદ્ધિઓ કે જેના વિશે આપણે સાંભળીએ છીએ અથવા વાંચીએ છીએ તે મોટાં સપનાં જોવા અને સ્વપ્નને સાકાર કરે છે. તેથી, ગીતા કહે છે કે મોટા સપનાં જોવા વિશે શંકા કરશો નહિ કે ડરશો નહીં અને તેને સાકાર કરવા માટે જરૂરી પ્રયત્નો કરો. તે જ સમયે, સરળ લક્ષ્યોને લીધે ક્યારેક તમારું મન વિચલિત થવા દો નહીં અને તમારું ધ્યાન ગુમાવશો નહીં. તે અઘરું હોઈ શકે પણ અશક્ય નથી.

### 5. કલ્યાણ માટે કામ કરો.

આપણામાંના મોટાભાગના લોકો દ્વારા કરવામાં આવતી ક્રિયાઓ ફક્ત આપણા પોતાના ફાયદા માટે થાય છે. અમે ભાગ્યે જ અન્ય લોકો વિશે ચિંતા કરીએ છીએ કે અમારી ક્રિયાઓ તેમના પર કેવી અસર કરી શકે છે અથવા મોટે ભાગે અમે તેની કાળજી લેતા નથી. ભગવદ્ગીતા કહે છે કે તે સ્વાર્થની માનસિકતા બનાવે છે અને આપણી આસપાસના લોકોમાં પ્રયાણ કરે છે. તે અમુક સમય પછી અથવા અનુભૂતિ પછી આપણા જીવનમાં ખૂબ અસર કરે છે. બીજી બાજુ, નિઃસ્વાર્થપણું આપણને બધા લોકોને શીખવે છે અથવા આપણી આસપાસના લોકોમાં એકતા છે અને એક કુટુંબ છે. આપણે બધા જાણીએ છીએ પ્રસિદ્ધ અવતરણ "વસુધૈવ કુટુંબકમ્"- જેનો અર્થ એ છે કે આપણે બધા એક પરિવાર છીએ. આપણે જે કંઈ પણ પગલાં લઈએ છીએ, તે એવાં હોવા જોઈએ કે તેનો અર્થ વિશ્વને વધુ સારું સ્થાન બનાવવાનો હોય અને આપણી આસપાસના લોકો સાથે જોડાણ કરવામાં મદદ મળે.

### 6. શાંત રહો

શાંતિથી ભરેલું મન આપણા આવેગોને નિયંત્રિત કરવામાં, સ્વસ્થ રહેવા અને સારા અને ખરાબ સમયમાં આશાવાદી બનવામાં મદદ કરે છે. તે તાણને નિયંત્રણમાં રાખે છે અને વિચારોની સ્પષ્ટતામાં મદદ કરે છે, વિકલ્પોની પસંદગી કરે છે અને લાભકારક પ્રયાસો તરફ આપણામાં રહેલી ઊર્જાનું વહન કરે છે. જે જ્ઞાન અનિવાર્યપણે બદલાય છે તે આપણને જીવનમાં શાંત અને તણાવમુક્ત રહેવામાં મોટી ભૂમિકા ભજવે છે.

### 7. તમારા ગુસ્સાને નિયંત્રિત કરો.

આપણે બધાં જાણીએ છીએ કે ગુસ્સો દરેક વસ્તુનો નાશ કરે છે. તે તર્ક કરવાની ક્ષમતાને અવરોધે છે અને મૂંઝવણ અને અરાજકતા તરફ દોરી જાય છે. ગુસ્સો વિચારની સ્પષ્ટતા ઘટાડે છે અને આપણાં લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે આપણું ધ્યાન વિચલિત કરે છે. મનુષ્યની આ અપ્રિય લાગણી નકારાત્મક વિચારોને જન્મ આપે છે અને અપ્રિય, પ્રતિકૂળ અને વિનાશક કૃત્યો કરવા તરફ દબાણ કરે છે. તે પછીથી કોઈને પણ નુકસાન પહોંચાડે છે.

મહાભારતમાં, દુર્યોધનના ક્રોધે તેને તેની સાથે વાજબી વર્તન કરતા અટકાવ્યો અને તેના કારણે તે તેના પિતરાઈ ભાઈઓ સામે ગયો અને કુરુક્ષેત્ર યુદ્ધ થયું.

### 8. નિર્ભય બનો.

ભગવદ્ગીતા કહે છે કે ભય એ દરેક જીવમાં રહેલી આદિકાળની લાગણી છે. મનુષ્યોમાં ભયનો માર્ગ જ્ઞાનની અછત અને પરિણામે લાગણીઓનું સંચાલન કરવામાં અસમર્થતામાંથી પસાર થાય છે. જોકે, નિર્ભય બનવાનો શ્રેષ્ઠ માર્ગ એ છે કે જ્ઞાન અને ડહાપણ મેળવવા માટે તમારા પ્રયત્નો કરો. આ તે વસ્તુઓ છે જે તમને અજાણી હકીકતો સમજવામાં મદદ કરે છે અને તમને તમારા ડર અને ખચકાટમાંથી પણ દૂર કરે છે.

### 9. સહનશીલતા અને ક્ષમા સ્વીકારો.

સહિષ્ણુતા અને ક્ષમા બંને સંબંધને જાળવી રાખવા અને તેને જાળવવા માટે નિર્ણાયક છે. તે પ્રેમ અને સહાનુભૂતિની લાગણીઓ વિકસાવવામાં મદદ કરે છે અને વિભાજનકારી વિચારોથી પણ દૂર થાય છે. આ બે ગુણો મહાભારતમાં પાંડવ ભાઈઓને બંધાયેલા સંબંધના પાયાની રચના કરવા માટે જવાબદાર છે.

### 10. સ્વીકારો કંઈ કાયમી નથી.

તમે તેને ઉદાહરણ આપીને સમજી શકો છો. જેમ કે, દિવસ રાતમાં ફેરવાય છે અને ફરીથી દિવસમાં સ્થાયી નથી હોતો અને તે વારંવાર બદલાતો રહે છે. સફળતા અને નિષ્ફળતા એ અન્ય ઉદાહરણો છે, જે શ્રેષ્ઠ ઉદાહરણ હોઈ શકે છે કે કંઈપણ કાયમી નથી.

જે લોકો ઘણા પ્રયત્નોમાં નિષ્ફળતા પ્રાપ્ત કરી રહ્યા છે તેઓએ આ ઉદાહરણને ધ્યાનમાં રાખવું જોઈએ અને સફળતા માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ. જે લોકો તેમના ખરાબ સમયમાં છે તેમના માટે આ બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ અને જ્યાં સુધી તેઓ ભરતી અથવા તબક્કામાં ફેરફાર ન કરે ત્યાં સુધી સાચવવું જોઈએ. જો કંઈક ખોટું થયું છે તો કંઈક સારું થવાનું છે. તમારા વારાની રાહ જુઓ અને તમારા કામને અનુલક્ષીને કરો.

### નિષ્કર્ષ :

આગળના 10 મુદ્દા તમારા જીવનમાં મોટો બદલાવ લાવી શકે છે. માત્ર તમારે તે સ્વીકારવું જોઈએ અને કોઈપણ શરત વિના તમારું કાર્ય કરવું જોઈએ. સમય તમને તમારા પ્રયત્નો અને સખત મહેનતનું શ્રેષ્ઠ ફળ આપશે. અહીં, મેં તમારી સાથે આ બાબતો રજૂ કરી. કારણ કે હું જાણું છું કે અમારા જેવા મોટાભાગના લોકો ઘણી પરિસ્થિતિઓમાં લડી રહ્યા છે અથવા તેનો સામનો કરી રહ્યા છે જ્યાં તેઓ નિરાશા અને અનિચ્છનીય અનુભવે છે. વળી, હકીકત એ છે કે આપણા પવિત્ર ગ્રંથમાં દરેક પ્રશ્નનો ઉકેલ આપવામાં આવ્યો છે પરંતુ આજનું વિશ્વ વ્યસ્ત બની ગયું છે અને આપણી પાસે આ બૌધ્ધિક અને સદ્ગુણો વાંચવાનો સમય નથી.

---

**સંપર્ક : આચાર્ય, એલ.ડી. હાઈસ્કૂલ, સચીન,**
**તા.ચોર્યાસી, જિ. સુરત.**

**જીવનજંગે જગત ભમ્યા પણ વીસર્યા નહિ ગૃહમાયા,**
**ગૂર્જરીની ગૃહકુંજે અમારું જીવન ગુંજેગુંજે. - કવિ- 'સુન્દરમ્'**

# કરિઅર : એક રાસ્તા હૈ જિંદગી, જો થમ ગયે.. તો કુછ નહીં !

જય વસાવડા

એક મુસાફર બરફીલા પર્વતના શિખરે ચડવા માટે યાત્રા કરતો હતો. રસ્તામાં બરફનું તોફાન હતું. મુસાફર થાકયો હતો, વસ્ત્રો ફાટયા હતા, ખોરાક ઓછો હતો અને જોખમ વધુ હતું. રસ્તામાં એક વિરામસ્થળે એ રોકાયો, એને પૂછવામાં આવ્યું કે આ બધી વિપત્તિઓ વચ્ચે એ પર્વતની ટોચે કઈ રીતે પહોંચશે ?

"હું પહોંચીશ." મુસાફરે ખુમારીથી જવાબ આપ્યો, "કારણ કે મારું હૃદય તો મારી મંઝિલે પહેલાં જ પહોંચી ગયું છે. હવે બાકીના શરીરે તો એને અનુસરવાનું છે."

કરિઅર એટલે કારકિર્દી અને ઍમ્પલોયમેન્ટ એટલે રોજગાર, બંનેમાં ફરક શો ? અત્યારે તો જેમાં વધુ કમાણી એ કરિઅર, એવું સાદું સમીકરણ બેસી ગયું છે પણ વાત આટલી સીધી સાદી નથી. આ તો રોજગારની વ્યાખ્યા થઈ. કામ કરો ને દામ મેળવો. કરિઅરમાં આ બંને ઉપરાંત પણ એક ચીજ છે. એ છે નામ. રેપ્યુટેશન. આ ગીત તો સોનું નિયમ સિવાય બીજું કોઈ ગાઈ જ શકે નહિ એવું જ્યારે કહેવાય, ત્યારે સોનુની કરિઅર બની કહેવાય ! કરિઅર સેલ્ફ આઈડેન્ટિટીનું રિફ્લેકશન છે. એમાં શ્રેષ્ઠ પ્રયત્નો અને શ્રેષ્ઠ પરિણામોની સાધના છે. કરિઅરમાં પાસિંગ માર્ક્સ હોતા નથી, આ 'ધ બેસ્ટ' લોકોની કલબ છે. જ્યાં 100% નહિ, 110%, 150% પરફોર્મન્સ આપવું પડે છે. નહિ તો પબ્લિક શાહરૂખખાનથી લઈને મહેન્દ્રસિંહ ધોનીને દરવાજો બતાવી શકે છે !

પરિણામોની રાહ જોયા વિના જ પરીક્ષાઓ પૂરી થાય કે વાલીઓ ઊંચાનીચા થાય છે. ઊંચા પરિણામને કારણે 'ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ ભક્તન કી ભીડ' જેવો ઘાટ સર્જાયો છે. પેરન્ટસ એમનાં સંતાનોને લઈને ઍડમિશન માટે રેસ લગાવે છે. વૅકેશનમાં જ કોર્સીસ અને ઈન્સ્ટિટ્યૂટસના પ્રોસ્પેક્ટસ મંગાવે છે. તગડી ફી ચૂપચાપ ચૂકવી દે છે. 'અહીંથી ભણ્યા પછી નોકરી મળી જશે ?', 'કેટલો પગાર મળશે ?' એવા સવાલો સ્કૂલ-કૉલેજના કાર્યાલયોમાં પૂછવામાં આવે છે પણ કેટલા સ્ટુડન્ટ્સ કે પેરન્ટસ પોતે જે કોર્સ કરવા માંગે છે એનો ત્રણ-ચાર-પાંચ વર્ષનો કરિક્યુલમ (અભ્યાસક્રમ) મેળવીને રજાઓમાં વાંચે છે ?

એમાંનું શું સહેલું કે અઘરું લાગે છે - એનું સેલ્ફ ઍનાલિસિસ કરે છે અને પછી જે-તે કોર્સ કરવાનો નિર્ણય લે છે ? તેજસ્વી વિદ્યાર્થીના પ્રત્યક્ષ કે પરોક્ષ ઈન્ટરવ્યૂઝ લેવાય છે પણ તેજસ્વી તારલાઓ કેમ એવી માંગ નથી કરતા કે, 'અમને જે ભણાવવાના છે, એ શિક્ષકોને અમારે મળવું છે. એમની ગુણવત્તા પારખવી છે. અમારે ટ્રાયલ માટે કેટલાક લેકચર્સ ભરીને ડિસિશન લેવું છે!' ધક્કામુક્કીમાં બધાને પૈસા ચૂકવી દેવા છે, પણ સંગઠિત બનીને આવી વાજબી માંગણીઓ કરવી નથી, બેગર્સ આર નો ચૂઝર્સ ! કરિઅર શિયાળવાની લાળીથી નથી બનતી, સિંહની ડણકથી બને છે!

કરિઅર પસંદ કરવાના આપણાં કારણો અને તારણો વિચિત્ર છે. શેરબજારની માફક આજના પગાર અને તકોના આધારે કોર્સનો નિર્ણય લેવાઈ જાય છે. પાંચ વર્ષ પછીની સ્થિતિનો કોઈ અંદાઝ મૂકતું નથી. બહેનપણી કે ભાઈબંધને પૂછીને એની પાછળ-પાછળ એ જ કોર્સ કે સંસ્થામાં દાખલ થવાના નિર્ણય લેવાઈ જાય છે. (એ બહેનપણી કે ભાઈબંધે વળી વડીલોના આંગણી ચિંધામણથી બીજા કોઈને પૂછ્યું હોય છે!) કોઈ જાગૃત માતા-પિતા વળી સાહેબ લોકોને પૂછીને સર્વેક્ષણ કરે છે. પોતે ધારેલા અનુમાન પર એમને બીજા લોકોનો સ્ટેમ્પ મરાવવો હોય છે, જેથી ભવિષ્યમાં પ્રોબ્લેમ્સ થાય તો એમની કશી જવાબદારી જ નહિ ! સવાલ એ થાય તો વળી કરિઅર ચોઈસ માટે કોને પૂછવું ?

એને, જેને આપણે સૌથી ઓછી સાંભળીએ છીએ !

**'સર્વ ધર્મ સમ, સર્વ ધર્મ મમ્'- ઉર એ રહો પ્રકાશી.**
**હું ગૂર્જર ભારતવાસી. - ઉમાશંકર જોશી**

મતલબ, જાતને ! જેલમાં જન્મટીપ હોય તો 14 વર્ષે બહાર આવી શકાય છે. કરિઅરમાં જીવો ત્યાં સુધીનો સમય વીતાવવાનો રહે છે. આપણી સ્ટ્રેન્થ અને વિકનેસને ઓળખો. પ્લે ઑન યોર સ્ટ્રેન્થ. તમારા પ્લસ પોઈન્ટ મુજબ સપનાંઓ સિલેક્ટ કરો !

બેસ્ટ કરિઅર ચોઈસ માટે બંદાની 'ફોર-ટી' ફોર્મ્યુલા છે. 'ફોર ટી' યાને ટાઈમ, ટેસ્ટ, ટ્રેઝર, ટેલેન્ટ. જે તે કરિઅર જમાવવા માટે જેટલો સમય આપવો પડે એ આપણી પાસે છે કે નહિ ? એટલી ધીરજ છે ? બીજા કશા પરિબળો નડે એમ નથી ને ? ભવિષ્યમાં કંટાળો નહિ આવે ને ? ભવિષ્યનો સમય આ કરિઅરમાં આનંદમાં જશે ને ? પાછળથી સમયની 'તાણ' મનનો સ્ટ્રેસ નહિ વધારે ને ?

બીજી અને સૌથી મહત્ત્વની વાત ટેસ્ટ. એટલે પરીક્ષાની વાત નથી. આ વાત છે ટેસ્ટ યાને સ્વાદની. આપણા રસ અને રૂચિની. ન ગમતા ક્ષેત્રમાં રસ ન પડે. રસ ન પડે તો સમય ન અપાય. સમય ન અપાય તો ગુણવત્તા ન જળવાય. ગુણવત્તા ન હોય તો કશું યાદ ન રહે. યાદ ન રહે તો નિષ્ણાત ન બનાય. નિષ્ણાત ન બનો તો કરિઅર ન બને ! અને તમને ગમતું કામ કરો, તો થાક ન લાગે !

ત્રીજું ટ્રેઝર, યાને ખજાનો. જે-તે કારકિર્દી ઘડવા માટે કેટલા રૂપિયા રોકી શકાય તેમ છે ? કરિઅર રિસોર્સીસ વિના બનતી નથી, બુક્સ, સીડી, કમ્પ્યૂટર, ટ્રાવેલિંગ... આ બધો બેસ્ટ કરિઅર માટેનો ખર્ચ નથી. રોકાણ છે, જેટલું વધુ ઈન્વેસ્ટમેન્ટ એટલું સારું રિટર્ન અને વધુ વળતર જોઈએ, તો રોકાણ ટૂંકા ગાળાનું નહિ, પણ લાંબા ગાળાનું જોઈએ. સદ્નસીબે, ટેલેન્ટેડ વ્યક્તિ પૈસાના અભાવે ભણી ન શકે એ યુગ ગાડાઓ અને ફાનસોની સાથે જ આથમી ગયો છે.

ચોથું, ટેલેન્ટ. સિંગર બનવું હોય તો નેચરલ વોકલ કોર્ડ્સ જોઈએ. સોલ્જર બનવું હોય તો ફિટનેસ. ચિત્રકાર બનવા માટે કલ્પનાના રંગો અને એક્ટર બનવા માટે મિમિક્રીની આવડત. ચેક કરી લો. ફિલ્મ ડાયરેક્ટર બનવું હોય તો મોબાઈલમાં મૂવી ઉતારી જુઓ અને ક્રિકેટર બનવા માટે સીઝન બોલથી રમવા જાવ. લિમિટ ખબર પડે તો ખ્યાલ આવે કે સપનાં જેટલી ક્ષમતા છે કે નહિ !

તો યારો, પૂછો તમારી જાતને ! તમે આજથી 10 વર્ષ પછી તમારી જાતને ક્યાં જોવા માંગો છો ? આંખો મીચો અને વિચારો ! તમારી અવસાન નોંધમાં તમે શું કરી ગયા, એવું લખાય તો તમને સંતોષ થાય ? બધા પાસે ફક્ત એક જ જિંદગી હોય છે. એમાં તમબને મજા પણ આવે અને કંઈક જગત નોંધ લે એવું કરી બતાવો એવો ઉપયોગ કેમ કરી શકાય ? જે જવાબ મળે, એમાં કરિઅર શોધવાનો પ્રયત્ન કરો !

કરિઅર ખોળામાં ટપકી પડતું પાકું ફળ નથી. એનું વાવેતર કરી એને ઉછેરવું પડે છે, પકાવવું પડે છે. 'આઈ એમ ધ બેસ્ટ'નાં ગીતો ગાવાથી શાહરૂખખાનની પણ કેરિયર બની શકે. ટોપ ઉપર જગ્યા હંમેશાં ખાલી હોય છે. શિખર હોવું જોઈએ.! અને શિખર પર પહોંચવા માટે એક એક પગથિયાં ચડવા પડે.

21મી સદીનો કરિઅર મંત્ર 25 વર્ષ અગાઉ વિચાર્યો હતો ! અર્ન ફાસ્ટ, લર્ન ફાસ્ટ ! બધાને ઝટપટ અર્નિંગ (કમાણી) જોઈએ છે, પણ કોઈને લર્નિંગ (શીખવા) માટે સ્પીડ પકડવી નથી ! લાગવગની ચિઠ્ઠીઓ કે નસીબના જોરે તક મળે છે., પણ તક જાળવી શકાતી નથી. ઈનામમાં મળેલી કારને પણ ચલાવવા માટે ડ્રાઈવિંગ શીખવું પડે છે. કાર મફત મળી શકે, ડ્રાઈવિંગની સ્કિલ અર્થાત્ આવડત નહિ !

દુનિયામાં 'ધ બેસ્ટ કરિઅર' જેવી કોઈ ચીજ નથી. હોય છે 'ધ બેસ્ટ' માણસો. એ જે કરિઅરમાં - ઝુકાવે, તેને નવી ઊંચાઈએ લઈ જાય છે. કુદરતે ગુલાબ અને ગલગોટા બંને બનાવ્યા છે. કોયલ અને કાગડા બંનેનું એને મન મહત્ત્વ છે. પરાણે કોઈ ગલગોટો ગુલાબ થવા જાય કે કાગડો કોયલ થવા જાય તો... યસ, યુ નો ઈટ. બાવાના બેઉ બગડે. એટલે જ આસપાસ બીજાઓ સાથે સરખામણી કરવાને બદલે સ્પર્ધા જાત સાથે કરો. આપણે ગઈકાલે હતા, એનાથી આજે વધુ બહેતર બન્યા ? ગયા વર્ષ કરતાં આ વર્ષે આપણા બાયોડેટામાં કશું ઉમેર્યું ? આપણી પાસે ગયા મહિના કરતાં આ મહિને થોડા નવા વિચારો આવ્યા ? ઈફ

**વિશ્વસભામાં સહુ સંગે તવ આસન જોઉં નજૂમી,**
**જય જય ગૂર્જરભૂમિ ! - કવિ- 'ઉશનસ્'**

યસ, યુ આર ઑન રાઈટ ટ્રેક.

'મૈં ખિલાડી, તું અનાડી' ફિલ્મમાં અક્ષયકુમારનો એક ડાઈલોગ બહુ ગાજ્યો હતો, જેમાં શુટિંગમાં રિહર્સલ કરી, રિટેક આપી આપી ઍકટિંગ કરતા હીરો સૈફ અલીને એ રિયલ ઈન્સ્પેકટર કહે છે. "આ જિંદગી છે, ફિલ્મનું શુટિંગ નથી, યહાં પે હમેં સિર્ફ એક ટેક મિલતા હૈ !"

પહેલાં કરતા આજે કરિઅર સ્વીચ ઓવર બેશક વધુ આસાન છે. ડૉકટર સિંગર બની શકે છે, અને ઍન્જિનિયર પોલિટિશિયન ટીચર ઈન્ડસ્ટ્રિયાલીસ્ટ બને અને ઍકાઉન્ટન્ટ ઍજ્યુકેશનીસ્ટ ! પણ અગેઈન ફિલ્મી ડાયલોગ ફટકારીએ તો સૈફ અલી 'રેસ'માં બોલે છે તેમ, 'મૈ સૌચ કર ફૈંસલા કરતા હું, ફૈસલા કર કે સૌચતા નહીં.'

રજાઓમાં મજા કરતા કરતા દિમાગની બત્તી જલાવતા જાવ.ક્યો કોર્સ સારો ! કઈ ઈન્સ્ટિટયૂટમાં પ્લેસમેન્ટ મળશે ? કઈ કરિઅરનું ફ્યુચર બ્રાઈટ છે હ આવું બધું પૂછવાને બદલે એક લિસ્ટ બનાવો. જે આવડે છે જેમાં રસ છે એ બાબતો પ્લસ સાઈડમાં, જે નથી આવડતું, નથી ફાવતું એ માઈનસ સાઈડમાં. કમ્પેર કરી નક્કી કરો કે થોડી મહેનત, માર્ગદર્શન, મુદત પછી કેટલા ઉધાર પાસાઓ, જમા બાજુએ આવી શકશે ? અને પછી જે કરિઅર ગમતી હોય એના લાંબા ગાળાના ફિચર્સ વિચારો. આપણી કેટલી એસેટ્સ (પ્લસ પોઈન્ટ્સ) એમાં ફિટ થશે અને કેટલી નબળાઈઓ સ્પીડબ્રેકર બનશે, એ નક્કી કરો. વન્સ યુ મેઈક ડિસિશન... જસ્ટ ગો ફોર ઈટ.. ! ઑલ ધ બેસ્ટ !

**('કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-2020'માંથી સાભાર)**

## બાળકો વિશે આટલું સમજી લઈએ....

- બાળક નાનું છે, પરંતુ તેને પોતાનું વ્યક્તિત્વ છે, માટે તેનો સ્વીકાર કરીએ, સન્માન કરીએ.
- બાળક સ્વભાવથી વ્યવસ્થાપ્રિય છે.
- બાળકને સ્નેહ, સલામતી, પ્રોત્સાહન અને હૂંફની ખૂબ જરૂર છે.
- બાળકની પ્રકૃતિ કુતૂહલપ્રિય અને રમતપ્રિય હોય છે. તેને ખોલવું, જોડવું, તોડવું, કંઈક નવું બનાવવું અને નવી નવી રમતો રમવી ખૂબ જ ગમે છે.
- બાળકને તેના ગજાની સમસ્યાઓ જાતે ઉકેલવામાં રસ પડે છે. આવી મથામણ તેને ગમે છે.
- મોટા કરી શકે તે બધાં જ કામ જાતે કરવાની અને તે કરવા માટેની શક્તિ કેળવવાની બાળકને હોંશ હોય છે.
- દરેક બાળક મૈત્રી અને પ્રેમ ઝંખે છે અને તેને જૂથમાં રહેવું ગમે છે.
- બાળકની કલ્પનાશક્તિ ખૂબ તેજ હોય છે. તેની આ શક્તિને તે બોલવામાં, ચિત્રો દોરવામાં સારી રીતે અભિવ્યક્ત કરે છે.
- બાળક જોઈ જોઈને, અનુકરણથી અને જાતે અનુભવીને, જાતે કરીને સારી રીતે શીખે છે.
- બાળકને જવાબદારી ગમે છે. જવાબદારીભર્યું કામ કરવામાં તેનું સ્વાભિમાન પોષાય છે.
- બાળકને નકારાત્મક સૂચનો કરતાં હકારાત્મક સૂચનોની અસર વધુ થાય છે. તેને ઉપદેશ, આદેશ, શિખામણ કરતાં મૈત્રીભાવથી, પ્રેમથી કરાયેલું સૂચન વધુ ગમે છે.
- બાળકની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ તીવ્ર હોય છે.
- બાળક શાળાએ આવે છે તે પહેલાં કુટુંબ તથા સમાજમાંથી ઘણું શીખીને આવેલું હોય છે. ભાષાવિકાસની દૃષ્ટિએ તે પુખ્ત થઈને આવે છે.
- બાળકને પાણી, માટી અને રેતી સાથે રમવું ખૂબ જ ગમે છે. તેમાં તરતી કે તેમાંથી બનતી ચીજો બનાવવી તેને ગમે છે.
- બાળક સમવયસ્ક પાસેથી વધુ ઝડપથી શીખે છે.
- બાળક તેને ગમતી પ્રવૃત્તિમાં વધુ એકાગ્ર થઈ શકે છે. તેના માટે સમયાંતરે પ્રવૃત્તિ બદલવી જોઈએ. શિક્ષકે બાળકની આવી સ્વભાવવૃત્તિઓ અને શક્તિઓનો લાભ લઈને શિક્ષણ આપવું કે પ્રવૃત્તિઓ દ્વારા તેને કેળવવા.

**(સંકલન)**

**છે ભવ્ય તુજ ભૂગોળ ને ઈતિહાસ તારો ઉચ્ચતમ,**
**વંદન તને શત્ શત્ તું મારી પ્રાણપ્યારી માત છે! - કરસનદાસ લુહાર**

# ક્રિયાત્મક સંશોધન

રાકેશભાઈ કે. પટેલ

આ ક્રિયાત્મક સંશોધન ધોરણ 11ના નામાના મૂળતત્ત્વો વિષય અંતર્ગત કરવામાં આવ્યું છે. ધોરણ 10 પછી વિદ્યાર્થીઓને કોમર્સમાં આવ્યા પછી નામાનાં મૂળતત્ત્વો (ઍકાઉન્ટ) વિષયમાં રુચિ વધે અને તેમની વિષયમાં પડતી તકલીફો દૂર કરવા માટે આ એક નાનકડું સંશોધન હાથ ધરવામાં આવ્યું છે, જેનો સાર આ મુજબ રજૂ કર્યો છે.

## સમસ્યા

"ધોરણ 11ના વિદ્યાર્થીઓ કોમર્સના નામાનાં મૂળતત્ત્વો વિષયમાં તકલીફ અનુભવે છે."

## સમસ્યાક્ષેત્ર

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની કે.આર. પટેલ ઍન્ડ એમ.એમ. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, પારસાના ધોરણ 11 ના 11 વિદ્યાર્થીઓ પૂરતું જ આ સમસ્યાનું ક્ષેત્ર મર્યાદિત છે.

## સમસ્યાના સંભવિત કારણો

- વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષયમાં રસ હોય.
- વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષયના મૂળભૂત સિદ્ધાંતોની સમજ ના હોય.
- વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્ત્વો વિષયને ગણિતના વિષય સાથે સરખાવે છે.
- વિદ્યાર્થીઓને ગણતરી કરવી કે દાખલા ગણવા ગમતા ના હોય.
- વિદ્યાર્થીઓની નામાનાં મૂળતત્ત્વો વિષયમાં પાયાના શિક્ષણની સમજ વ્યવસ્થિત ના હોય.
- વિદ્યાર્થીઓના મનમાં વિષય અઘરો છે એવો ખોટો પૂર્વગ્રહ બંધાઈ ગયો હોય.
- વિદ્યાર્થીઓને વિષય કંટાળાજનક લાગતો હોય.
- વર્ગખંડમાં બીજા વિદ્યાર્થીઓનો સહકાર મળતો ના હોય.
- વિદ્યાર્થીઓમાં તાર્કિક શક્તિનો અભાવ હોય.

## માહિતીનું એકત્રીકરણ

**સંશોધકે માહિતીનું એકત્રીકરણ નીચે દર્શાવેલ રીતોથી કર્યું.**

- નામાનાં મૂળતત્ત્વો (ઍકાઉન્ટ) વિષય શીખવતી વખતે વચ્ચે-વચ્ચે વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછતા.
- વિદ્યાર્થીઓને જાતે આમનોંધ કરવા ઊભા કરતા.
- એકમને અંતે લીધેલી કસોટી પરથી.

## અભ્યાસના હેતુઓ

1. વિદ્યાર્થીઓનો નામાનાં મૂળતત્ત્વો (ઍકાઉન્ટ) વિષયમાં રસ વધે.
2. વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્ત્વો (ઍકાઉન્ટ) વિષયના પારિભાષિક શબ્દોને સમજે.
3. વિદ્યાર્થીઓને હિસાબીનોંધ કરતા આવડે.
4. વિદ્યાર્થીઓ જાતે આમનોંધ કરે અને દાખલા કરી શકે.
5. વિદ્યાર્થીઓ કંપની અને ધંધાકીય વ્યવહારોમાં વપરાતા જરૂરી ખાતાઓ અંગેની માહિતી એકઠી કરી શકે.

## ઉત્કલ્પનાઓ

- જો શિક્ષક વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષયનો અભ્યાસ કરાવતી વખતે સૌપ્રથમ નામાના મૂળભૂત સિદ્ધાંતોની સમજ આપે તો વિદ્યાર્થીઓ હિસાબી અર્થ સરળતાથી સમજી શકે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા

શિક્ષણ આપે તો વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્ત્વો વિષયમાં રસ લેતા થાય.

- જો શિક્ષક વિદ્યાર્થીઓને રસપ્રદ ઉદાહરણ આપે તો વિદ્યાર્થીઓ સરળતાથી નામા પદ્ધતિની આમનોંધ સમજી શકે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને પદ્ધતિસરની રીતથી દાખલા શીખવે તો વિદ્યાર્થીઓ સરળતાથી ગણતરી કરી શકે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિશેની સાચી સમજ આપે તો વિદ્યાર્થીઓનો પૂર્વગ્રહ દૂર થઈ શકે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓ અને તેમના વચ્ચેની ગેરસમજ દૂર કરી, સારા સંબંધો સ્થાપિત કરવામાં આવે તો વિદ્યાર્થીઓની વિષયમાં રૂચિ વધે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને કથનના બદલે T.L.M. દ્વારા કે પ્રવૃત્તિ કરીને સમજાવે તો વિદ્યાર્થીઓ સરળતાથી સમજી શકે.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને જાતે પ્રવૃત્તિ કરતા કરે તો વિદ્યાર્થીઓમાં તાર્કિક શક્તિનો વિકાસ થાય.
- જો શિક્ષક વિદ્યાર્થીઓને ટી.એલ.એમ., મૉડેલ અને ચાર્ટ જરૂરી સાધનસામગ્રીની માહિતી આપે તો વિદ્યાર્થીઓ સરળતાથી પારિભાષિક શબ્દો અને હિસાબી નોંધ સમજી શકે.
- જો શિક્ષક ઈન્ટરનેટના માધ્યમથી YOUTUBE માં વીડિયો બતાવે તો વિદ્યાર્થીઓ સરળતાથી દાખલા શીખી શકે.

### પ્રયોગકાર્યની રૂપરેખા

- અન્ય શિક્ષક સાથે મુલાકાત અને ચર્ચા
- રમતગમત દ્વારા સમજૂતી
- ચિત્રો અને ચાર્ટ્સ દ્વારા સમજ
- Youtube માંથી અને જાતે બનાવેલ વીડિયોના માધ્યમ દ્વારા સમજૂતી
- મૂલ્યાંકન કસોટી

### મૂલ્યાંકન

- વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષય પ્રત્યે અણગમો ઓછો થયો.
- વિદ્યાર્થીઓને ચિત્રો અને ચાર્ટ્સ દ્વારા ભણવાની વધુ મજા આવી અને વધારે યાદ રહ્યું.
- વિદ્યાર્થીઓ નાટ્યકરણ દ્વારા ભણતા થયા.
- વિદ્યાર્થીઓ સ્વાધ્યાય કરવા માટે રસ દાખવતા થયા.
- વિદ્યાર્થીઓ વર્ગખંડમાં ઊભા થઈને ઉદાહરણો આપતા થયા.
- તેઓ એકમમાં રહેલા અઘરા શબ્દોની યોગ્ય સમજૂતી મેળવી પોતાની રીતે દાખલાની ગણતરી કરતા થયા.
- વિદ્યાર્થીઓ દરેક એકમના અંતે કસોટી આપી સારા ગુણ મેળવતા થયા.

### તારણ, પરિણામ અને અનુકાર્ય

- ધોરણ 11 ના વર્ગના 90 ટકા વિદ્યાર્થીઓનો નામાનાં મૂળતત્ત્વો વિષય પ્રત્યેનો અણગમો દૂર થયો અને વિદ્યાર્થીઓ નામાનાં મૂળતત્ત્વો વિષય પ્રત્યે રસ દાખવતા થયા.
- વર્ગખંડમાંથી 85 ટકા વિદ્યાર્થીઓએ નાટ્યકરણમાં ભાગ લીધો અને 10 ટકા વિદ્યાર્થીઓએ અવલોકન કર્યું. જ્યારે પાંચ ટકા વિદ્યાર્થીઓ નીરસ રહ્યા.
- વર્ગખંડમાંથી 89 ટકા વિદ્યાર્થીઓને પાઠના અંતે મૂલ્યાંકન કસોટી આપવી ગમી.

આમ, આ ક્રિયાત્મક સંશોધનના મૂલ્યાંકનને આધારે કહી શકાય કે વિદ્યાર્થીઓને નામાનાં મૂળતત્ત્વો વિષયમાં પડતી મુશ્કેલી દૂર થઈ શકી.

---

**સંપર્ક : કે. આર. પટેલ ઍન્ડ એમ.એમ. પટેલ**
**સાર્વજનિક હાઈસ્કૂલ, પારસા**
**તા. માણસા, જિ. ગાંધીનગર.**

**જ્યાં ગૂર્જરી હો ત્યાં ત્યાં ખુશ્બો વતનની આવે,**
**એનાં તમામ સ્વપ્નો આબે-હયાત લાવે. - દિલીપ જોશી**

# સંસ્કૃત ભાષાનું શિક્ષણ : નવી શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં

ડૉ. પૂજા આર. કેવડિયા

વૈદિકકાળથી લઈને 19મી સદીના મધ્યભાગ સુધી ભારતમાં શિક્ષણ માટે ગુરુકુળની વ્યવસ્થા હતી જેમાં શિક્ષણનું માધ્યમ સંસ્કૃત અને પ્રાદેશિક ભારતીય ભાષાઓ હતી. પ્રાચીન સમયમાં ભારતીય શિક્ષણપ્રણાલી અને સંસ્કૃત ભાષાની તાકાતથી જ ભારત વિશ્વગુરુ બન્યું હતું.

હું સંસ્કૃત વાણી સમગ્ર રાષ્ટ્રની છું. રાષ્ટ્રને સમૃદ્ધ કરી શકું છું. હું વિદ્યાનો ભંડાર છું, જેનું સન્માન કરવામાં આવે છે એમાં હું પ્રથમ સ્થાને છું.

ભારતની આઝાદી પછીના સમયમાં પ્રાદેશિક ભાષાઓ તેમજ સંસ્કૃતનો જોઈએ એટલો વિકાસ થઈ શક્યો નથી. કારણ કે 200 વર્ષના અંગ્રેજોના શાસનકાળ દરમિયાન અસ્તિત્વમાં આવેલી શિક્ષણપ્રણાલીએ પ્રાચીન ઉત્કૃષ્ટ વિજ્ઞાન પરંપરા, ભારતીય સમાજવ્યવસ્થા, ભારતીય હોવાનું ગૌરવ આપણને ભુલાવી દીધા છે. પાશ્ચાત્ય વિદ્વાનોના નામે પ્રસિદ્ધ થયેલા આધુનિક યુગના અનેક સંશોધનો પ્રાચીન સમયમાં હજારો વર્ષો પહેલાં ભારતના વિદ્વાન ઋષિ-મુનિઓએ કર્યા હતા. આવાં સંશોધનોના સંદર્ભો પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. આ પ્રાચીન વિજ્ઞાન પરંપરા અને ઈતિહાસને ઊજાગર કરતું શિક્ષણ આજની નવી પેઢીને આપવું જરૂરી છે.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એક ક્રાંતિકારી પગલું છે. તેનું ધ્યેય છે કે વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રીતે વિકસિત અને કુશળ બનાવવા. એ ઉપરાંત એવી શિક્ષણનીતિ હોય જ્યાં જીવંત ભારતીય સંસ્કૃતિનું દર્શન રજૂ થાય. નવી શિક્ષણનીતિમાં જીવંત ભારતીય સંસ્કૃતિનું દર્શન એટલે સંસ્કૃત ભાષાની જરૂરિયાત.

ભારતીય સંસ્કૃતિને સંસ્કૃત ભાષા વિના કલ્પી ન શકાય. સંસ્કૃત ભાષાના માધ્યમથી જ જ્ઞાન, વિજ્ઞાન, કલા, દર્શન, ધર્મ વગેરે શીખવવામાં આવતા હતા. આજની નવી પેઢીને પણ નવી શિક્ષણનીતિના માધ્યમથી વિવિધ સ્તર પર સંસ્કૃત શિક્ષણ અનિવાર્ય બનાવવું જોઈએ. જોકે નવી શિક્ષણનીતિ કહે છે તેમ મિડલ સ્કૂલ અને હાઈસ્કૂલ શિક્ષણ દરમિયાન તમામ શાળાઓમાં આ ભાષાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પરંતુ ભાષાવૈજ્ઞાનિકોનું માનવું છે કે જીવનના 18 મહિનાથી 48 માસ સુધીનો કાળ મનુષ્ય માટે ભાષા અધિગ્રહણનો સર્વશ્રેષ્ઠ કાળ હોય છે. ત્રિભાષા સૂત્ર હેઠળ ગુજરાતમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દીનો અભ્યાસ નાના ધોરણમાં શરૂ થઈ જાય છે, પરંતુ સંસ્કૃતનું અધ્યયન છઠ્ઠા ધોરણથી શરૂ થાય છે ત્યારે ભાષાઓને ગ્રહણ કરવાની અવસ્થા પસાર થઈ ચૂકી હોય છે. જો ધોરણ ત્રણથી બાળકોને સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે તો નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સંવર્ધન તો થાય જ છે સાથે-સાથે સંસ્કૃત ભાષાનું જ્ઞાન તે પ્રાપ્ત કરી શકે.

अंतरिक्षगताभगणज्ञान जलनिधितलगतसृष्टिज्ञानाम
परमाणुनाम अंतः ज्ञानम, सकल लोकहित
सुखार्थ मनीशमा । परंपरा वर्धताम ॥

સંસ્કૃતનું જ્ઞાન પ્રાપ્ત કરેલો વિદ્યાર્થી પ્રાચીન ગ્રંથોમાં રહેલા જ્ઞાન-વિજ્ઞાનના ગ્રંથોનો અભ્યાસ કરી આધુનિકતા સાથે પ્રાચીન ઉત્કૃષ્ટ જ્ઞાનનું સંયોજન કરી સર્વાંગી વિકાસ સાધી શકે. આજની પેઢીને આ મહાન વારસાથી પરિચિત કરાવવા માટે નીચેની હકીકતોથી તેમને માહિતગાર કરવા પડે.

**વર્ષો પછી નકશો નવો દોરાય છે ગુજરાતમાં,**
**વર્ષો પછી તાજી હવા ફોરાય છે ગુજરાતમાં. - ધૂની માંડલિયા**

## સંસ્કૃત ગ્રંથોમાં આલેખાયેલ શાસ્ત્રજ્ઞાન

વિશ્વની અન્ય સંસ્કૃતિઓ હજુ પ્રારંભિક વિકાસના તબક્કામાં હતી ત્યારે ભારત જ્ઞાન-વિજ્ઞાનની સાથે સાથે તંત્રજ્ઞાન, તત્ત્વજ્ઞાન, શીલ, સાહિત્ય, કલા, સંગીત, અધ્યાત્મમાં અર્થવ્યવસ્થા વગેરે ક્ષેત્રોમાં ખૂબ જ પ્રગતિ કરી ચૂક્યું હતું. 2020ની નવી શિક્ષણનીતિ પણ આ બાબતની નોંધ લે છે, હજારો વર્ષ પૂર્વે સંસ્કૃત ભાષામાં ઉપરોક્ત તમામ જ્ઞાન અસ્તિત્વમાં હતું. નવી શિક્ષણનીતિના આવિર્ભાવ સાથે અનેક શાસ્ત્રોક્ત બાબતો નવાં પાઠ્યપુસ્તકોમાં યોગ્ય પ્રમાણ સાથે ઉમેરાય તો ભારતીયો પોતાના ગૌરવશાળી ઇતિહાસ વિશે જાણી શકે અને એમનામાં સ્વાભિમાન જાગૃત થાય.

- ગણિત વિષયનાં પાઠ્યપુસ્તકોમાં શરૂઆતમાં એ ઉલ્લેખ અવશ્ય હોય જ કે શૂન્યની શોધ હાલમાં વપરાતી નંબર સિસ્ટમ, દશાંશ (ડેસીમલ), કેલ્ક્યુલેસ, અંતરનું માપન વગેરે ભારતીય વૈજ્ઞાનિક ભાસ્કરાચાર્ય (લીલાવતી), આર્યભટ્ટ (આર્યભટ્ટિયમ), વરાહમિહિર જેવા મહર્ષિઓએ કરેલ હતી.
- ભૂમિતિનાં પાઠ્યપુસ્તકોમાં એ બાબતનો ઉલ્લેખ અવશ્ય કરવો કે પાયથાગોરસ થિયરીનો પ્રથમ ઉલ્લેખ વેદોના અંગ ગણાતા કલ્પશાસ્ત્રનો શૂલવસૂત્રોમાં મળી આવે છે. એ ઉપરાંત જ્યામિતિ, ત્રિકોણમિતિ, વૈદિક ગણિત, વેક્ટર ગણિત જેવી પદ્ધતિઓ ભારતમાં જ જન્મી અને વિકસી છે.
- ભૂગોળ અને ખગોળ શાસ્ત્રનાં પુસ્તકોમાં ભારતીય યજુર્વેદમાં દર્શાવેલ યજ્ઞ વખતનાં મુહૂર્તો દરમિયાન અવકાશમાં ગ્રહોની સ્થતિ, જ્યોતિષવિદ્યાનું ગણિત, નક્ષત્રોનું વર્ણન, યાજ્ઞવલ્કય સ્મૃતિમાં દર્શાવેલી નક્ષત્ર વિથીઓ, આશ્વલાયન સૂત્રમાં ધ્રુવ અને અરુંધતીના તારાઓનું વર્ણન વગેરેનો ઉલ્લેખ હોવો જરૂરી છે.
- વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકોમાં ઉલ્લેખ હોવો જોઈએ કે અગસ્ત્ય સંહિતામાં વીજળીની શોધનો સર્વ પ્રથમ ઉલ્લેખ છે. રામાયણનું પુષ્પક વિમાન તેમજ મહાભારતના યુદ્ધનું વર્ણન હસ્તિનાપુરના મહેલમાં થવું એ બાબતો હજારો વર્ષ જૂના વિજ્ઞાનનો ઉલ્લેખ કરે છે.
- મૅડિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને એ જણાવવું જોઈએ કે આયુર્વેદ શાસ્ત્રના ત્રણ મુખ્ય ગ્રંથો ચરક સંહિતા (શરીરવિજ્ઞાન), સુશ્રુત સંહિતા (સર્જરી વિજ્ઞાન), કશ્યપ ઋષિએ લખેલી કશ્યપ સહિતા (બાળરોગ) વગેરેનાં વર્ણનો તેમજ ઋગ્વેદના મંત્રોમાં નિર્દિષ્ટ દેવતાઓના વૈદ્ય એવા અશ્વિનીકુમારોએ વૃદ્ધ ચ્યવન ઋષિને નવયૌવન પ્રદાન કર્યાનાં ઉલ્લેખો, રાજા ખેલની પત્ની વિસ્પલાનો પગ યુદ્ધમાં કપાઈ જતા તેને લોખંડની જંઘા જોડી અને સર્જરી કર્યાનાં ઉદાહરણો મળી આવે છે.

कणाद सुश्रुत पतंजलिना, ब्रह्मगुप्त भास्कर आदिकाम ।
ज्ञान निधिनाम विबुध्वराना, सत्यसनातनतत्त्व दर्शिनाम ॥

**નીચે દર્શાવેલ બાબતોની જાણકારી વિદ્યાર્થીઓને હોવી જરૂરી છે :**

- ખગોળશાસ્ત્રની પરંપરા વેદકાળ જેટલી જ પ્રાચીન છે. યજ્ઞ સંપન્ન કરવા માટે ઉચિત સમય જોવા ખગોળશાસ્ત્રનાં સિદ્ધાંતોનો પ્રયોગ થતો હતો. બ્રહ્માંડમાં ગ્રહોની સ્થિતિ નક્ષત્ર વગેરેનું વર્ણન કરનારા ગ્રંથો સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે.
- ભાસ્કરાચાર્ય દ્વિતીયના 'સિદ્ધાંત શિરોમણિ' નામના ગ્રંથમાં લીલાવતી નામના વિભાગમાં ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતનો નિર્દેશ મળે છે.
- પરમાણુ શાસ્ત્રના જનક મહર્ષિ કણાદ, આયુર્વેદના સુશ્રુત અને ચરક, રસાયણશાસ્ત્રના આચાર્ય નાગાર્જુન, યોગિક દર્શનના મહર્ષિ પતંજલિ, આર્યભટ્ટિયમના રચનાકાર આર્યભટ્ટ, એ ઉપરાંત વરાહ મિહિર, ભાસ્કરાચાર્ય વગેરે વૈજ્ઞાનિકોએ સંસ્કૃત ભાષામાં પોતાના ગ્રંથોની રચના કરી ભારતભૂમિ પર રહેલા એ જ્ઞાનને સમગ્ર વિશ્વમાં પહોંચતું કર્યું હતું.

**સ્વર્ગથીયે રમ્ય એવું સ્થાન આ ગુજરાત છે,**
**કોક દિ' મહેમાન થા ભગવાન ! આ તવ ગુજરાત છે. - નાઝિર દેખૈયા**

- સંસ્કૃત ભાષાની વર્ણમાલા અને તેમાં રહેલ વૈજ્ઞાનિકતા તેમજ તાર્કિકતા, પાણિનીનો 'અષ્ટાધ્યાયી' ગ્રંથ જે માનવ મગજની ઉત્કૃષ્ટ પેદાશ મનાય છે, વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ, વિશ્વનું પહેલું મહાકાવ્ય રામાયણ, વિશ્વનો સૌથી મહાકાય ગ્રંથ મહાભારત, વિશ્વની સર્વે ભાષાઓમાં અનુવાદિત થતો ગ્રંથ પંચતંત્ર, મહાકવિ દંડીનું દસ કુમાર ચરિત જેમાં એક પાત્ર 'પ' વર્ગ રહિત ભાષા બોલે છે. આ તમામ બાબતો સંસ્કૃત ભાષાની ઉત્કૃષ્ટ અને ચરમ સીમાએ મૂકી શકાય તેવી વિશેષતાઓ છે.

વિશ્વની એક ઉત્કૃષ્ટ ભાષા જેનું અવતરણ આ ભારતની પવિત્ર ભૂમિ પર થયું છે. આજે એનું અસ્તિત્વ જોખમમાં છે ત્યારે ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્ય શાસ્ત્ર એમ અનેક શાસ્ત્રીય વિદ્યાઓનો વિમર્શ કરનાર ગ્રંથો જે હજારો વર્ષો પહેલાં સંસ્કૃત ભાષામાં અસ્તિત્વમાં આવી ચૂક્યા હતા. છેલ્લાં એક હજાર વર્ષોના સંઘર્ષમાં ઘણું ઘણું લુપ્ત થયું છતાં આજે પણ અતિ મૂલ્યવાન શાસ્ત્રીય ધરોહર આપણી પાસે સચવાયેલી છે તેનું ગૌરવ આજની પેઢીને થાય એ માટે પણ સંસ્કૃત ભાષાને અને તેના અભ્યાસને નવી શિક્ષણનીતિમાં યોગ્ય સ્થાન મળે એ અપેક્ષા સાથે...

**भारतस्य यत जगतगुरु पदम**
**अनादि सिद्ध भूषणास्पदम् ।**
**राष्ट्रमंडले पूजनस्पदम**
**विद्या व्रतपालने अखंडम**
**पुनरपि संस्थाप्यताम ॥**

સંપર્ક: શ્રી સી.કે.એમ. કન્યા વિદ્યાલય,
મુંદરા-કચ્છ, પીનકોડ-370421

## ગુજરાત ગૌરવગાન

સ્વર્ણિમ છે ગુજરાત અમારું, સ્વર્ણિમ છે ગુજરાત
દેશ-વિદેશે ગુણિયલ ગુર્જરી રચે અનેરી ભાત.
ગાંધીજી-સરદાર સરીખા આ ધરતીનાં સંતાનો
શ્યામજી-સરદારસિંહની શહાદત આઝાદીનો પાનો
આરઝી હકૂમત ચળવળ શીખવે અખંડ દેશની વાત.
દેશ-વિદેશે...

હેમચંદ્ર, સિદ્ધહેમે ગુર્જરી ભાષાના જ્યોતિર્ધર
નર્મદ-મુનશી-ગોવર્ધન સહુ સાહિત્યના યુગંધર
રંગ કસુંબલ મેઘાણીએ ગાયો છે દિન-રાત.
દેશ-વિદેશે...

રવિશંકર મહારાજે ઓઢયું સમાજસેવાનું અંબર
ઈન્દુચાચા, જીવરાજ મહેતા 'મહા ગુજરાત' પૈગંબર
દયાનંદ, ઠક્કરબાપા, દાદાભાઈએ ઘસી છે જાત.
દેશ-વિદેશે...

મહી, નર્મદા, તાપી, સાબરમતી નદીનાં પાણી
પાવાગઢ ગિરનાર શેત્રુંજે સર્વ ધજાને આણી
ગરવા ગુજરાતીનો ગરબો વિશ્વતણી સૌગાત.
દેશ-વિદેશે...

વિક્રમ સારાભાઈ અણુવિજ્ઞાનીમાં અગ્રેસર
જામ રણજી-મર્ચન્ટ-નાયડુ અદ્ભુત થયા ક્રિકેટર
ધીરુભાઈએ ઉદ્યોગે અવ રાજ્ય કર્યું રળિયાત.
દેશ-વિદેશે...

અંબાજી, સોમનાથ, દ્વારકા, મહુડીથી તન પાવન
રણ, સાગર, સિંહ શૌર્ય સુરાષ્ટ્રે, તરણેતર મનભાવન
ભાતીગળ અહો ભવ્ય ભાસતી ભર્ગ ગુજરાત.
દેશ-વિદેશે...

- ડૉ. નરેન્દ્ર રાવલ
'દ્વિજ', 2-ગાયત્રી પાર્ક, નવા જંકશન રોડ,
સુરેન્દ્રનગર-363001

**અનુપમ શોભિત ગુણિયલ ઉજ્જવલ ઉર્વીસાર ગુજરાત,**
**ભારતમાં ગૌરવનો નમણો નમસ્કાર ગુજરાત ! - હેમન્ત દેસાઈ**

# વિદ્યાર્થીજીવનમાં લક્ષ્ય, આત્મપ્રતિષ્ઠા અને ઉત્સાહનું મહત્ત્વ

**ડૉ. ભાણજી એચ. સૌમેયા**

AMERICAN WRITER, TELEVISION PERSONALITY AND BUSINESSWOMAN, MARTHA STEWART ના શબ્દોમાં કહું તો, ''નાનપણથી જ મેં ખૂબ જ જ્ઞાન મેળવવાનું અને એ જ્ઞાનને વહેંચવાનું સ્વપ્ન સેવ્યું છે. આજે પણ હું લખાણ દ્વારા આ જ કામ કરું છું. એટલે મારી જાતને હું શિક્ષક માનવામાં ગૌરવ અનુભવુ છું. મારી જિંદગીનું એકમાત્ર લક્ષ્ય એ છે કે હું સદા શીખતી રહું... નવું નવું શીખવામાં જ મજા છે. તેમાંથી નવા નવા વિચારો અને પ્રગતિ સહ સિદ્ધિઓ મળે છે.''

વિદ્યાર્થીમિત્રો, જીવનમાં સ્પષ્ટ લક્ષ્ય હોવા જ જોઈએ, કારણ કે તેનાથી આપણને જીવન જીવવાની પ્રેરણા મળે છે તેમજ નવું બળ મળે છે. સ્પષ્ટ અને લિખિત લક્ષ્ય, પ્રતિજ્ઞા અને સંકલ્પ અને તેનો અમલ કરવાનો પ્રયાસ એ એવું સશક્ત માધ્યમ છે, જે અશક્ય લક્ષ્યને શક્ય કરે છે. માટે જ હમણાં જ તમારી ડાયરીમાં શું બનવું છું ? જીવનમાં શું શું મેળવવું છે ? અને તે ક્યારે પ્રાપ્ત થશે તે સાલ, તારીખ અને માસવાર સ્પષ્ટપણે લખી નાખો અને તેની પ્રાપ્તિ માટે પુષ્કળ પ્રયત્ન કરો. નિષ્ફળતાઓ મળે તો નિરાશ અને હતાશ ન થાઓ. આશા અને અપેક્ષા સાથે લક્ષ્ય સંબંધી કામ કરવાનું ચાલુ રાખો. અંતે જીત તમારી નક્કી છે એ અનુભવના આધારે કહું છું. વિદ્યાર્થીમિત્રો, સ્પષ્ટ અને લિખિત ધ્યેય ખૂબ જ ઝડપથી સાકાર થાય છે. આ સત્ય અને તથ્યને જાણવા બ્રુસલીએ પોતાને લખેલ પત્ર ગુગલ પરથી શોધીને વાંચવા અનુરોધ કરું છું.

સ્પષ્ટ લક્ષ્ય, પ્રતિજ્ઞા અને સફળતાપ્રાપ્તિની પ્રબળ ઝંખના એ વૈશ્વિક ચેતનાની અનંત શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. લક્ષ્યપ્રાપ્તિની પ્રથમ પૂર્વશરત એ છે કે આપણે પાત્રતા કેળવવી જોઈએ અને પાત્રતા પ્રાપ્ત કરવા લક્ષ્યપ્રાપ્તિ માટે ઝઝૂમવું પડે છે. જે વિદ્યાર્થીઓ પાત્રતા કેળવવાની તૈયારી ધરાવે છે અને જેમની પાસે ઝઝૂમવાનું જોમ છે તેઓ અવશ્ય નિર્ધારિત લક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે. આપણે ગમે તેટલી ઉચ્ચ પદવીઓ મેળવીએ પણ રૂપિયાની બચત ન કરી શકીએ તો શું વળે ? આજના સમય પ્રમાણે લક્ષ્યપ્રાપ્તિનું માપદંડ આપણે મહિને કેટલા રૂપિયા કમાઈએ છીએ તેના આધારે થાય છે. એટલે કે આજના સમયમાં માણસની સફળતાનું માપદંડ ધન કેન્દ્રિત છે.

આ લખનાર સૈન્યના અધિકારીઓ અને જવાનોથી પ્રેરિત થઈ સ્વપ્નસેવી બન્યા હોય તેમજ સૈન્યની સેવાઓ સાથે જોડાયેલા હોય માટે લક્ષ્યપ્રાપ્તિમાં પવિત્ર ધનની સાથે રાષ્ટ્રીય ધર્મની અને રાષ્ટ્રીય ધર્મ સાથે પવિત્ર ધનની હિમાયત કરે છે, સ્પષ્ટ સ્વપ્નહીન અને ધન વિનાનો ધાર્મિક વ્યક્તિ પોતાનામાં સામર્થ્ય હોવા છતાં સામાન્ય દરજ્જાનું જીવન જીવે છે. તો બીજી બાજુ સ્પષ્ટ સ્વપ્નસેવી પણ ધર્મહીન ધનસંપન્ન ધનવાન તો બની જાય છે. પણ... ધર્મ વિનાનું ધન, ધનવાન વ્યક્તિની શાંતિ છીનવી લે છે, ઊંઘ હરામ કરી નાખે છે અને જીવન ઝેર જેવું બનાવી દે છે. માટે પ્રત્યેક વ્યક્તિ ધનવાન બને અને સાથે-સાથે ધર્મવાન બનવું જોઈએ. અહીં રાષ્ટ્રીય ધર્મની વ્યાખ્યા આપણા તમામ કર્તવ્યો સૈન્યના અધિકારી કે સૈનિકની જેમ ઈમાનદારી અને જવાબદારી સાથે નિભાવવા તે છે.

લક્ષ્યને હાંસલ કરવામાં આત્મપ્રતિષ્ઠા અગત્યનો ભાગ ભજવે છે. અહંકાર અને આત્મપ્રતિષ્ઠામાં મોટો તફાવત છે. અન્યને નીચા દેખાડીને પોતે જ હોશિયાર છે અને પોતાને જ બધું આવડે છે, એ દર્શાવવાનો પ્રયાસ એ અહંકારી માણસનાં લક્ષણો છે. જ્યારે અન્યને નીચા દેખાડ્યા વિના પોતાની સિદ્ધિઓનું વિનમ્રતાપૂર્વક વર્ણન કરવું, એ અહંકાર નથી એ સેલ્ફ મોટીવેશનની નિશાની છે. જીવનમાં દરેક વ્યક્તિએ નિષ્ફળતા, હતાશા, નિરાશા, બેચેની, ઉદાસીનતા, અવગણના, અપમાન, અવરોધ, આફત, અડચણ, સંઘર્ષ અને સંકટમાંથી પસાર થવું પડે છે. જીવનના આ કપરા કાળે સ્વ-પ્રોત્સાહિત થવું અનિવાર્ય છે.

**અમે દિલથી જીવીએ, દિલથી મરીએ ને દિલ દઈ દઈ પરબારા,**
**ગુજરાત છે અમરત ધારા, ગુજરાતી તો સૌથી ન્યારા. - સાંઈરામ દવે**

જીવનના સંઘર્ષના સેલ્ફ મોટીવેશન એક મેડિસીન, ટૉનિક અને ઉત્સાહનું કાર્ય કરે છે ત્યારે પોતે પોતાને પોતાની સિદ્ધિઓ વિશે બોલે કે લખે સ્વપ્રોત્સાહિત થવાનું મનોવિજ્ઞાન છે, જે નિરાશ-હતાશ વ્યક્તિમાં અદમ્ય ઉત્સાહ સર્જવાનું કાર્ય કરે છે.

આત્મપ્રતિષ્ઠામાં એ ઉત્સાહનું ઉદ્‌ગમસ્થાન છે. ઉત્સાહની અદ્‌ભુત અસર હોય છે કે ઉત્સાહી માણસ અન્ય લોકોમાં અસાધારણ ઉત્સાહનું નિર્માણ કરે છે. ઉત્સાહી માણસ એક ઈલેક્ટ્રીક પાવર હાઉસ જેવું કાર્ય કરે છે. જે પોતાનામાં પરિવાર, પડોશ, મિત્રવર્તુળ, ઑફિસ, સંગઠન, સમાજ અને રાષ્ટ્રમાં અજવાળા પાથરવાનું પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. એક ઉત્સાહી માણસ એક હજાર માણસ સમાન હોય છે. માટે જે આન્દ્રે મોરોઈસ કહે છે કે, ‘‘પ્રત્યેક ઉત્સાહી વ્યક્તિ પોતાનાં સ્વપ્નોને સાકાર કરવાનું સામર્થ્ય ધરાવે છે.’’ હેનરી ફોર્ડ જગપ્રખ્યાત ફોર્ડ મોટર કંપનીના સ્થાપક અને વિખ્યાત બિઝનેસમેનના કહેવા પ્રમાણે, ‘‘જે વ્યક્તિની આંખમાં ઉત્સાહ હશે તે વ્યક્તિ ધાર્યું કરી શકશે.’’

જે મનુષ્યો પોતાના જીવનમાં માત્ર ધન મેળવવાના અભિગમથી જ જીવે છે તે મનુષ્યો જીવનમાં અઢળક ધન મેળવે તો છે, પણ જીવનમાં પોતાના કર્તવ્યની અમીટ છાપ પાડી શકતા નથી. પરંતુ જે મનુષ્યો પોતાના જીવનમાં કંઈક આપવાના, દાન કે મદદ કરવાના અભિગમથી જ જીવે છે તે મનુષ્યો જીવનમાં અઢળક મેળવે કે ન મેળવે એવા મનુષ્યો વ્યક્તિમાંથી વિભૂતિ બની ઈતિહાસમાં અમર છાપ છોડતા જાય છે. જીવનની વાસ્તવિક્તાની વાત કરું તો, જીવનની પ્રત્યેક પળ પરિવર્તનશીલ છે, મનુષ્ય પ્રત્યેક પળે સંતોષ કે અસંતોષની લાગણી અનુભવે અને પ્રત્યેક મનુષ્ય અરસપરસ નિર્ભર છે; એ જીવનની વાસ્તવિકતા છે. એટલે કે જીવનની પ્રત્યેક ક્ષણે ગમે કે ન ગમે પણ પરિવર્તન માટે તૈયાર રહેવું એ જીવનનું પ્રથમ સત્ય છે. જીવનમાં દરેક વ્યક્તિ અપરિપૂર્ણ છે તેમજ પ્રત્યેક વ્યક્તિનું જીવન અરસપરસ નિર્ભર છે, એ જીવનનું એક અન્ય તથ્ય છે.

જીવનમાં બીજી અગત્યની વાત કરું તો જીવનમાં શ્વાસનું આવવું અને જવું તેમજ જીવનમાં આપવું અને મેળવવું એ જીવતરના વૈશ્વિક સત્યો છે તેમજ ગૌરવમય જીવન જીવવું એ આવશ્યક છે. ગૌરવમય જીવન કોને કહેવાય એ એક ઉદાહરણ દ્વારા સમજીએ.

એક બહેન કંઈક કાર્ય કરવામાં પ્રવૃત્ત છે. એમની પાસેથી સજ્જન પસાર થાય છે, જે આ બહેનને બરાબર ઓળખે છે. એ બહેને ફાટેલ થીંગડાંવાળી સાડી પહેરેલ હોવાથી, એ સજ્જન એ બહેનને કહે છે, ‘‘આપ વિખ્યાત પિતાની દીકરી છો અને ફાટેલ તૂટેલ થીંગડાંવાળી સાડી પહેરી છે, આપને શરમ નથી લાગતી ?’’ પ્રશ્ન કરનાર સજ્જનને એ બહેન જે જવાબ આપે છે, એ જવાબ અંગે આજના રાજકીય નેતાઓ, અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો, યુનિયનના નેતાઓ, વિવિધ પક્ષના પ્રમુખો, અનેકવિધ આધુનિક આશ્રમોના સંતો, મહંતો, ઉદ્યોગપતિઓ, મારે, તમારે અને સૌ કોઈને આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે.

એ બહેને સજ્જનને જવાબ આપતા કહ્યું કે, ‘‘ફાટેલી થીંગડાંવાળી સાડી પહેરવી એ કોઈ શરમની વાત નથી. શરમ તો ત્યારે આવવી જોઈએ જ્યારે આપણે ચોરી કરીએ, ચારિત્ર્યહીન બનીએ... વધુમાં એ બહેને જણાવ્યું કે જે મેં ફાટેલ તૂટેલ સાડી થીંગડાંવાળી પહેરી છે એ પણ મારા પિતાજીના જૂના ધોતિયામાંથી બનાવી છે...’’ ખરેખર છે ને આ વાત આપણે સૌને આત્મમંથન કરવાની ? એ બહેન હતા, તત્કાલીન ભારતના નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલની દીકરી મણિબેન પટેલ અને મણિબેનને સવાલ કરનાર સજ્જન હતા, મહાવીર ત્યાગીજી.

રૂપિયા બચાવવાના અજ્ઞાનના અભાવ અને ધનના અભાવથી પ્રામાણિક માણસને પણ ઘણું ભોગવવું પડે છે. પરંતુ કહેવત છે ને ‘‘જાગ્યા ત્યારથી સવાર.’’ ચાલો, હવે જાગી જઈએ. માતા-પિતાના રૂપિયે જે મોજશોખ કરીએ છીએ કે વ્યસનો અથવા ફેશન પાછળ આપણે રૂપિયા બગાડીએ છીએ તેની જગ્યાએ બચત પર ધ્યાન આપીએ. કારણ વગરના પૈસાના બગાડને અટકાવીને કોઈ પણ માણસ સુખી, સર્જનાત્મક અને ઉપયોગી જીવન જીવી શકે છે.

**ઘણાં નાના બાળકોની ગુન્હાહિત પ્રવૃત્તિના મૂળમાં જીવનના આનંદનો અભાવ પડેલો જોવા મળે છે. - કાકા કાલેલકર**

મિત્રો, આજે તમે ગમે તેવી સ્થિતિમાં જીવનસંઘર્ષ કરતા હો કે નિષ્ફળતા વચ્ચે જીવન ગુજારી રહ્યા હો પરંતુ જરાય ગભરાશો નહીં. ધનના અભાવવાળા માટે અવગણના, અપમાન, અવરોધ, આફત, અડચણ, સંઘર્ષ અને સંકટ ધનના દ્વાર ખોલવાનો માર્ગ છે. વિશ્વના ધનવાન લોકોના જીવન અંગે જાણવાનો પ્રયાસ કરશો તો મોટાભાગના ધનિકો ગરીબ કે સામાન્ય પરિવારમાં જન્મ્યાં હતા.

હેનરી ફોર્ડ જગપ્રખ્યાત ફોર્ડ મોટર કંપનીના સ્થાપક અને વિખ્યાત બિઝનેસમેન તરીકે પ્રખ્યાત છે. તેમનો જન્મ એક અતિ નિર્ધન પરિવારમાં થયો હતો. બે ટંકનું ભોજન પણ મેળવવા ફાંફાં હતા. તે ફાટેલાં-તૂટેલાં કપડાં પહેરતા. તેઓ પોતાના મિત્ર પાસેથી પાંચ ડોલર ઉધાર લઈ સવારના છ વાગ્યાથી રાત્રિના દસ વાગ્યા સુધી ફૂટપાથ પર બેસી સાઇકલ પંચર કરતા હતા અને ફૂટપાથ પર જ સૂઈ જતા હતા. સ્ટીવ કેઈસ જેઓ આજે "એ.ઓ.ઈ." નામની ઈન્ટરનેટ કંપનીના માલિક છે તથા "રિવોલ્યુશન" રિપોર્ટ અને હેલ્થકેર કંપનીના સ્થાપક છે. તેઓ નાનપણમાં ઘેર-ઘેર જઈ ન્યૂઝપેપર પહોંચાડવાનું કામ કરતાં હતા.

વિશ્વપ્રસિદ્ધ અભિનેત્રી અને જગ વિખ્યાત ટી.વી. હોસ્ટ ઓપ્રાહ વિન્ફ્રેનું નામ ગુગલમાં સર્ચ કરશો તો ખબર પડશે કે, તે સાવ કંગાળ અને ગરીબ પરિવારમાં જન્મી હતી. એમણે સ્વ-બળે, સંઘર્ષો વચ્ચે ધન અને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. જગતભરમાં કેટલાયે દેશોમાં તેમના શૉ થઈ ગયા છે. એમણે જે જગતને માર્ગદર્શન આપ્યું છે એ પ્રત્યેક વ્યક્તિએ હંમેશાં સ્મરણમાં રાખવું જોઈએ. "મુશ્કેલીઓ જ શક્તિનો સ્રોત છે. જ્યાં સંઘર્ષ નથી ત્યાં સફળતા નથી. ઝનૂન જ એક શક્તિ છે. જે તમને ઉત્તેજિત કરે છે. તમે જે કંઈ કરો છો તે કોઈ ઉમદા ઉદ્દેશ્યની પૂર્તિ ન કરતું હોય તો પછી તમે ગમે તેટલી સત્તા કે સંપત્તિ મેળવો બધી જ નકામી છે" ધ વૉલ્ટ ડિઝની કંપનીના પ્રણેતા, વિશ્વપ્રખ્યાત કાર્ટુનિસ્ટ અને મિકીમાઉસના સર્જક તો કહે છે, "મુશ્કેલીઓને કારણે મારું મનોબળ વધુ દૃઢ બન્યું છે."

બેરોજગારી, આર્થિક પ્રશ્નો, સામાજિક સમસ્યાઓ, નિષ્ફળતાઓથી ડરી જઈને કે નિષ્ફળતાના કાલ્પનિક ભયથી આજે કેટલાયે યુવાનો આત્મહત્યા કરી બેસે છે, એ તદ્દન અયોગ્ય અભિગમ છે. આ તો માતા-પિતાનું ઋણ ચૂકવ્યા વિના માતા-પિતાને વધુ દુઃખી કરવાનો માર્ગ છે. મિત્રો, નિષ્ફળતા તો જીવનની કડવી અને વરવી સચ્ચાઈ છે. બિઝનેસ જગતના સુપ્રસિદ્ધ મૅગેઝિન 'ફોર્બસ' ના પાયોનિયર બી.સી. ફોર્બસના મતે, "નિષ્ફળતાઓ તો સફળતા મેળવવાની દવા છે." ભારતીય ફિલ્મી જગતના ફેમસ સ્ટાર શાહરૂખ ખાનના મતે, "નિષ્ફળતાએ મને કઠોર પરિશ્રમ કરવા માટે પ્રોત્સાહન આપ્યું છે. મારામાં છુપાયેલી અભિનયશક્તિને શોધી આપી છે... જો તમે નિષ્ફળ નહીં જાઓ તો કદી પણ આગળ વધી શકશો નહીં."

મનુષ્યજીવનનો મુખ્ય ધ્યેય લોકોને પ્રેમ, પ્રેરણા, પ્રોત્સાહન, હૂંફ, હિંમત, જોમ, જુસ્સો, ઉત્સાહ અને માર્ગદર્શન આપવાનું છે. સૌને ઉપયોગી થવામાં જ માનવીનું તેમજ સમગ્ર માનવજાતનું કલ્યાણ છે, એ ઉમદા ભાવનાથી પ્રેરાઈને વર્ષોથી દરરોજ નવું-નવું શીખું છું. નવું -નવું વાંચું છું, નવું-નવું લખું છું અને લોકોને ઉપયોગી થવામાં અતિ આનંદ અનુભવું છું. C.E.O. OF LIVEDOOR COMPONY, JAPANESE ENTREPRENEUR ના TAKAFUMI HORIE ના શબ્દોમાં કહું તો, "મારા કરતાં નાના એવા મારા યુવાન મિત્રો માટે હું પ્રેરણારૂપ બનવા ઈચ્છું છું. તેમનાં સ્વપ્નો સાકાર કરવામાં મદદરૂપ બનવા ઈચ્છું છું. તેઓ જે કામ હાથ પર લે અને તેને પ્રાપ્ત કરીને તેનો આનંદ માણે તેમ હું ઈચ્છું છું."

જીવનમાં લિખિત રીતે લક્ષ્ય સ્પષ્ટ કરવાથી અને વારંવાર વાંચવાથી તે હાંસલ કરી શકાય છે. એ માટે નિષ્ફળતાઓ સમયે મક્કમ મન રાખીને નિરંતર કાર્ય કરતા રહેવું અનિવાર્ય છે. કોઈપણ માણસ લક્ષ્ય સ્પષ્ટ કરીને, સમય પ્રમાણે જીવીને, સ્વ-પ્રોત્સાહિત થતો રહીને અને સતત નીતિ-નિષ્ઠાપૂર્વક કાર્ય કરે છે તેનો અવશ્ય વિજય થાય છે.

---

**સંપર્ક :**

**જે લોકો બાળકો જેવા છે, જેઓ સહેલાઈથી રાજી થાય છે, જેઓ અન્યને ચાહે છે અને આનંદ આપે છે, તેમને માટે જ સ્વર્ગનું રાજ છે. - સ્ટીવનસન**

# ગાંધીવિચાર : નઈતાલીમના સંદર્ભે - NEP 2020

રસિક આર. વાળંદ

નવીનતાને ન હુકરાવો, નવીનતા પ્રાણપોષક છે;
જુઓ કુદરત તરફથી શ્વાસ પણ જૂના નથી મળતા.
- મરીઝ

લગભગ સવા ત્રણ દાયકા પછી 21મી સદીની પ્રથમ શિક્ષણનીતિ જાહેર થઈ, જેમાં અનેક હકારાત્મક બાબતો સમાવિષ્ટ છે. મારી દૃષ્ટિએ આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ - NEP-2020 એટલે સાંપ્રત શિક્ષણ પ્રણાલિની સમસ્યાઓ દુરસ્ત કરવાનો પ્રયાસ... સાથોસાથ 21મી સદીના જે જે પડકારો છે તેમનો હકારાત્મક ઉકેલ સૂચવતો ખૂબ જ મહત્ત્વાકાંક્ષી દસ્તાવેજ પણ છે જ. અહીં એક ખાસ નોંધનીય બાબત એ છે કે સમયાંતરે બહાર પડતી વૈશ્વિક માર્ગદર્શિકાઓની સાથે સમગ્ર દેશમાંથી પ્રાપ્ત થયેલા બે લાખ જેટલાં સૂચનો પર સતત ત્રણ વર્ષ સુધી વિચાર-વિમર્શ, ચિંતનના દધિમંથનના પરિપાક રૂપ નવનીત એટલે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP-2020.

અહીં આપણે અન્ય ચર્ચા ન કરતાં માત્ર નવી શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં ગાંધીવિચારને સમજવા પ્રયાસ કરીએ.

પૂ. મહાત્મા ગાંધી ભારતના મહાન નેતા, વ્યાવહારિક દાર્શનિક અને સામાજિક તેમજ રાજકીય સુધારક હતા. તેમણે ભારતના કરોડો દલિતો, નિર્ધનો, ભૂખ્યાં લોકોના ઉત્કર્ષ માટે નિરંતર કામ કર્યું. ગાંધીજી એક વર્ગવિહીન સમાજની સ્થાપના કરવા માગતા હતા - એક સર્વોદય સમાજ-રામરાજ્ય સ્થાપવા માગતા હતા. આ ધ્યેયને હાંસલ કરવા માટે તેમણે એક સશક્ત સાધન અપનાવવાનું નક્કી કર્યું. તે સાધન હતું બુનિયાદી શિક્ષણ.

ગાંધીજી આદર્શવાદી, વાસ્તવવાદી, પ્રકૃતિવાદી હતા. ગાંધીજી અક્ષરજ્ઞાન કરતાં મન, શરીર અને આત્માની કેળવણીને વધુ પ્રાધાન્ય આપે છે. તેઓ શિક્ષણને માનવ વ્યક્તિત્વના વિકાસનું સાધન માનતા હતા, સાથે સાથે રાષ્ટ્રના નવનિર્માણમાં શિક્ષણના ફાળાની પ્રશંસા કરી છે.

હવે આપણે ગાંધીવિચારના ઉદ્દેશો અને નવી શિક્ષણનીતિ વચ્ચેના તાલમેલ વિશે વિચારીએ...

### શારીરિક વિકાસ

સારા વ્યક્તિત્વ માટે તંદુરસ્તી જરૂરી છે. NEP-2020માં ફાઉન્ડેશન સ્ટેજ પછીના 3 વર્ષ પ્રારંભિક તબક્કા (Preparatory Stage)માં લેખન, વાંચનની સાથે શારીરિક શિક્ષણનો ઉલ્લેખ છે, આમ **'સ્વસ્થ બાળક, સ્વસ્થ ભારત'** સૂત્ર ચરિતાર્થ કરવાની નેમ જોવા મળે છે.

### માનસિક વિકાસ

ગાંધીવિચારમાં બાળકના માનસિક વિકાસ માટે શૈક્ષણિક અનુભવ પર વધારે ભાર મૂકાયો છે. ગાંધીવિચાર ક્રિયાઓના માધ્યમથી અને તાલીમ દ્વારા માનસિક વિકાસનું સમર્થન કરે છે. માત્ર માનસિક વિકાસ નહીં પણ બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. એ જ બાબત નવી શિક્ષણનીતિમાં મીડલ સ્ટેજ (ધો.6 થી 8)માં શિક્ષણની સાથે વિદ્યાર્થીમાં પડેલી વ્યવસાયલક્ષી કુનેહને ઊજાગર કરવાની સાથે વાક્ચાતુર્ય, સંગીત, ચિત્ર જેવી મનગમતી પ્રવૃત્તિ અને કલાપ્રિયતા, પ્રૉજેક્ટ જેવા અનુભવોની તકો પૂરી પડાશે.

### આત્મનિર્ભરતા

ગાંધીવિચારમાં એ સ્પષ્ટ છે કે શિક્ષણ વ્યક્તિને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ એ વ્યક્તિને યોગ્ય બનાવે છે કે જે ભાવિજીવનમાં

બહારના અતિ દબાણને લઈને ડાહ્યાં દેખાતાં બાળકો ખરેખર ડાહ્યા નથી હોતા.
એ દબાણ દૂર થતાં જ એમનામાં પડેલી વિકૃત્તિઓ તુરત દેખાઈ આવે છે. - અજ્ઞાત

સ્વતંત્રતાપૂર્વક રોજેરોજ કમાઈ શકે. ગાંધીજી એવું કહેતા, **'શિક્ષણ આપો અને બેકારીની જડ કાપો.'** નવી શિક્ષણનીતિમાં મીડલ સ્ટેજમાં જ વિદ્યાર્થીના અંતરમનના વિચારકૌશલ્યો પાંગરશે. પછીનાં ચાર વર્ષ સૅકન્ડરી સ્ટેજ (ધો.9 થી 12)માં વિદ્યાર્થીને મનપસંદ વિષય ભણવાની સ્વતંત્રતા મળશે જેથી આનંદદાયી વિદ્યાના જાત અનુભવે તનાવમુક્ત રહેશે. પરિણામે 18 વર્ષ પછીના ભાવિ શિક્ષણ માટે ભારતનો યુવાન રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા કરી શકે એવો શારીરિક, માનસિક, બૌદ્ધિક રીતે સક્ષમ બનશે. શિક્ષણની સાથે દેશના યુવક-યુવતી આત્મનિર્ભર અને સ્વાભિમાની બનશે એવો દૃષ્ટિકોણ રજૂ થયો છે.

### સાંસ્કૃતિક વિકાસ

કેળવણીની પ્રક્રિયામાંથી વ્યક્તિના મનમાં સંસ્કૃતિ અને સંસ્કારવારસા પ્રત્યે એક પ્રકારનો આદર પ્રગટવો જોઈએ. તેથી જ ગાંધીજી અક્ષરજ્ઞાન કરતાં સંસ્કાર કેળવણીને વિશેષ મહત્ત્વ આપે છે. મનુષ્યના વર્તન પરથી જ તેના સંસ્કારની છાપ ઊભી થાય છે. બાળકોની કેળવણીમાં વર્તન-પરિવર્તનની પ્રક્રિયાને મહત્ત્વનું સ્થાન હોવું જોઈએ. ટૂંકમાં, સંસ્કારિતા અને સંસ્કૃતિ શિક્ષણ દ્વારા વિકસવાં જોઈએ. નવી શિક્ષણનીતિમાં ભારતીય સંસ્કૃતિ તેમજ અસ્મિતાની દ્યોતક ગણાતી સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય અપાયું છે, ઉપરાંત ગણિત, વિજ્ઞાન, આયુર્વેદ, ધાતુશાસ્ત્ર જેવા વિષયો મીડલ અને સૅકન્ડરી સ્ટેજમાં સમાવવામાં આવ્યા છે.

### ચારિત્ર્ય ઘડતર

સાંસ્કૃતિક વિકાસનો ફલિતાર્થ વ્યક્તિના શુદ્ધ ચારિત્ર્યનું ઘડતર છે. જ્ઞાન માત્રનું ધ્યેય ચારિત્ર્ય ઘડતર હોવું જોઈએ. આ ચારિત્ર્ય ઘડતર વ્યક્તિની શક્તિઓના ઊર્ધ્વીકરણ દ્વારા થઈ શકે. ગાંધીજીના મતે શિક્ષણનો મહત્ત્વનો હેતુ ચારિત્ર્ય ઘડતરનો છે. નવી શિક્ષણનીતિ પણ બાળકનો શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ થાય તેમજ તેનામાં મૂલ્યોનું ઘડતર થાય તે અપેક્ષિત છે. બાળક તાર્કિક અને ચિંતનાત્મક વિચાર કરતો થાય એવા અભ્યાસક્રમની સાથે રમતગમત, ચિત્રકલા, ગીત, સંગીત, કવિતા, વાર્તાકથન, નાટ્યપ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**'સા વિદ્યા યા વિમુક્તયે'** - કેળવણીનો હેતુ છે. ગાંધીવિચારમાં આ પ્રાચીન હેતુ નવા સંદર્ભ સાથે રજૂ થયો છે. લોકોને ઉપયોગી તમામ જ્ઞાન - વિદ્યા અને સર્વ દાસત્વમાંથી છૂટકારો એટલે મુક્તિ એવો અર્થ કર્યો છે. કેળવણીનું કામ લોકોપયોગી જ્ઞાનનું ઉપાર્જન તથા દાસત્વ-ગુલામી મનોવૃત્તિમાંથી મુક્તિ અપાવવાનું છે.

નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીના પસંદગીના વિવિધ વ્યવસાયલક્ષી વિષયોનું ફરજિયાત શિક્ષણ ઉપરાંત કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, કોડિંગ જેવા બિન પરંપરાગત વિષયોને સમાવાયા છે.

### સર્વાંગી વિકાસ

ગાંધીવિચાર ત્રણ R એટલે રીડિંગ, રાઈટીંગ, એરીથમેટીક-વાંચવું, લખવું અને ગણવું એના બદલે ત્રણ H એટલે હૅન્ડ, હાર્ટ, હેડ-હાથ, હૈયું અને મસ્તિષ્ક ઉપરાંત ચોથા H હેલ્થ-સ્વાસ્થ્યનો ઉમેરો કરવામાં આવ્યો.

નવી શિક્ષણનીતિમાં આ માટેની તકો પૂરી પાડવાનું વિચારાયું છે.

### સમગ્ર માનવ બહાર લાવવો

ગાંધીજીના મતે બાળકોની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને બહાર લાવે અને ખીલવે તે જ સાચી કેળવણી. આમ, શિક્ષણની પ્રક્રિયામાં વ્યક્તિત્વનું નિર્માણ કરનારી કોઈ એક બાજુના ભોગે અન્યનો વધુ પડતો વિકાસ થઈ જાય એ જોવાની ગાંધીજીની દૃષ્ટિનું ઘણું મહત્ત્વ છે.

**બાળક એ કાંઈ વાસણ નથી કે જેને ભરી કાઢીએ. એ એક જ્યોત છે, તેને પ્રગટાવવાની છે. - આઈન્સ્ટાઈન**

નવી શિક્ષણનીતિમાં બાળકોનો શારીરિક, માનસિક, સામાજિક, જ્ઞાનાત્મક, ભાવાત્મક તેમજ સર્વાંગી વિકાસ થાય તે માટે વયકક્ષાનુસાર અને વિવિધ વિષયો અનુસાર વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે.

ગાંધીવિચારના ચિંતનમાંથી પ્રથમ એક બાબત મહત્ત્વની જણાઈ અને તે છે વિદ્યાર્થીનું વ્યક્તિત્વ. ગાંધીજીના મતે શિક્ષણ વ્યક્તિને સમાજથી અલગ પાડી દે તો તે શિક્ષણનો બગાડ છે. માત્ર બૌદ્ધિક વિષયોનું શિક્ષણ માણસને તેની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓથી વિમુખ બનાવે છે. એટલે ગાંધીજી શિક્ષણમાં સ્વાવલંબન અને શ્રમનિષ્ઠાની વાત કરે છે. જે સ્વયં સ્વાશ્રયી નથી તે અન્યને શી રીતે મદદરૂપ થઈ શકશે?

આપણા સમાજમાં બે વર્ગો ખૂબ નોંધપાત્ર છે. એક વર્ગ બુદ્ધિજીવી છે અને બીજો વર્ગ શ્રમજીવી. બુદ્ધિજીવી વર્ગ શિક્ષણને કારણે શ્રમથી વિમુખ બને છે, શ્રમજીવી પ્રત્યે નફરત કરતો થાય છે. શ્રમજીવી વર્ગ શિક્ષણથી વંચિત રહેવાથી પેટિયું રળવા શ્રમ કરે છે. બુદ્ધિજીવીઓની પરાધીનતામાં રહી વેઠીયા જેવું જીવન ગુજારે છે. આમ આ બે વર્ગો વચ્ચે સામાજિક દ્વન્દ્વ રચાય છે, ગાંધીજીના મતે શિક્ષણ એક એવું માધ્યમ છે જેના દ્વારા બુદ્ધિનિષ્ઠા અને શ્રમનિષ્ઠાની વચ્ચે સમતુલા જન્માવી શકાય.

નવી શિક્ષણનીતિ મારી દૃષ્ટિએ ગાંધીવિચારનો ઓછાયો જ છે. એક સમયે રેંટિયો કેન્દ્રમાં હતો, આજે કમ્પ્યૂટર શિક્ષણ સાથે જીવનમૂલ્યો, કૌશલ્યો અને સ્વાવલંબન અત્યાવશ્યક છે. એટલે જ વિશ્વવિચારક ટોફલરે કહ્યું છે કે, “21મી સદી ટેક્નોલોજીની દૃષ્ટિએ સેટેલાઈટનો ઉપયોગ કરતી હશે અને માનવમૂલ્યોની દૃષ્ટિએ ગાંધીજીને અનુસરતી હશે.”

ટૂંકમાં નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP 2020 આદર્શથી ભરપૂર છે પણ તેની સફળતા માટે નક્કર અમલીકરણની એટલી જ કટિબદ્ધતા દાખવવી પડશે.

સંપર્કઃ આચાર્ય, શ્રીમતી એચ. જે. બારોટ માધ્યમિક શાળા,
ભેરૂન્ડા, તા. મોડાસા, જિ. અરવલ્લી

## હે જન્મભૂમિ ગુર્જરી

ચાર ચાર ક્રાંતિઓથી ઊગતો ઉજાસ તું,
રે, ગુર્જરી પ્રકાશ તું મા હિંદ હૈયે હાશ તું,
સ્વપ્નની ધરા અને વિકાસની ઉડાન તું,
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
સમસ્ત ગુર્જરીના સદ્ વિકાસની કમાન તું,
હે માત નર્મદા અમારા શ્વાસની સમાન તું,
તું ગુર્જરીની આન-બાન-શાન, સ્વાભિમાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
ખેતરોની આશ તું, પવિત્ર અમણી પ્યાસ તું,
સ્વર્ણ ગુર્જરીનો માત નર્મદા પ્રકાશ તું,
પ્રદક્ષિણા પ્રવાસ નર્મદાષ્ટકોનું ગાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
દૂધક્રાંતિથી થયેલ ચેતનાની ચાલ તું,
ગ્રામ્યજગની નારીઓની વેદનાનું વ્હાલ તું,
સમૃદ્ધ બાળકો તણાં મસ્તી ને તોફાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
વાણિજ્ય ને વેપાર ઉદ્યોગો થકી પ્રચંડ તું,
વાહન અને વણાટ કે ખનિજમાં અખંડ તું,
કૃષિ, રસાયણો, ગૃહોનું બળકટી એલાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
જહાજના જયં ધમધમાટ, રત્ન ઝગમગાટ તું,
સિરામિકોનો ચકચકાટ, આઈ.ટી.માં અફાટ તું,
વિમનની ઉડાન ને સિમેન્ટ કેરી શાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
ઉત્સવોનો પ્રેમ, રાસ-ગરબાઓની નેમ તું,
રમતાં રમતાં મળ્યો મંત્ર સહકારીનો એમ તું,
સહકારીની સિદ્ધિઓ ને સંપનું સન્માન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
ગામડાંના માનવીને જોડતો સહકાર તું,
નાત જાત ભેદભાવ તોડતો સહકાર તું,
સહકારી ક્ષેત્રની સુરીલી એકતાનું ગાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...
પ્રતિમાઓ, પ્રતિભાઓ ને પ્રવૃત્તિનો પાક તું,
આ સંસ્કૃતિ ગરિમા તું છે અસ્મિતા અથાક તું,
‘સાંઈ’ કહે કર હિંદને પ્રસન્નતા પ્રદાન તું...
હે, જન્મભૂમિ ગુર્જરી આ સૃષ્ટિમાં મહાન તું...

- સાંઈરામ દવે
(‘રંગ કસુંબલ ગુજરાતી’ પુસ્તકમાંથી સાભાર)

**બાળકોને તમે પ્રેમ આપો, તમારા વિચારો નહિ, કારણ કે એમની પાસે એમના પોતાના વિચારો છે. - ખલિલ જિબ્રાન**

ધોરણ 9 થી 12ના ગુજરાતી પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ

# લોકસાહિત્યના શિક્ષણનું અનુશીલન

ડૉ. ભરત જાદવ

### પ્રસ્તાવના :

કોઈ પણ નૂતન સર્જનમાં જિજ્ઞાસા, પૂર્વ અનુભવ કે અનુભૂતિ સાથે જોડાણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમાં પણ વિદ્યાર્થીને તેના પરિવેશ સાથે સાંકળીને નૂતન આવિષ્કાર માટે પ્રેરણા આપવામાં આવે તો તેમાં સાહજિક વિકાસ સંભવ છે. વૃક્ષ જે રીતે તેના અનુકૂળ કુદરતી વાતાવરણમાં જ અને તેણે જ્યાં મૂળ નાખી હોય ત્યાં જ ઉછેરવા દેવામાં આવે તો તે ખૂબ સારી રીતે વિકસી શકે છે. એ જ બાબત વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને ઇનોવેશન તરફ અભિમુખતા માટે પણ લાગુ પડે છે. લેખન અભિવ્યક્તિ તેમાંની એક કળા જ છે. તેમનામાં તે તરફ રૂચિ જગાડવા માટે લોકગીતો, લોકકથાઓ, વાર્તાઓ, લોકનૃત્ય, પરંપરાગત લોકવાદ્ય, કહેવતો, રૂઢિપ્રયોગો, જોડકણાં વગેરેનું જ્ઞાન અસરકારક સાબિત થઈ શકે એમ છે.

### લોકસાહિત્યની પરિભાષા

લોકસાહિત્ય એ જીવાતું, ઝીલાતું અને નદીની જેમ સતત વહેતું સાહિત્ય છે. સ્થળ, કાળ, પ્રદેશ અને સ્થાનિક સ્થિતિઓ પ્રમાણે જેમાં ત્યાંની આખી સંસ્કૃતિ કે તેનો કોઈ ભાગ ઝીલાયો હોય તેને લોકસાહિત્ય કહી શકાય. તે સતત વિકસતું, સર્જતું, સંવર્ધિત થતું રહે છે. તેમાં સાચું સમાજજીવન ધબકતું હોય છે. તે જે તે સમાજનું દર્પણ છે. તેની માવજત એ વીતતા સમયની માવજત છે. વર્તમાન પેઢીને તેનાથી અવગત રાખવી એ સમાજધારાને અમર રાખવાની સાર્થક સાધના છે. તેમાં તમામ શાસ્ત્રોનો સાર, સારરૂપે આવી જાય છે. ભૂત, વર્તમાન અને ભાવિ તેમાં લીન હોય છે. લોકસાહિત્ય વિશે અનેક લોકકથાકારોએ પોતાની આગવી દૃષ્ટિથી તેની વિવેચના કરી, પરિભાષિત કરી છે. જયમલ્લ પરમાર લોકસાહિત્યની વ્યાખ્યા આપતાં લખે છે કે - "લોકસાહિત્યના અભ્યાસ પરથી વિશ્વનો લગભગ સર્વમાન્ય મત ઘડાયો છે કે : લોકો થકી, લોકો માટે, લોકો વચ્ચે રહીને (of the people, by the people, for the people) જે રચાયું તે લોકસાહિત્ય." આગળ તેઓ નોંધે છે કે ડૉ. બાર્કરની વ્યાખ્યા પ્રમાણે : "લોકસાહિત્ય એટલે અસંસ્કૃત લોકોનું જ્ઞાન. સંસ્કૃતિથી દૂર રહેવાવાળા જાતિ-સમૂહોનું જ્ઞાન."

ગુજરાતની આદિવાસી લોકસંસ્કૃતિના અનુસંધાને ડૉ. હસુ યાજ્ઞિક કહે છે તેમ "શિષ્ટ એવી ભાષાનું રૂપ બંધાયું તે "બોલી" એટલે કે બોલાતી ભાષાના આધારે ! એટલે કે 'બોલી' જનક છે અને ભાષા તેમાંથી જન્મેલી. સાહજિક જ્ઞાન મેળવ્યું અને 'લોકવિદ્યા' જેને અંગ્રેજીમાં 'ફોકલોર' કહે છે, આવી લોકજીવનવિદ્યા-કાળક્રમે અંકે થતાં જ જ્ઞાન તમામ વિદ્યાઓ અને આધુનિક શાસ્ત્રને જન્મ આપે છે. આ રીતે સાહિત્યનાં મૂળ લોકસાહિત્યમાં, સંગીતનાં મૂળ લોકસંગીતમાં, પ્રશિષ્ટ નૃત્ય અને નાટ્યનાં મૂળ લોકનૃત્ય-લોકનાટ્યમાં સમાયેલાં છે."

### લોકસાહિત્યનાં લક્ષણો

તેના નામ મુજબ જ લોકસાહિત્ય લોકો દ્વારા કંઠોપકંઠ રચાતું સાહિત્ય છે. તેના કર્તા વિષે કોઈને ખબર હોતી નથી. અલબત્ત કેટલાંક સ્વરૂપોમાં લોકસાહિત્ય રચનારની ઓળખ પણ હોય છે. સ્વ. ઝવેરચંદ મેઘાણી, દુલાભાયા કાગ વગેરેનો સમાવેશ કરી શકાય છે. તેમાં સમાજની લાગણી, સમસ્યાઓ, ભાવના, પરંપરા વગેરે વણી લેવામાં આવતાં હોય છે. તેની રચના સાવ સાદી છતાં ગહન હોય છે. તે તરતું, ફરતું અને બદલાતું સાહિત્ય છે. સમાજના પ્રવાહોથી સતત પ્રભાવિત થતું રહે છે. તે લોકભોગ્ય હોય છે. સમાજજીવન સાથે તેનો અતૂટ અનુબંધ હોય છે.

**લોકસાહિત્યના પ્રકાર અને સ્વરૂપ** - લોકસાહિત્ય સ્વરૂપના મુખ્ય બે પ્રકાર ગણી શકાય -

**બાળક સાથે સરળતાપૂર્વક કામ પાર પાડવાનું રહસ્ય એના વડીલ ન બનવામાં સમાયેલું છે.**

1. કથ્યસ્વરૂપ, 2. ગેયસ્વરૂપ

કથ્ય સ્વરૂપમાં જેનું માત્ર કથન કરી શકાય તેવાં સ્વરૂપોનો સમાવેશ થાય છે. તેમાં મોટામાં મોટું સ્વરૂપ એટલે લોકકથા અને નાનામાં નાનું સ્વરૂપ એટલે કહેવતને મૂકી શકાય. એ જ રીતે ગેય સ્વરૂપમાં ગીતકથાથી લઈને દુહા સુધીના સ્વરૂપને મૂકી શકીએ છીએ.

લોકસાહિત્ય ખૂબ વિશાળતા ધરાવે છે. વળી તેના વિષયો પણ અનેક છે છતાં તેને નીચે જણાવ્યા મુજબ પ્રકારોમાં વિભાજિત કરવામાં આવ્યા છે. જેમાં નરોત્તમ પલાણે નીચે મુજબનાં સ્વરૂપોની વાત કરી છે :

1. લોકોકિત, 2. લોકગીત, 3. લોકવાર્તા, 4. લોકગાથા

5. ગાથા, 6. નારારાંશી, 7. લોકનાટ્ય

### માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ લોકસાહિત્ય શિક્ષણનું મહત્ત્વ

રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020ના 22મા પ્રકરણમાં જણાવ્યા મુજબ "ભારત સંસ્કૃતિનો ભંડાર છે - જે હજારો વર્ષોમાં વિકસિત થયેલ છે અને અહીં કલા, સાહિત્યિક કૃતિઓ, પ્રથાઓ, પરંપરાઓ, ભાષાકીય અભિવ્યક્તિઓ, કલાકૃતિઓ, ઐતિહાસિક તથા સાંસ્કૃતિક ધરોહરનાં સ્થાનો વગેરેમાં અભિવ્યક્ત થતું દેખાય છે." તેમાં 22.3 માં નોંધ્યું છે કે - "સંસ્કૃતિના પ્રસાર માટેનું સૌથી મહત્ત્વપૂર્ણ સાધન કલા છે. કલા સાંસ્કૃતિક ઓળખ અને જાગૃતિને સમૃદ્ધ બનાવવા અને સમુદાયોને ઉન્નત કરવા ઉપરાંત બોધાત્મક અને સર્જનાત્મક ક્ષમતા કરવા તથા વ્યક્તિગત આનંદ વધારવા જાણીતી છે. વ્યક્તિગત પ્રસન્નતા/સુખાકારી, બોધાત્મક વિકાસ અને સાંસ્કૃતિક ઓળખ એ મહત્ત્વપૂર્ણ કારણો છે કે જેના માટે તમામ પ્રકારની ભારતીય કલાઓ, પ્રારંભિક બાલ્યાવસ્થાની સંભાળ તથા શિક્ષણના શરૂઆતથી જ તમામ સ્તરે વિદ્યાર્થીઓને પ્રદાન કરવી જોઈએ."

**શાળાકક્ષાને લક્ષમાં રાખી વિચરતાં લોકસાહિત્યના શિક્ષણનું નીચે મુજબ મહત્ત્વ આંકી શકાય છે.**

- વર્તમાનમાં માતૃભાષાને બચાવવા રીતસર અભિયાન આદરવું પડે એવી સ્થિતિમાં લોકસાહિત્યનું શિક્ષણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. લોકસાહિત્યમાં માતૃભાષા જ નહીં, તેની આખી વિરાસત સચવાતી હોવાથી જો લોકશિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવે તો તે કામ સરળ બની શકે છે.
- **'બાર ગામે બોલી બદલાય'** એમ ગામેગામે રિવાજો, પરંપરા, માન્યતાઓ, રૂઢિઓ, બોલી અને તેના સંદર્ભ બદલાતા હોય છે. પાઠ્યપુસ્તકો સમગ્ર રાજ્ય કે દેશના વિદ્યાર્થીઓ માટે એકસમાન હોય છે. તેથી રાજ્ય કે દેશના કોઈ અંચલ વિશેષની વાસ્તવિક ઓળખાણ આવા લોકસાહિત્યના માધ્યમથી જ થઈ શકે છે. તેના વડે વિદ્યાર્થીઓને લોકરંગમાં રંગાયેલી વિરાસત પ્રત્યે બહુમાન ઉપજી શકે છે. સાથે સાથે વિદ્યાર્થીઓ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને ભવ્ય અલિખિત વારસાથી પરિચિત પણ થઈ શકે.
- વિદ્યાર્થીઓને પ્રાદેશિક લોકકથાઓ, લોકગીતો, લોકકલાઓ, લોકનૃત્યો, લોકપરંપરાઓ, રિવાજો, વિભિન્ન તહેવારોમાં ગવાતાં ગીતો, પ્રસિદ્ધ માન્યતાઓ જેવી બાબતોથી અવગત કરાવવામાં આવે તો તેઓ શિષ્ટ પરંપરાઓને સારી રીતે સમજવા અને પછી તેમાં પોતાનું પ્રદાન આપવા પ્રેરિત થઈ શકે.
- વિદ્યાર્થી પોતાની સંસ્કૃતિ, રીતરિવાજો વિષે જાહેરમાં વાત રજૂ કરતાં સંકોચ અનુભવતા હોય છે. તેમની બોલી અને સ્થાનિક પરંપરાઓ પ્રત્યે તેઓ શિષ્ટ સ્થિતિની અપેક્ષાએ હીનભાવ અનુભવતા હોય છે. પણ જો તેને શિક્ષણ સાથે સાંકળી લેવામાં આવે તો તેમાં આત્મવિશ્વાસનો સંચાર કરી શકાય છે. એટલું જ નહીં તેઓમાંથી જ પદ્મશ્રી દિવાળીબેન ભીલ કે કચ્છના ધનબાઈ કારા કે આબુઆ, મધ્યપ્રદેશના પદ્મશ્રી ભૂરીબાઈ જેવા કલાકારો જન્મે છે.
- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસની સાથે સાથે અભિવ્યક્તિ, લય, ઢાળ અને રાગ-રંગનો વિકાસ થઈ શકે છે. ભવિષ્યમાં તેઓ જે તે ક્ષેત્રમાં કારકિર્દી પણ બનાવી શકે છે.

**લાખો રૂપિયા હોય, બુદ્ધિના ભંડારો હોય અને વિદ્વતાના વિવિધ રંગો હોય, પણ નિખાલસ દિલ ન હોય તો જીવનની સાચી તક મળતી નથી. - અજ્ઞાત**

- સર્જનાત્મકતા પ્રત્યે તેમનો અભિગમ કેળવી શકાય છે.
- લોકસાહિત્યની ધારા અવિરત વહેતી રાખી શકાય છે.

### લોકસાહિત્યની શિક્ષણ પદ્ધતિ

કંઠ્ય પરંપરાથી સિંચિત આ સાહિત્યનું શિક્ષણ વાસ્તવમાં તેની ખૂબીઓ જેટલું જ રોચક છે. પ્રો. જયંત શેખડીવાળા નોંધે છે તેમ - "લોકસાહિત્યના અધ્યાપન દરમિયાન તે તરફ વિદ્યાર્થીઓનું લક્ષ દોરવું જોઈએ. ગ્રામીણ લોકસમાજ પરંપરાનુસારી જીવન જીવે છે. મોટા સંયુક્ત કુટુંબો આ સમાજનો પાયો છે. આ એક જ છાપરાની નીચે વૃદ્ધ માતાપિતા, પુત્રો, પુત્રીઓ, વહુઓ, પૌત્રો વગેરે રહે છે અને એક ચૂલે થતું ભોજન જમે છે. ખેતી અને પશુપાલન તેમનો મુખ્ય વ્યવસાય છે. સૌ કોઈ તેની સાથે ઓછા વત્તે અંશે સંકળાયેલા હોય છે. કુટુંબના પ્રત્યેક સભ્યોનું કુટુંબમાં ચોક્કસ સ્થાન હોય છે. તેમની વચ્ચે સ્નેહ અને સહયોગના ભાવ હોય છે. તો પ્રસંગોપાત સંઘર્ષ અને કલહ પણ સર્જાય છે. વહુને ફાળે સંઘર્ષ અને તજ્જન્ય વેદના વધુ આવે છે. તેને વડીલોની આમન્યા જાળવવી પડે છે. સાસુ-નણંદનું કઠોર શાસન જીરવવું પડે છે. ઘર-ખેતરના વિવિધ કામ કરવાં પડે છે અને ક્યારેક અસહ્ય યાતનાથી ત્રાસી કૂવે પડી યા ઝેર પી કમોતે મરવું પણ પડે છે. આવી બધી જ સ્થિતિઓ લોકસાહિત્યના શિક્ષણમાં ક્યાંક ને ક્યાંક વણી લેવામાં આવે એ જરૂરી છે. આ જ રીતે અધ્યાપક જે તે ગ્રામ્ય પરિવેશ વિષે પણ માહિતગાર અને રસ ધરાવનાર હોય તે પણ જરૂરી છે. પ્રો. કનુભાઈ જાની કહે છે તેમ - "પ્રસ્તુતિ, સંદર્ભ, વાણીકર્મ, કથન, પ્રકટીકરણ અને સંરચના જેવી છ બાબતોમાંથી પસાર થયા પછી જ એક લોકકૃતિની ઘટના બને છે. આગળ તેઓ નોંધે છે કે - "લોકમાનસ અહીં જુદી કથા આપે છે. મહાભારતથી પણ જુદી ! એ ખ્યાલમાં રાખવું. એના સમાજના સંદર્ભમાં જ એનો શબ્દ ઊગે છે એ ખ્યાલમાં રાખવું, એ શ્રોતા-વક્તા વચ્ચેના સહજ તંતુ જેવો હોય છે એ ખ્યાલમાં રાખવું. એ વાત એક સમાજ કે સંસ્કૃતિના સંદર્ભમાં એની વિદ્યા બનીને આવે છે એ ખ્યાલમાં રાખવું, એમ લોકવાઙ્‌મયની કૃતિને ઘણાં ઘણાં પરિમાણો હોવાથી અનેક સંદર્ભે જોવી પડે." આ બધી બાબતો ઉપરાંત લોકસાહિત્યના અધ્યાપક પાસે તેનો બહોળો અનુભવ અને તેની લઢણોનું જ્ઞાન હોય તે ખૂબ જ જરૂરી છે. જીવંત થઈ જાય એવી રસમય પ્રસ્તુતિ પણ તેટલી જ જરૂરી છે અને સૌથી મહત્ત્વની બાબત એ છે કે લોકસાહિત્ય પ્રત્યે તેનામાં સમ્માન હોવું જોઈએ. લોકસાહિત્યનું શિક્ષણ તે ભાવ અને વિસ્તાર સાચવે તે રીતે જ અપાય એ બહુ જ જરૂરી છે. ઝવેરચંદ મેઘાણીની લોકકથાઓ કોઈ નવલિકાની જેમ ન ભણાવાય. તે માટે તેવું વાતાવરણ, ભૂમિકા, ઉચ્ચાર, સંવેદના પણ એટલી જ જરૂરી છે.

### પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ લોકસાહિત્યનું અનુશીલન

ગુજરાતમાં ગુજરાતી માધ્યમની શાળાઓમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત પ્રથમ ભાષા તરીકેનાં પાઠ્યપુસ્તકોનું શિક્ષણ આપવામાં આવે છે. જેમાં ધોરણ 9 થી 12નાં પુસ્તકોમાં લોકગીત, લોકકથા અને દુહાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ધોરણ 9માં ઝવેરચંદ મેઘાણી રચિત્ "બોળો" અદ્‌ભુત અને પ્રેરક લોકકથા છે. પ્રજા દુઃખી હોય એ રાજાને કેવી રીતે શોભે ? વળી, રાજા એવો હોય કે જેની પ્રજાના મન-આત્મામાં તેના માટે અપાર આદર અને શ્રદ્ધા હોય. ગામમાં બનતી વાનગીનું કેવું જીવંત વર્ણન - "બાપગોતર બોળોય દીઠો નથી ને ?" એમ બોલી સોંડાએ વડલાની ડાળે એક નવી દોણી ટીંગાતી હતી તે ઉતારી છાશની અંદર ઘઉંનું થુલું નાખીને ખેડૂત લોકો રાંધે અને પછી તેમાં મીઠું નાખીને ખાય. એનું નામ બોળો." આવી સરળ પણ પૌષ્ટિક વાનગીઓ દરેક ગ્રામ્ય પરિવેશમાં સહજ હોય. દાહોદ-પંચમહાલ વિસ્તારમાં મકાઈની રાબ કે ઘાટ આ જ રીતે બનાવવામાં આવતી. ઘંટીમાં મકાઈ ભરડીને તેને મોટા પાટિયામાં (એક જાતનું મોટું વાસણ) ચડવા મૂકવામાં આવતી. તે બફાઈ જાય પછી તેમાં છાશ નાખી બરાબર હલાવી નાખવામાં આવતી. આ મકાઈની ઘાટ ખાઈને આખો દિવસ કામ કરનારી ખેડૂત પેઢીઓ હતી. કેટલાક સમાજોમાં આજે પણ મરણ પ્રસંગે મકાઈની ઘાટ ખાવાનો રિવાજ છે. "તારી ઘાટડી ભયડું" એમ કહીને બોલાતી

**બાળકો પ્રભુના પયગમ્બર છે. પ્રેમ, આશા અને શાંતિનો બોધ આપવા તેમને રોજ-બરોજ પૃથ્વી ઉપર મોકલવામાં આવે છે.**

ગાળમાં આ જ પરંપરા રહેલી છે. જે માત્ર આ લોકસાહિત્યમાંથી જ મળી શકે. ચોમાસે પડતે વરસાદે “હાળ” (સાળ-ડાંગર)નો ધરું ચોપવા દહાડિયા (મજૂર) બોલાવ્યા હોય તો તેમના માટે ઘઉં-મકાઈના બાકળા બફાય. આ બાકળા એટલે મકાઈ, ઘઉં, ચણા વગેરે ભેગું કરીને બાફીને તેમાં જરાક મીઠું નાખી દેવું. એ બફાઈ એટલે બાકળા તૈયાર !! ખાખરાના પાંદડામાં કે માટીની તાવડી ભરીને કામ કરનાર મજૂરોને આપી દેવાના !, બપોરિયું કરીને પાછા કામે વળગે ! આ જ પ્રકારે ઝવેરચંદ મેઘાણીની આ લોકકથા સાંભળનારને તેના ગ્રામ્યપરિવેશ સાથે સહજમાં જોડી દે છે.

એ જ રીતે ધોરણ 10માં જોરાવરસિંહ જાદવ રચિત “ઘોડીની સ્વામીભક્તિ” લોકકથાનું આ એક જ વાક્ય લોકકથામાં પ્રાણ પૂરવા સક્ષમ છે -“બાપ ઢેલ, તેં આજ જીવતરનાં દાન દીધાં છે.” કહેતા આંબા પટેલની આંખ્યુંમાંથી ડબક-ડબક દેતાં બોર શા આંસુ સરી પડ્યાં. તેમણે ક્યાંય સુધી ઘોડીના વાંસા પર હાથ ફેરવ્યા કર્યો. ખેડૂતને મન તેનાં પાલતુ પશુઓ સંતાન કરતાં સહેજેય ઉતરતાં નથી હોતાં. દિવાળી પર બારસના દિવસે ગામની નદી કે તળાવમાં ગાય, બળદને નવડાવાનો એક આખો જુદો જ ભાવવાહી માહોલ સર્જાતો હોય છે. બેસતા વરસે તેમને રંગીને, મોરપિચ્છ-રીબીન બાંધી સજાવવામાં આવે અને એ જ રીતે તેમના મરણ પછી દુ:ખ સાથે તેનું દફન કરવામાં આવે. એવી ભવ્ય વિરાસત આ લોકકથાના માધ્યમથી આપણને મળી રહે છે.

ધોરણ 12માં ‘‘બા, ભાઈ ક્યાં છે ?’’ લોકવાર્તા ખૂબ જ સંવેદનશીલ હોવાની સાથે-સાથે ગ્રામ પરિવેશની આગવી કોઠાસૂઝનાં દર્શન કરાવે છે. તેની દીકરીની જાન માંડવે આવી ગઈ છે અને લગ્નના ટાણે જ એકના એક પુત્રને સાપ કરડે છે. તે મરણ પામે છે. છતાં તેનો અગ્નિદાહ અને દીકરીની વિદાય બન્ને પ્રસંગો એક સાથે કરવાની હિંમત હિમા ખુમાણ દાખવે છે, જે સાંભળનારને પણ ભીતરથી હલબલાવી મૂકે છે.

**(વધુ આવતા અંકે) (ક્રમશઃ)**

---

**સંપર્ક : એમ.વાય. હાઈસ્કૂલ, દાહોદ, જિ. પંચમહાલ**

## જય જય ગરવી ગુજરાત !

(‘જય જય ગરવી ગુજરાત’ - ગુજરાત પર કવિનો પ્રેમ ઊંડો, સતત અને આર્દ્ર હતો. એ સ્નેહઝરણમાંથી જે મનોહર કાવ્યની ઉત્પત્તિ થઈ તે આ કાવ્ય ગુજરાતનું ગૌરવગીત છે. આ કાવ્ય સમૂહમાં ગાઈ શકાય એવું છે. કાવ્યની કડીએ કડીએ કવિનો ગુજરાત માટેનો પ્રેમ વરતાય છે. કવિએ તેમાં ગુજરાતની ભૌગોલિક સીમાઓ દર્શાવતાં ચારે દિશાઓમાં ચાર તીર્થસ્થળોનો પણ ઉલ્લેખ કર્યો છે. એમાં પ્રેમ અને શૌર્ય વ્યક્ત થાય છે. કવિએ અહીં નર્મદા, મહી વગેરે નદીઓને યાદ કરીને ગુજરાતનાં ઊજળા ભાવિનો અણસાર આપેલો છે. કવિનો ગુજરાત પ્રેમ અને ભાવભીનો આશાવાદ આજે પણ સૌને મુગ્ધ કરે છે.)

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત !
દીપે અરુણું પરભાત !
ધ્વજ પ્રકાશશે ઝળળ કસુમ્બી પ્રેમ-શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને પ્રેમભક્તિની રીત.
ઊંચી તુજ સુંદર જાત.
જય જય ગરવી ગુજરાત !
ઉત્તરમાં અંબામાત,
પૂરવમાં કાળીમાત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા કુન્તેશ્વર મહાદેવ,
ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ.
છે સહાયમાં સાક્ષાત્,
જય જય ગરવી ગુજરાત !
નદી તાપી નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટનાં જુદ્ધરમણને, રત્નાકર સાગર,
પર્વત પરથી વીર પૂર્વજો દે આશિષ જયકાર;
સંપે સોહે સહુ જાત,
જય જય ગરવી ગુજરાત !
તે અણહિલવાડના રંગ,
તે સિદ્ધરાજ જેસંગ;
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત !
શુભ શકુન દીસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત !

- કવિ નર્મદ

**નકામો શિક્ષક ‘ભણાવી નાખે’ છે, સામાન્ય શિક્ષક સમજાવે છે, સાચો અને સારો શિક્ષક દર્શન કરાવે છે અને ઉત્તમ શિક્ષક પ્રેરણા આપે છે.-દોલતભાઈ દેસાઈ**

# કાવ્યશિક્ષણની કૂંચી

તુષાર વ્યાસ

- **પ્રાથમ્ય :**

'કાવ્યપ્રકાશ' પુસ્તકના આરંભે કવિ મમ્મટે કાવ્યના પ્રયોજનોની વાત આ રીતે કરી છે.

**"काव्यं यशसेडर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये ।**
**सधः परनिर्वृतये कान्तासंमिततयोपदेशयुबे ॥"**

પણ શાળા કક્ષાએ કાવ્યશિક્ષણના પ્રયોજનો ભિન્ન હોય છે. કાવ્યના ઉત્તમ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ કાવ્યઅભિમુખ થાય, સાહિત્યમાં રસ લેતા થાય. પ્રશ્નોના ઉત્તરો સમજપૂર્વક લખી શકે અને કાવ્યશિક્ષણની વિવિધ મનોરમ્ય ભંગિમાઓનો પણ તેમને પરિચય થાય તે અપેક્ષિત છે. આ બધું સિદ્ધ કરવા માટે શિક્ષક પાસે વિશિષ્ટ રીતે કાવ્યશિક્ષણના અધ્યાપન કાર્યની અપેક્ષા રહે છે.

અત્રે ધો. 9 થી 12ના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી એક પ્રકલ્પ કરવામાં આવ્યો. વિષય લીધો : 'શિક્ષકે કાવ્યનાં ઉત્તમ શિક્ષણ માટે શું કરવું જોઈએ ?' આ પ્રશ્નનો ઉત્તર-મંતવ્યો મેળવવા માટે ગુજરાતી ભાષાના કવિઓને કહ્યું. તેમણે પોતાના વિચારો લિખિત, વ્યાખ્યાન, ફોન રેકોર્ડિંગ સ્વરૂપે મોકલી આપ્યા. તેમાંથી જે નવનીત તારવ્યું તે અહીં પ્રસ્તુત છે.

- **કવિશ્રી વિનોદ જોશી :**

કાવ્યશિક્ષણ શિક્ષક માટે જરા વિશેષ પડકારરૂપ સાહિત્ય પ્રકાર છે. કવિતા જેવી નાજુક બાબત અને તેનો ભાષા સાથે શિક્ષક પનારો પાડે ત્યારે તેને ખબર હોવી જોઈએ કે, કવિતા એક 'કલાકૃતિ' છે.

કાવ્યશિક્ષણ સમયે શિક્ષકની ભાષા આરોહ-અવરોહયુક્ત હોય તે જરૂરી છે. આના કારણે અસરકારક પ્રત્યાયન થશે. કાવ્યનું છંદોબદ્ધ પઠન કાવ્યને વધારે રોચક બનાવશે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે શિક્ષક છંદથી અભિજ્ઞ હોય. વળી, ક્યાં સ્વરભાર મૂકવો ? અભિધાને અતિક્રમીને વ્યંજનાના વિસ્તાર સુધી વિદ્યાર્થીઓને રસપૂર્વક કેમ દોરી જવા ? આ બધી બાબતોનું પણ સમ્યક્ સંયોજન ઉત્તમ કાવ્યશિક્ષણ માટે આવશ્યક છે.

કેટલાંક ભાઈ-બહેનોનો કંઠ મધુર હોય છે. તેઓ ગાયન દ્વારા વિદ્યાર્થીઓને કાવ્યના સૌંદર્ય તરફ દોરી જાય છે. ગાયન દ્વારા કૃતિના માધુર્યની અનુભૂતિ થાય, શબ્દોનું સંગીત અનુભવાય અને આપણી શ્રુતિ (જે સતત સંભળાવાથી કંટાળી હોય) તેને થોડો જુદો અર્થ પણ મળે છે. આમ, કાવ્યગાન દ્વારા કાવ્યશિક્ષણને વિશેષ રૂચિકર બનાવી શકાય.

ક્યારેક કોઈ શિક્ષક વિદ્યાર્થીની કક્ષાને ઓછી આંકવાની ભૂલ કરી બેસે છે. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે, વિદ્યાર્થી શિક્ષક કરતાં વધારે જુદું, સારું અને સાચું વિચારી શકતો હોય છે. મારું જ એક દૃષ્ટાંત આપીને આ વાત સ્પષ્ટ કરું.

મારા અધ્યાપક કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા કવિ ન્હાનાલાલનું એક કાવ્ય વર્ગમાં સમજાવતા હતા. કવિએ પ્રયોજેલા રૂપક કરતા મેં જુદો અર્થ પ્રગટ કરી તેમને કહેલું, "કવિએ પ્રયોજેલું આ રૂપક મને નબળું લાગે છે." આમ કહ્યાં પછી મેં તેનું કારણ પણ જણાવ્યું. મારા અધ્યાપકે મારા વિચારને શાંતિથી સાંભળ્યો, સ્વીકાર્યો અને વર્ગમાં મને અભિનંદન આપી મારો મહિમા કર્યો. મારા અવિવેકને તેમણે પ્રાંજલ બનાવી દીધો હતો. આ ઘટનાની ફલશ્રુતિ એ છે કે, શિક્ષકે બાળકના મત અને વિચારને સાંભળવો. તેની અભિવ્યક્તિ માટે અવકાશ પૂરો પાડવો.

**જે બાળક દુ:ખી છે તે જ ખરા અર્થમાં મૂંઝવતું બાળક છે.**
**આવું બાળક સમાજની સામે સતત યુદ્ધ ખેલે છે. - કાકા કાલેલકર**

- **શ્રી લાભશંકર પુરોહિત :**

ધો. 9 થી 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કાવ્યસમજ પૂર્ણ પરિપક્વ તો નથી હોતી, તેથી તેઓ કવિતાનો ઊંડો મર્મ ન કરી શકે પણ એનો ગુંજારવ, તેના આરોહ-અવરોહ તેને સ્પર્શતા હોય છે એટલે શિક્ષકે કવિતાનું શિક્ષણ કેમ આપવું ? તે સમજવું જોઈએ.

કાવ્યશિક્ષણ માટે શિક્ષકની કાવ્યવાચનની સમજ વિસ્તરેલી હોવી જોઈએ. અભ્યાસક્રમમાં આવતા કાવ્ય ઉપરાંત પણ અન્ય કવિઓની કાવ્યકૃતિઓ તેમણે વાંચવી જોઈએ. બધાં જ કાવ્યો એક જ રીતિથી ન ભણાવવા જોઈએ. કાવ્યને તેના છંદ અને આરોહ-અવરોહ પ્રમાણે રજૂ કરવું જોઈએ. અમારા શિક્ષક અમને કવિ 'કલાપી'ની કૃતિ 'ગ્રામમાતા' જે રીતે ભણાવતા તેના કારણે આજે પણ એ કાવ્યની છાપ મારા ચિત્તમાં અંકિત છે.

શિક્ષક દ્વારા કાવ્યગાન થાય તો બાળકને કવિતામાં વધારે રસ પડે. કાવ્યપઠન પણ એક કળા છે. કાવ્યનું યોગ્ય રીતે પઠન કરવામાં આવે તો વર્ગમાં એક ભાવવિશ્વ રચાતું હોય છે.

પાઠ્યપુસ્તકમાં અલગ-અલગ કાળખંડની કવિતા હોય છે. મધ્યકાલીન યુગથી લઈ અનુઆધુનિક યુગ તેમાં સમાયો હોય છે. તેથી શિક્ષક પાસે જે-તે યુગની આબોહવાની જાણકારી આવશ્યક છે.

અભિવ્યક્તિની સજ્જતા પણ જરૂરી છે. વિદ્યાર્થીઓની ઉંમર અને તેની સમજણની કક્ષાને ધ્યાનમાં રાખીને શિક્ષકે ભાષા અભિવ્યક્તિ કરવાની છે. દુર્બોધ ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ. આટલું જો કાવ્યશિક્ષણ દરમિયાન કરવામાં આવે તો વિદ્યાર્થીને કવિતામાં રસ પડશે, કવિતા વાંચતો થશે અને એના અનુષંગે વિચારતો પણ થશે.

- **કવિ શ્રી મનોહર ત્રિવેદી :**

ઉત્તમ કાવ્યશિક્ષણ માટે કાવ્યકૃતિ આત્મસાત્ કરેલી હોવી જોઈએ. અર્થસંક્રમણની સમસ્યા હોય તો સંદર્ભો-અર્થો મેળવી લેવા જોઈએ. અધ્યાપન દરમિયાન શિક્ષક સહજ-સ્નેહાળ લાગવો જોઈએ. તેમાં કૃતક્તા ન પ્રવેશે તે માટે સાવધ રહેવું જોઈએ.

વર્ગમાં કવિતાને તેના છંદ, લય, ભાવ સાથે વાંચવાની છે. (કંઠ સહ્ય હોય તો) કાવ્યગાન કરી શકાય. વિદ્યાર્થી પાસે પણ કરાવી શકાય. કવિ-સર્જકનો પરિચય આપવો જોઈએ. અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખવાનો છે. જરૂર જણાય ત્યાં વચ્ચે વચ્ચે પ્રશ્નો પણ પૂછી શકાય. વ્યાકરણની સમજ પણ રસભંગ ન થાય તેમ આપી શકાય. શબ્દના અર્થો વિદ્યાર્થીઓ પાસેથી મેળવવામાં આવે, બોર્ડ પર કેટલીક નોંધ કરી શકાય. આ બધું સરસ રીતે મિશ્રિત થવું જોઈએ. અંતમાં એટલું જ કહું કે, શિક્ષકની રસિકતા અને સજ્જતા જ સર્વોપરી છે, એ હશે તો બાકીનું બધું જ પાછળ-પાછળ આવશે.

- **કવિશ્રી સંજુ વાળા :**

બહુધા શિક્ષકો 'આ કવિતામાં કવિ શું કહેવા માગે છે ?' આ પ્રશ્નને કેન્દ્રમાં રાખી કવિતાની ચર્ચા કરતા હોય છે, અર્થાત્ પરીક્ષાલક્ષી. એક રીતે આ કંઈ ખોટું પણ નથી, કારણ કે વિદ્યાર્થીઓને આ પ્રકારના પ્રશ્નો જ પરીક્ષામાં પૂછતા હોય છે. માટે પરીક્ષાલક્ષીતાને કાવ્યશિક્ષણથી વેગળું ન જ રાખી શકાય.

પરીક્ષાની સાથે સાથે વિદ્યાર્થીઓ કવિતામાં 'રસ' લેતા થાય તેવું કશુંક વિશેષ શિક્ષકે કરવું જોઈએ. કાવ્યશિક્ષણ પ્રારંભે સર્જક પરિચય થોડો વિશદ રીતે અપાય તે જરૂરી છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને કાવ્યપ્રવાહની અંદર પ્રવાસ કરાવવામાં આવે. (રસપ્રદ રીતે) આના કારણે વિદ્યાર્થી કાવ્યની નજીક જશે. અધ્યાપનકાર્ય હળવાશપૂર્વક કરવામાં આવે તો કવિતા સાથે વિદ્યાર્થીઓનું તાદાત્મ્ય કેળવી શકાય. આ બધી ઝીણી ઝીણી બાબતોની કાળજી રાખવામાં આવે તો વિદ્યાર્થીને કાવ્યમાં રસ પડશે. ભવિષ્યમાં સારો ભાવક થશે અને સ્હેજ આગળ વધી કહું

**એક નબળા વિચારનું બી વિકસિત થઈ વટવૃક્ષ બને છે
અને અણુબૉમ્બથી વધુ ખતરનાક સાબિત થાય છે.**

તો, સારો કવિ પણ બની શકે. અલબત્ત, વિદ્યાર્થીને કવિ બનાવવાનો હેતુ નથી જ, પણ એક વિદ્યાર્થી સારો ભાવક બને એ પાયાની બાબત છે.

- **કવિશ્રી હરજીવન દાફડા :**

શિક્ષકને કવિતામાં રસ હોય, સાહિત્યમાં રસ હોય તે બાબત પાયાની છે. વર્ગમાં શિક્ષકે કવિતામાંથી પ્રગટતો સામાન્ય અર્થ સમજાવ્યા બાદ વિશિષ્ટ અર્થ સમજાવવો જોઈએ. કાવ્યમાંથી જો નીપજતો હોય તો જીવન ઉપકારક સૂક્ષ્મ બોધ પણ અલગ તારવી રજૂ કરવો જોઈએ. ઉપરાંત કવિની નિરૂપણરીતિ, ભાષાકર્મ, શબ્દયોજના, નવીનતા આદિ બાબતે સદૃષ્ટાંત વિસ્તારપૂર્વક સમજાવવું જોઈએ. જે કાવ્ય વિશે વર્ગમાં વાત થઈ રહી હોય તેમાંથી વિદ્યાર્થી કવિતા અભિમુખ થાય, આગળ કાવ્યપ્રીતિ વધતાં ભાવકતા પણ વિકસે અને કાવ્યસર્જનની જિજ્ઞાસા પ્રગટે તેવા ઉમદા આશયથી કાવ્યશિક્ષણ અપાવવું જોઈએ.

- **કવિશ્રી ભરત ગોહેલ :**

વિવિધ સાહિત્ય પ્રકારોમાં કાવ્ય એક એવો વિષય છે કે જે અનેક સ્તરે ઉઘડવાની શક્યતાઓ ધરાવે છે. કાવ્ય ગદ્ય જેટલું સરળ નથી હોતું. શબ્દોના સ્થાન અને અર્થભેદે તેના અનેકાર્થ સિદ્ધ થતાં હોય છે. કાવ્યમર્મ સુધી પહોંચવા સામાન્યથી સહેજ ઊંડી સમજની અપેક્ષા હોય છે.

કાવ્યશિક્ષણ માટે શિક્ષક પાસે ભાષાનું ઊંડું જ્ઞાન, શબ્દભંડોળ, કાવ્યત્વની સૂક્ષ્મ સમજ - આટલી બાબત અનિવાર્ય છે. અભ્યાસુ શિક્ષકોમાં આ ગુણ હોય છે. આટલું હશે તો શિક્ષક બાળકને કવિતામાં રસ લેતો કરી શકશે. કાવ્યારંભે ભૂમિકા જરૂરી છે. કાવ્યજ્ઞાન કરી/કરાવી શકાય. અછાંદસ કાવ્યનું પણ જો યોગ્ય રીતે પઠન કરવામાં આવે તો ઘણાં અર્થો ખૂલી જતા હોય છે. ઇન્ટરનેટના માધ્યમથી ગીત-ગઝલ સંભળાવી શકાય.

કાવ્યશિક્ષણને હું ત્રણ પદ્ધતિમાં વિભાજીત કરું છું. **એક :** કાવ્યના શબ્દાર્થો કહી, કાવ્ય વાંચી સમજાવી આપવું. **બે :** કાવ્યનું ગાયન કરી/કરાવી/માધ્યમ વડે બતાવી અને કવિતાના કલ્પનો ઉઘાડી સમજાવવું. **ત્રણ :** વિદ્યાર્થીને કવિતામાં રસ પડે, આનંદ અનુભૂતિ થાય તથા કાવ્યલેખન તરફ દોરાય એ રીતે શીખવવું.

પ્રથમ સામાન્ય પદ્ધતિ છે. બીજી મધ્યમ અને ત્રીજી ભલે પરીક્ષાલક્ષી નથી, પરંતુ તેમાં ભાવિ કવિના બીજ, ભાષા સમૃદ્ધિના જતનની અમર આશા રહેલી છે.

**ફલશ્રુતિ :**

**આ પ્રકલ્પમાં છ કવિ-સર્જકો પાસેથી કાવ્યશિક્ષણ અંગેનાં જે મંતવ્યો જાણ્યા તેની ફલશ્રુતિ આ પ્રમાણે છે :**

- શિક્ષકની સાહિત્ય સાથે નિસબત હોવી જોઈએ.
- બહોળા પ્રમાણમાં વાંચન હોવું જોઈએ.
- કાવ્યસમજમાં વિશેષ અપેક્ષા રહે છે.
- અભિવ્યક્તિમાં સ્પષ્ટતા અનિવાર્ય છે.
- કૃતિ/કર્તા પરિચય વિશેષ રીતે આપવો જોઈએ.
- કાવ્યગાનનું વિશેષ મહત્ત્વ છે. ઈન્ટરનેટનો ઉપયોગ આવકાર્ય છે.
- કાવ્યપાઠમાં એકવિધતા ન હોવી જોઈએ.
- શિક્ષક છંદથી અભિજ્ઞ હોવો જોઈએ.
- કાવ્યમાં અભિધા-લક્ષણા-વ્યંજના ક્યાં રહેલી છે ? તે સમજાવવું.
- કાવ્યબોધ પાઠવવો.
- કાવ્યશિક્ષણ સાથે વ્યાકરણ પણ આવરી લેવું.
- વિદ્યાર્થીઓને સક્રિય રાખવા.

પ્રકલ્પમાંથી જે મુદ્દાઓ તારણરૂપે મળ્યા તેનું સંયોજન કરી શિક્ષક દ્વારા કાવ્યશિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થી કાવ્યશિક્ષણની પ્રક્રિયામાં રસપૂર્વક જોડાશે, કાવ્ય અભિરૂચિ વધશે અને ઉત્તરવહીમાં પણ મૌલિક દેખાવ કરી શકશે.

**સંપર્ક : એન.કે.વસાણી વિદ્યાલય, જંગર,
તા. કુંકાવાવ, જિ. અમોલી**

**ઉચ્ચ કક્ષાના, હકારાત્મક અને સર્જનાત્મક વિચારોથી માનવજીવન સાર્થક બને છે. - મુકુંદ પી. શાહ**

# ઉચ્ચ શિખરે પહોંચવાનું પ્રથમ પગથિયું - નિર્ભયતા

વિજય દાણી

મૂલ્ય શિક્ષણ કેળવણીનો અનિવાર્ય હિસ્સો છે. મૂલ્ય શિક્ષણના સંદર્ભે ઉચ્ચ કેળવણીકારોએ પોતપોતાના વિચારો પ્રગટ કર્યા છે. મૂલ્ય શિક્ષણ એ હકીકતમાં કેળવણીની 'બાય પ્રોડક્ટ' છે. શિક્ષણ એવું હોવું જોઈએ કે શિક્ષિત વ્યક્તિ મૂલ્યવાન જ પેદા થાય. મૂલ્ય શિક્ષણની તાતી જરૂર છે તેમ પણ ચર્ચાય છે. ધીમે-ધીમે મૂલ્યશિક્ષણ પરનો ભાર ઘટતો ગયો છે તે પણ તેટલી જ વાસ્તવિકતા છે. મૂલ્યોથી વિભૂષિત મૂલ્યવાન માનવ બનાવવા માટે 'નિર્ભયતા' પાયાનું મૂલ્ય છે.

ગીતાનાં ત્રણ મહામૂલ્યો છે, અભયમ્, અનાસક્તિ અને કર્મયોગ. આ વાત શરૂ કરતાં પહેલાં ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરની સુંદર પંક્તિઓ વાગોળી લઈએ.

**હું જોખમો સાથે આશ્રય શોધવા પ્રાર્થના ન કરું,**
**પરંતુ તેનો સામનો કરવાની નિર્ભયતા કેળવું,**
**હું મારાં દુઃખ હરવા માટે આજીજી ન કરું,**
**પરંતુ તેને જીતી લે તેવા હૃદય માટે પ્રાર્થના કરું.**

ઉપરોક્ત પંક્તિમાં જોખમો સાથે આશ્રય નહીં પરંતુ સામનો કરવાની વાત છે. સામનો ત્યારે થઈ શકે જયારે નિર્ભયતા હોય. સુખ અને દુઃખ તો સંસારનાં ચક્રો છે. તે તો આવ્યા જ કરવાના. દુઃખ હરવાની આજીજી નહીં પરંતુ દુઃખમાં પણ સુખની અનુભૂતિ થવી જોઈએ.

નેપોલિયન હિલે 1937માં તેમના પુસ્તક 'થિંક ઍન્ડ ગ્રો રીચ'માં બીક અથવા ડરના છ મૂળભૂત પ્રકાર વર્ણવ્યા છે. જે દરેક વ્યક્તિ પોતાની જિંદગીમાં કોઈને કોઈ સમયે અનુભવે જ છે.

**ગરીબીનો ડર, ટીકાનો ડર, માંદગીનો ડર,**
**કોઈનો પ્રેમ ગુમાવવાનો ડર, વૃદ્ધાવસ્થાનો ડર અને**
**છેલ્લે મૃત્યુનો ડર**

અથર્વવેદમાં એક પ્રાર્થના છે જે નિર્ભયતાની એકદમ સર્વગ્રાહી વ્યાખ્યા આપે છે.

अभयं मित्रादभयममित्रादभयं ज्ञातादभयं परो यः ।
अभयं नक्तमभयं दिवा नः सर्वा आशा मम मित्रं भवन्तु ॥

"અમે મિત્રોથી કે દુશ્મનોથી, જ્ઞાત કે અજ્ઞાતથી, દિવસથી કે રાતથી ભય ન અનુભવીએ, સર્વ દિશાઓ અમારી સાથી બનો."

જે ડરના કારણ છે તેને જડમૂળથી દૂર કરવામાં આવે તો જ નિર્ભયતા આવે. શિક્ષણ દ્વારા નેપોલિયને ગણાવેલા છ ડર કે ભય દૂર કરી શકાય. શિક્ષણની ફલશ્રુતિ તે જ છે કે બાળક નિર્ભય બને.

આજીવિકા મેળવે તેવું શિક્ષણ, મનને સ્થિર કરવાનું શિક્ષણ, સ્વાસ્થ્ય અંગેનું શિક્ષણ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ એટલે વાસ્તવિકતાનું, પંચમહાભૂત તત્ત્વોનું વિજ્ઞાન જો સમજાવવામાં આવે. વિવિધ વ્યવહારુ દૃષ્ટાંતો થકી સમજાવવામાં આવે તો ડર નાબૂદ કરી શકાય છે, તે છે જ અને રહેવાનું. સરદાર વલ્લભભાઈએ પણ કહ્યું છે કે "જ્યાં સુધી તમે મૃત્યુના ડરથી જીવો છો તો તમે જીવતા મરેલા છો. મૃત્યુનો ડર છોડશો ત્યારે તમે જીવન જીવી શકશો."

### 'સાચા, સૌમ્ય અને નિર્ભય બનો.' - મહાત્મા ગાંધી

પૂજ્ય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી પણ નિર્ભય બનો તેવું સૂચવતા હોય ત્યારે આપણે તે માટેનું શિક્ષણ આપવું રહ્યું. નિર્ભય ત્યારે જ બનાય જયારે વ્યક્તિ સત્યને વરેલી હોય. સત્યથી વેગળા રહીને નિર્ભય ન બની શકાય. બાપુ હંમેશાં સત્યને વરેલા હતા. તેથી જ તેઓ નિર્ભય હતા. તેમના નિર્ભયતાના ગુણે જ આપણને 'આઝાદી' મળી એમ કહેવામાં આવે તો ખોટું નથી.

કથાકાર પૂજ્ય મોરારિ બાપુ પણ કહે છે કે: અમરત્વ ઉછીનું લઈ શકાય પરંતુ અભયત્વ નહીં. એટલે કે અભયત્વ એ અંદરથી સ્ફૂરે છે અને ઉછીનું કોઈ પાસેથી મેળવી શકાતું નથી.

**સહુ ચલો જીતવા જંગ, બ્યૂગલો વાગે, યાહોમ કરીને પડો, ફતેહ છે આગે ! - કવિ નર્મદ**

શ્રીકૃષ્ણ એ શ્રેષ્ઠ શિક્ષક રહ્યા છે. રણમેદાનનું ગીત એટલે ગીતા અને એ ગીતામાં શ્રીકૃષ્ણએ અર્જુનને યુદ્ધ માટે કેવી રીતે તૈયાર કર્યા છે ? નિરાશ / હતાશ થયેલા અર્જુનને ભગવાને યુદ્ધ માટે તૈયાર કર્યા છે. યુદ્ધના મેદાનમાં ડર કેમ ચાલે ? સૌ પ્રથમ યોગેશ્વરે પાર્થના (અર્જુનના) મનને ભયમુક્ત કર્યું છે. "તું અવિનાશી અને અમર છે." આવું વાક્ય હરિના સ્વમુખે સાંભળનાર કયારેય ડરે ખરો ? બસ, આપણે શિક્ષક તરીકે આ જ કામ કરવાનું છે. આપણા વિદ્યાર્થીને ડરમુક્ત કરવાનો છે. પરીક્ષાનો ડર, પરિણામનો ડર વગેરે ડરથી મુકત કરવાનો છે.

અનાસક્તિ એટલે સો ટકા કર્તવ્યનિષ્ઠા અને પરિણામની ચિંતાથી મુક્તિ. યુદ્ધમાં બે જ સંભાવના છે, હાર કે જીત.

1. જીતો અને રાજ કરો.

2. ન્યાય માટે લડી વીરગતિ પામો અને અમર થાઓ !

તો શા માટે પરિણામની ચિંતા કરવી ? આમ, અનાસક્તિના પાયામાં પણ અભયમ્‌નું અમૃત છે. અભયમ્ અને અનાસક્તિ કેળવાય ત્યારે કર્મયોગનું ખરું સ્વરૂપ પ્રગટ થાય !

ગોવિંદની ડિકશનરીમાં એક જ શબ્દ હતો- સખા. અભયમ્ માટે મૈત્રીભાવ હોવો અનિવાર્ય છે. જયાં મૈત્રીભાવ હોય ત્યાં અભયમ્ અનાયાસ છે ! જયાં અભયમ્ છે, ત્યાં મુક્ત સંવાદ છે. મુક્ત સંવાદ સ્વસ્થ પર્યાવરણની પાયાની શરત છે. શિક્ષક તરીકે આપણા વિદ્યાર્થી સાથે સખ્યભાવ રાખવાનો છે. મુક્તસંવાદ થશે તો જ પરિણામો સારા મેળવી શકીશું.

મૈત્રીભાવ અનાસક્તિ અને કર્તવ્યનો પ્રેરણાસ્રોત છે. મૈત્રીભાવ ખૂબ જ આવશ્યક છે. આમેય શિક્ષક માટે એવું કહેવાય છે કે 'શિક્ષક એ વિદ્યાર્થીનો ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ' હોવો જોઈએ. બસ આ જ વાત પકડીને આગળ વધવાથી જ બાળકને નિર્ભય બનાવી શકાશે.

વિદ્યાર્થી અભય હશે તો તેનો વિકાસ કરી શકશે. પરિણામ જે આવે તેનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરશે. હતાશા નહીં અનુભવે. આપઘાતના પ્રશ્નો ટળશે. હિંમત આવશે. વાસ્તવિકતા સ્વીકારતો થશે. શિક્ષણનાં સારાં પરિણામો મેળવવા વિદ્યાર્થીને અભય બનાવવો જ પડશે.

---

**સંપર્ક : આચાર્ય, શ્રી આદર્શ વિદ્યાલય, લીંભોઈ,**
**તા. મોડાસા, જિ. અરવલ્લી**




**સ્વરાજ મારો જન્મસિદ્ધ અધિકાર છે, સ્વતંત્રતા પરમાત્માનો જ ગુણ છે. - લોકમાન્ય તિલક**

# વિદ્યાર્થી અને શિક્ષક : તે છે શિષ્ય અને ગુરુ

કનુભાઈ ડી. પટેલ

શિક્ષક ભાઈઓ અને બહેનો, આપણું કામ, આપણી ફરજ અને આપણું કર્તવ્ય બાળકને શિક્ષણ આપવાનું છે. તેને સમાજમાં જીવવા માટે ઘડવાનો છે. તેનો સર્વાંગી વિકાસ કરવાનો છે. તેનું ઘડતર કરવાનું છે. તેનામાં વાણી, વર્તન અને વિવેક લાવવાનો છે, તેને વિનયી બનાવવાનો છે.

બાળકો જુદા-જુદા સમાજમાંથી આવે છે. જુદી જુદી વાણી અને વર્તન શીખીને આવે છે. શાળામાં તે બધા ભેગા થાય છે. એટલે તેમને કેળવવા પડે છે. તે કામ આપણું છે. તેમનામાં એકતા, એકરૂપતા, શિષ્ટતા, શિસ્ત અને સમજદારી લાવવાની છે.

તેમની વાણી સારી હોય, વર્તન સારું હોય, વિવેક અને વિનય હોય, આજ્ઞાંકિતતા હોય, સમજદારી હોય, ઘરમાં મા-બાપનું માન જાળવે, તેમની આજ્ઞાનું પાલન કરે, સમાજમાં વડીલોનું માન જાળવે, તેમની આજ્ઞાનું પાલન કરે, મહેમાનોનું સ્વાગત કરે, પ્રેમથી આવકારે અને સારી આગતા-સ્વાગતા કરે.

શાળામાં ગુરૂજનોને માન આપે, તેમની આજ્ઞાનું પાલન કરે, તે ભણે, આગળ આવે, પ્રગતિ કરે, ઘર, કુટુંબ, ગામ, સમાજ અને શાળાનું નામ રોશન કરે, મા-બાપ અને ગુરૂજનોનું માન વધારે ને નામ રોશન કરે એ કોણ કરશે ? મા-બાપ પછી આપણી ફરજ અને જવાબદારી છે. શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને ઘણું બધું આપવાનું છે, એ કામ આપણું છે.

આપણે જેવું વર્તન કરીશું એવું જ વર્તન બાળક કરશે, એવી જ આપણી છાપ તેમના મન પર પડશે. નકારાત્મક વર્તનની છાપ નકારાત્મક અને હકારાત્મક વર્તનની છાપ હકારાત્મક પડશે. તેની સાથે કેવી રીતે વર્તવું એ આપણે જોવાનું છે. આપણી છાપ તેના મન પર નકારાત્મક પડશે તો તે આપણાથી દૂર રહેશે. સમાજમાં આપણી છાપ સારી નહીં પડે. વધારે પડતા કડક રહીશું તો તે દૂર ભાગશે. સમાજમાં અને ગામમાં આપણા વખાણ નહીં કરે અને હકારાત્મક છાપ પડશે તો આપણી પાસે દોડતા આવશે. પ્રેમથી વર્તો, સ્નેહથી વર્તો, સેવાભાવી બનો તો તે નજીક આવશે, આપણી આજ્ઞાનું પાલન કરશે અને આપણું માન જાળવશે.

આપણી લોકચાહના કીર્તિ અને માન સમાજમાં બાળક જ વધારે છે અને ઘટાડે છે. સમાજમાં કહેશે જવાદોને એ સાહેબ કે બહેનની વાત ન કરશો, એ આવા છે ને તેવા છે. વધારે કડક છે, મારે છે, હડધૂત કરે છે, જાકારો આપે છે. એવી છાપ પાડશે પણ આપણું વર્તન સારું હોય, ભણાવવાની રીત અને પદ્ધતિ સારી હોય, પ્રેમથી ભણાવશો ને સમજાવશો, શિક્ષણની સાથે વિષય અનુરૂપ દાખલા, પ્રસંગો, બનાવો, કથા અને વાર્તાથી સમજાવશો. દૃષ્ટાંતો આપશો તો તે સારી રીતે સમજશે અને તે આપણાથી દૂર નહીં ભાગે. મા-બાપ પછી બીજા નંબરના આપણે તેના મા-બાપ છીએ. અહીંથી ભણીને જાય તોપણ કાયમ માટે આપણને યાદ કરે એવી છાપ લઈને જાય અને યાદ કરે. પિતા શિક્ષક નથી બની શકતા. પણ માતા શિક્ષક બની શકે છે. આપણે તેની માતા છીએ. કારણ કે આપણે શિક્ષક છીએ.

આપણામાં નિયમિતતા હશે તો વિદ્યાર્થીમાં નિયમિતતા આવશે. આપણે આપણી ફરજ નિયમિત રીતે બજાવીશું તો તેની છાપ સારી પડશે. શાળામાં નિયમિત આવીએ. શાળાસમય પછી જઈએ. જો આપણે નિયમિત હોઈશું તો વિદ્યાર્થી નિયમિત બનશે. જો આપણે અનિયમિત હોઈશું તો વિદ્યાર્થી શું કહેશે, જવાદોને સાહેબ અને બહેન પોતે જ મોડા આવે છે અને આપણને નિયમિતતાની વાતો કરે છે.

આપણે ગુરુ છીએ. આપણને સારો એવો પગાર મળે છે. તો 100 % વળતર ન વાળીએ તો કંઈ નહીં પણ તેનું 90 % વળતર વાળવું જોઈએ. વધારે વાળો તો ઘણું

**મનુષ્ય સ્વતંત્રતાપ્રિય છે. કોઈપણ પ્રકારની ગુલામીને તે સહી શકતો નથી.**

સારું. બાળક એ નિર્દોષ છે. તેનામાં ભગવાનનો વાસ છે તેમ માનવું જોઈએ. જો આપણે બાળકનું અહિત કરીશું તો ભગવાન આપણું અહિત કરશે અને જો તેનું હિત કરીશું તો ભગવાન આપણું હિત કરશે. તેઓ નિર્દોષ છે. સમાજમાં એવા દાખલા જોવા મળ્યા છે કે જેમણે પગાર લઈને બાળક સામે ઓછું જોયું છે તે સુખી થયા નથી પછી તે આર્થિક રીતે હોય કે શારીરિક રીતે હોય એટલે તમે બાળકોનું સારું કરશો તો ઈશ્વર તમારું સારું કરશે. એવા પણ મેં ગુરુ (શિક્ષક) જોયા છે. જેમણે બાળકોના હિત માટે પ્રયત્ન કરેલા છે અને કરે છે તેઓ આજે પણ સારી રીતે જીવે છે. જેવા કે મારા ગુરુઓ જેમણે અમને ધો. 6 થી ભણાવ્યા છે અને આજે પણ હયાત છે અને તેમને હું અવારનવાર મળું છું.

આપણે શાળામાં આપણી ફરજ દરમિયાન જે કામ સોંપ્યું હોય તે શિક્ષણ, ઈતર પ્રવૃત્તિ, શૈક્ષણિક પ્રવૃત્તિ, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, રાષ્ટ્રીય પ્રવૃત્તિ, રમત-ગમત પ્રવૃત્તિ, શાળાકીય પ્રવૃત્તિ, પ્રાર્થના-આ સિવાય શાળા અને મંડળ તરફથી સોંપવામાં આવેલા કામ સારી રીતે બજાવીએ અને તેને ફરજ સમજીને વિશ્વાસથી પૂર્ણ કરીએ એમાં આપણી શોભા છે. એ આપણી ફરજ છે અને કર્તવ્ય પણ છે.

શાળાના કાર્યની શરૂઆત પ્રાર્થનાથી થાય છે. પ્રાર્થનામાં બાળક સ્થિતપ્રજ્ઞ (પ્રાર્થનાની સ્થિતિ)માં બેસે છે. બે હાથ જોડેલા અને આંખો બંધ હોય છે. તો આપણે પણ એ રીતે રહેવું જોઈએ. સ્થિર ઊભા રહેવું જોઈએ અથવા ખુરશીમાં બેસવું જોઈએ પણ પ્રાર્થના વખતે આપણે કોઈ પ્રવૃત્તિ કરીએ, વર્ગમાં ફરી એ, વર્ગની બહાર જઈએ, કોઈની સામે વાતો કરીએ. પાટિયા પર લખવાની પ્રવૃત્તિ કરીએ તો વિદ્યાર્થી પર તેની અવળી છાપ પડશે. સાહેબ પોતે જ પ્રાર્થનાની સ્થિતિમાં નથી તો આપણે કેમ? એ પણ આડુંઅવળું જોશે અને કંઈ બીજી પ્રવૃત્તિ કરશે. પણ સમૂહમાં પ્રાર્થના થતી હોય તો વાત અલગ છે કારણ કે એમાં બધાને પ્રાર્થનાની સ્થિતિમાં ઊભા રહેવું પડે છે અને વર્તવું પણ પડે છે. પ્રાર્થનામાં ઈશ્વર સાથે એકરૂપ થવું જોઈએ.

બાળક સમાજમાં આપણી કિંમત વધારે છે અને ઘટાડે છે. તો આપણે શું કરવું ? અને શું કરીશું ? આપણે હકારાત્મક રહીશું તો બાળક પણ આપણી સાથે હકારાત્મક રહેશે. ગામમાં જોઈશું તો અનેક જણ બોલાવશે પણ નેગેટીવ છાપ હશે તો કોઈ નહીં બોલાવે. જવાદોને નથી બોલવું ને નથી બોલાવવા. આપણે પણ એક વખત વિદ્યાર્થી હતા ત્યારની પરિસ્થિતિ વિચારો. એ વખતે આપણે શું કરતાં? એ વખતે કયા ગુરૂજનોનું વધારે માન હતું અને કોનું ઓછું, સમાજમાં કોનું માન વધુ હતું તો વિચારો આજે આપણે શું કરવાની જરૂર છે.

શિક્ષક દિનની સાર્થકતા ક્યારે હોય? જ્યારે આપણે ખરા અર્થમાં શિક્ષક હોઈએ. વિદ્યાર્થીઓમાં પ્રિય હોઈએ. વિદ્યાર્થી ભણીને જશે તો તમને યાદ કરશે. રસ્તામાં મળશે તો બોલાવશે, પગે લાગશે, વંદન કરશે, માન આપશે. આપણે તેને તેના ભલા માટે શિક્ષા કરીએ પણ નેગેટીવ ભાવનાથી નહીં પણ સારી ભાવનાથી શિક્ષા કર્યા પછી પણ તેને પ્રેમથી બોલાવીએ અને સમજાવીએ કે કેમ આમ થયું અને આમ કર્યું ? તેનાં કારણો શોધીએ. ગૃહકાર્ય નહીં લાવવાના અને શાળામાં મોડા આવવાના ઘણાં બધા કારણો હોય છે. ગેરહાજર હોય, બહારગામ ગયો હોય. બીમારી હોય, આવડતું ન હોય, વિષયમાં નબળો હોય, પોતે ભણવામાં નબળો હોય, પુસ્તક ન હોય, નોટ ન હોય, પેન ન હોય, ઘરની પરિસ્થિતિ નબળી હોય, આર્થિક પરિસ્થિતિ સારી ન હોય, આવક ઓછી હોય, બહાના બનાવતા હોય, એની નોટ કોઈ મિત્ર લઈ ગયો હોય આવાં તો અનેક કારણો હોઈ શકે છે. એ શોધવાની જવાબદારી આપણી છે.

આપણે સારી રીતે આવક પ્રાપ્ત કરીએ છીએ. તો તેનો દશમો ભાગ (દશ ટકા) ન વાપરીએ તો કંઈ નહિ પણ એક ટકા રકમ આવાં ગરીબ બાળકો, અનાથ બાળકોને ભણાવવામાં વાપરીશું તો ભગવાન પણ આપણી સામે જોશે. આપણું સારું થશે. ધન સારી જગ્યાએ વપરાવું જોઈએ. એક ચા ઓછી પીશું તો કંઈ વાંધો નહીં પણ આવા સારા કામ કરીશું તો યાદગીરી રહેશે. આ માટે આપ સૌ વિચારશો.

બાળકોમાં ઘણી બધી કલા રહેલી હોય છે. તેને ઘણી બધી પ્રવૃત્તિમાં રસ પણ હોય છે. એમને શાળાની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેવાની ઈચ્છા પણ હોય છે. પણ શરમના માર્યા બોલી શકતા નથી, ભાગ લેવા આગળ આવી શકતા

**યાદ રાખો કે સ્વતંત્રતાનું મૂલ્ય તમારે ચૂકવવું જ પડશે. સ્વતંત્રતા ક્યારેય ભીખ માંગવાથી મળી શકતી નથી. તેને બળપૂર્વક જ મેળવવી પડશે. તેની કિંમત લોહી છે. - સુભાષચંદ્ર બોઝ**

નથી. બાળકમાં રહેલી કલા શોધવાની જવાબદારી આપણી છે. તેને વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લેતા કરવાના છે અને પ્રોત્સાહન આપવાની જરૂર છે. જેથી તે આગળ આવે અને ભાગ લે એવા કરવાના છે. બાળકોમાં ઘણી બધી પ્રતિભા હોય છે. ફક્ત શોધવાની જરૂર છે.

બાળકો શાળાનો પ્રાણ છે. બાળકો વિના શાળા સૂની સૂની લાગે છે. બાળકો શાળામાં આવે છે ત્યારે એમ લાગે છે કે જાણે શાળામાં જીવ આવ્યો. બાળકો શાળામાં જ્યારે આવે છે ત્યારે તેમના અવાજથી વાતાવરણ ગૂંજી ઊઠે છે. બાળકો વિના શાળાની કોઈ કિંમત નથી. શાળામાં બાળકો નહીં હોય તો શાળાનો કોઈ અર્થ રહેતો નથી. બાળકો શાળામાં નહીં હોય તો પછી આપણી પણ કોઈ કિંમત રહેતી નથી. આપણે કોને ભણાવીશું ? શાળાને, દીવાલને, બૅન્ચોને, બારીબારણાંને, કાળા પાટિયાને, વિચારો આપણે શું કરવાની જરૂર છે ? બાળકોને શાળામાં લાવતા કરવાની જરૂર છે? શાળા એ વિદ્યામંદિર છે. શાળામાં સરસ્વતી માતાનો વાસ છે. બાળકો સરસ્વતી માતાનાં બાળકો છે. આપણે તેના ગુરુ છીએ. ગુરુ શિષ્યનો સંબંધ છે. શિષ્ય નહીં હોય તો ગુરુનો કોઈ અર્થ રહેતો નથી. શિષ્ય છે તો ગુરુ છે અને ગુરુ છે તો શિષ્ય છે. શાળાને ચેતનવંતી બનાવવા માટે, ગૂંજતી કરવા માટે, કલરવ-શોર કરવા માટે તમારે કંઈક કરવું પડશે. શું કરવું ? એ તમારે વિચારવાની જરૂર છે. જરૂરથી વિચારો અને અમલમાં મૂકો. બાળકોને ભણતા કરો. વાલીઓને સમજાવો. પ્રેમથી અને સ્નેહથી બાળકને સમજાવો.

ગુરુ નિવ્યર્સની હોવા જોઈએ. આપણામાં કોઈ વ્યસન ન હોવું જોઈએ જે અન્યની નજરમાં ખરાબ હોય. તો જ આપણે બાળકને વ્યસન નહીં કરવાની સલાહ આપીશું અને તો તેની અસર સારી પડશે ને આપણે વ્યસની હોઈશું તો બાળકને કંઈ પણ કહી શકીશું નહીં. જો કહેવા જઈશું તો બાળક મનમાં કહેશે સાહેબ પોતે વ્યસન કરે છે અને અમને કહેશે કે વ્યસન ન કરો. સાચો ગુરુ તે છે જે વ્યસન કરતો ન હોય, તે વ્યસનથી મુક્ત હોય તે સલાહ આપી શકે છે. તો જ ગુરુ તરીકેની તમારી છાપ બાળક પર સારી પડશે. વિચારો તમારે શું કરવું ?

બાળકના મનમાં ગુરુ હંમેશાં ગુરુ રહે છે, પૂજનીય ગણે છે. એમના દોષ યાદ નથી રાખતો. તમારી છાપ વિદ્યાર્થીમાં - વાલીમાં - સમાજમાં સારી પડે, લોકચાહના વધે, કીર્તિ વધે, યશ વધે, નામના વધે એવી હું આશા રાખું છું. સેવા માટે તમારી તંદુરસ્તી સારી રહે એવી હું મા સરસ્વતીને દિલથી પ્રાર્થના કરું છું. આગળ વધો. પ્રયત્ન કરો. સફળતા પ્રાપ્ત કરો અને નામના મેળવો. એમાં તમારી પ્રગતિ થાય એવી ભાવના રાખું છું. આજે જે છો તેના કરતાં વધારે શ્રેષ્ઠ શિક્ષક બનો એવી ઇચ્છા રાખું છું.

**સંપર્ક :** **ડાહીબા ઉત્તર બુનિયાદી વિદ્યાલય, દંતાલી, જિ.**

### અધ્યયન શિક્ષણમાં અધ્યાપન પદ્ધતિઓ
### શિક્ષણકેન્દ્રી પદ્ધતિઓ

1. ટીમમીંટિંગ
2. માઇક્રોટીચિંગ
3. વર્ણન
4. પ્રવચન-વ્યાખ્યાન
5. પ્રશ્નોત્તરી
6. વાર્તાકથન
7. ખંડિત વાર્તાવર્ણન

### વિદ્યાર્થીકેન્દ્રી પદ્ધતિઓ

**1) ચર્ચાકેન્દ્રી પદ્ધતિઓ :**

- ચર્ચાસભા (ડિબેટ)
- મુક્તચર્ચા
- જૂથસભા (ગ્રૂપ ડિસ્કશન)
- ગોળમેજી પરિષદ
- પેનલ ચર્ચા
- કાર્યસભા (વર્કશોપ)
- સૅમિનાર
- ગોષ્ઠિ
- પરિસંવાદ (સિમ્પોજિયમ)
- મધપૂડો (બઝસેશન)

**2) સ્વ-અધ્યયનકેન્દ્રી પદ્ધતિઓ :**

- અભિક્રમિત અધ્યયન (પ્રોગ્રામ લર્નિંગ)
- સ્વાધ્યાય
- નિરીક્ષિત અભ્યાસ
- અધ્યાપન પ્રતિમાન (મૉડ્યુલ)

**3) અભિનયકેન્દ્રી પદ્ધતિઓ :**

- સામાજિક નાટક
- સંવાદ
- ત્વરિત નાટક
- રૂપક

**4) મોકકેન્દ્રી પદ્ધતિઓ :**

1. મોક કોર્ટ
2. મોકધારાસભા
3. મોક પાર્લામેન્ટ
4. મોક યૂનો
5. મોક પંચાયત
6. મોક પત્રકાર-પરિષદ
7. મોક બૅન્ક-પોસ્ટ ઑફિસ
8. મોક સર્વધર્મ પરિષદ

**(સંકલન)**

**મહાન કાર્ય કરવાને તમે સર્જાયા છો એવી શ્રદ્ધા રાખો, શ્રદ્ધાવાન બનો. - સ્વામી વિવેકાનંદ**

# કેળવણીનું ક્લેવર : મનસુખભાઈ સલ્લા

**ડૉ. મિતેશ શેલક**

આજે હું મારી જાતને સદ્‌ભાગી માનું છું કે પ્રભુએ મને મનુષ્યનો જન્મ આપીને એક શિક્ષક તરીકે પસંદ કર્યો તેમજ શિક્ષણના નિરાળા જીવ એવા વિદ્વાનોનું સાંનિધ્ય સાંપડ્યું. આજે તમને એવા જ એક 'કેળવણીના કલેવર' સમાન 'શિક્ષણના ખરા જીવ' એવા આદરણીય મનસુખભાઈ સલ્લા વિશે વાત કરવાનો છું.

સૌરાષ્ટ્રના સોની પરિવારમાં જન્મેલા મનસુખભાઈ સલ્લાના માતા-પિતા પ્રારંભે સુખી-સંપન્ન ગણાતા. કહેવાય છે કે તે વેળા તેમની બાના શરીર પર ઘણાં ઘરેણાં પહેરેલાં રહેતાં. પરંતુ વિધાતાની વક્રતા જીવન ક્યારે નવો વળાંક લઈ લે કોઈને ખબર પડતી નથી. તેમ ઘરની સમગ્ર તાસીર બદલાઈ ગઈ. સાવ નાની વયમાં પાંચ જ વરસની ઉંમરમાં તેમણે પિતાની છત્રછાયા ગુમાવી. જીવતર પળમાં પલટાઈ ગયું. સુખમાંથી દુઃખમાં આવતા વાર ન લાગી. હવે બાને પણ ઘરનું ગુજરાન ચલાવવા મજૂરીએ જવું પડતું હતું. આમ ઘણી તકલીફો અને પીડાઓમાં મનસુખભાઈ મોટા થતાં ગયા ને અભ્યાસ કરતા ગયા. ભણતરના દિવસો દરમ્યાન પણ ઘણીવાર શાળાની ફી અને પુસ્તકો ખરીદવાના પૈસાનો સવાલ ઊભો થતો, પણ સુખી પરિવારના મિત્રો દ્વારા તે બધું કુદરતી પાર પડતું. છતાં સલ્લા સાહેબ કહે છે તે મુજબ ગરીબીની લાચારી ક્યાંય નહોતી આવતી. આ રીતે મિત્રો અને સ્કોલરશીપ દ્વારા તેમનું શિક્ષણનું ગાડું ગબડતું હતું. ગરીબી ખરી, પણ લાચારી નહિ. પરંતુ ખુમારી હતી અને આ ખુમારીના સંસ્કાર તેમને પોતાની બા પાસેથી વારસામાં મળેલા.

સંઘર્ષી જીવનની વાતો વાગોળતાં વાગોળતાં તેઓ કહેતા હતા કે "જીવનમાં જ્યારે દુઃખ કે સંઘર્ષ આવે છે ત્યારે સમજવું કે નક્કી હવે સુખના પ્રદેશમાં પ્રવેશ કરવાનો છે." તેમ તેમના જીવનમાં અનેક મુશ્કેલીઓ અને મૂંઝવણો આવી પણ તેમણે તેને સંભાળી લીધી છે. તે અટક્યા, ડગ્યા કે હાર્યા નથી. પણ વટભેર આગળ વધ્યા છે. થોડાક સમય પહેલાં તેમના સાઢુભાઈના પિસ્તાળીસ વરસના દીકરાનું હૃદયરોગના હુમલાથી આકસ્મિક અવસાન થયેલું. પરિવારમાં સગાં-વ્હાલામાં બધે રોકકળ હતી. તેમનેય દુઃખ તો ઘણું થયેલું, પણ પોતાની જાતને સંભાળી લીધેલી. કદાચ આ બધો માનો સંસ્કારવારસો અને વિપશ્યના ધ્યાનયોગનો પ્રભાવ હશે !

મનસુખભાઈને શિક્ષણ સાથે ખાસ્સી એવી નિસ્બત અને યોગાનુયોગ. તેમને આપણા ગુજરાતના ઉત્તમ લોકશિક્ષકો અને કેળવણીકારો એવા નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકર મો. ભટ્ટ, ન.પ્ર.બૂચ જેવા વિદ્વાનોનો સહવાસ મળ્યો. આપણી ગુજરાતી ભાષાના જાણીતા લેખક-શિક્ષક મનુભાઈ પંચોળી 'દર્શક' સાથે તેમણે જીવનનો મોટો ભાગ વીતાવેલો. 'દર્શક' સહવાસમાં તેમણે કેળવણીના ઘણા પાઠ શીખેલા. અનુભવના ઘરેણાં સમાન તેમણે ગુજરાતને નઈ તાલીમ શ્રમ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. સલ્લા સાહેબ માટે વર્ગલોક આનંદલોક હતો. શિક્ષણના અનેક પ્રયોગો દ્વારા તેમણે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જગાડેલી. તેમના મતે શિક્ષણ એ ધંધો નહીં, ધર્મ હતો. વિદ્યાર્થીની આવડત, ક્ષમતા અને આત્મવિશ્વાસ વધારવામાં સલ્લા સાહેબ હંમેશાં તત્પર રહેતા. શિક્ષણના અનેક પ્રયોગો દ્વારા તેમણે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને જગાડેલી. તેમના મતે કેળવણી એ માનવઘડતર માટે પાયાનું સાધન છે. શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા તો જુઓ પોતે આચાર્ય હોવા છતાં એક દિવસ વર્ગમાં પિરિયડ સમયે મોડા પડ્યા, ઊંઘી રહ્યા તો તેમણે આચાર્ય-આચાર્યને (પોતે-પોતાને) પત્ર લખ્યો અને પોતાની ભૂલનો એકરાર કર્યો અને ક્ષમાયાચના કરતાં ફરીવાર આવું નહીં બને તેની કેફિયત રજૂ કરી અને કાગળ ફાઈલ કરવાનું જણાવ્યું.

સલ્લાસાહેબ જણાવે છે કે, "લોકભારતી શિક્ષણસંસ્થાની હંમેશાં એક સૂક્ષ્મ સમજ રહી છે કે નાના માણસની પણ ઉપેક્ષા ન થવી જોઈએ. સંસ્થાના આચાર્યનું કામ માત્ર વહીવટ કરવાનું નથી, એ તો સહજપણે થાય જ, પરંતુ મુખ્ય કામ સાથી અધ્યાપકોનો દૃષ્ટિવિકાસ થાય તેવું આયોજન કરવાનું છે. બીજું, વહીવટનો ગમે તેટલો ભાર હોય તોપણ આચાર્યે કદી અધ્યાપન કાર્ય છોડવું ન જોઈએ. ''એક શિક્ષક - આચાર્ય તરીકે તેમણે વિદ્યાર્થીઓને

**જે પરાધીન છે તે બધું દુઃખ છે અને જે સ્વાધીન છે તે બધું સુખ છે. - ઉદાન**

નિખાલસ-નિર્દોષભાવે ચાહ્યા છે તો સામે વિદ્યાર્થીઓનો પણ ભરપૂર સ્નેહભાવ પામી શક્યા છે.''

માત્ર માહિતી નહીં, પણ નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણ, શ્રમશિક્ષણના ખાસ આગ્રહી તેવા મનસુખભાઈ સલ્લા આજે પણ કેળવણીની ચિંતા કરી રહ્યા છે, વિદ્યાર્થી-શિક્ષકોના ઉમદા ઘડતર માટે પ્રયાસો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ કેવી રીતે મળે ? ઉત્તમ સંનિષ્ઠ શિક્ષકો કેમ ઘડાય ? ઉત્તમ પાઠ્યપુસ્તકો-અભ્યાસક્રમ રચાય તે માટે તેઓ હંમેશાં પ્રયત્નશીલ રહે છે. ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ ખાતે 'ગુજરાતી' વિષયના ધો.9 થી 12ના પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં તેમની સેવાઓ મૂલ્યવાન અને નોંધપાત્ર છે. આદરણીય રતિલાલ બોરીસાગર કહે છે કે, ''મનસુખભાઈ સરલ સ્વભાવના સજ્જન માણસ છે, શિક્ષણ-સાહિત્યના જીવ એવા તેઓ નઈ તાલીમના ઉત્તમ ભાષ્યકાર છે. તેમનો 'અનુભવની એરણ પર' શિક્ષણના અનુભવો પર રચાયેલ ગ્રંથ ઉત્તમ છે. તે બદલ ગુજરાતનું શિક્ષણજગત સદાય તેમનું ઋણી રહેશે. 'અનુભવની એરણ પર' પુસ્તક શિક્ષકો માટે ખૂબ જ ઉપયોગી અને પ્રેરક છે. તદુપરાંત નાનાભાઈ ભટ્ટનું 'ઘડતર અને ચણતર', મનુભાઈ પંચોળી 'દર્શક'નું 'સદ્‌ભિઃસંગ' જેવા શિક્ષણની ગીતા સમાન આ પુસ્તકો પર ઈશ્વરભાઈ પરમાર કહે છે કે, ''શિક્ષક-વિદ્યાર્થી સંબંધની સંહિતા સમાન આ પુસ્તકમાં લેખકે આપેલી 'માસ્ટર કી' શિક્ષકે અંકે કરી લેવા જેવી છે.'' તો આપણા જાણીતા ચિંતક-લેખક ગુણવંત શાહ જણાવે છે કે, ''અનુભવની એરણ પર'' પ્રત્યેક શિક્ષકે વસાવીને વાંચવા જેવું પુસ્તક છે. દરેક શિક્ષકના હાથમાં આ પુસ્તક પહોંચવું જોઈએ. તો આપણા શિક્ષણને નવી દિશા મળશે.'' આ પુસ્તકમાં સલ્લા સાહેબે તેમના શિક્ષણના અનુભવો-પ્રયોગોને સરળ-સરસ શૈલીમાં ગૂંથ્યા છે. આજે તેઓ ગુજરાત કેળવણી પરિષદ દ્વારા શિક્ષક-વિદ્યાર્થી, શિક્ષકની ગુણવત્તા અને મૂલ્યનિષ્ઠા વધે તેના માટેના પોષક કાર્યક્રમો કરી રહ્યા છે. સાચે જ આ પુસ્તક વાંચવાનો આનંદ કંઈક ઑર જ થયો. વિદ્યાર્થી શિક્ષક-શિક્ષણની વધુ સારી સમજ પેદા થઈ. એક શિક્ષક તરીકે શિક્ષણયાત્રા કરવાની સફર યાદગાર રહેશે.

મનસુખભાઈ સલ્લા સાહેબનો પરિવાર, હર્યોભર્યો સુખી સંપન્ન છે. બે દીકરીઓ પરણીને સાસરે સુખી છે, એક દીકરો પરદેશમાં વ્યવસાયમાં ગોઠવાયેલો છે. કલ્પનાબહેનનો સુખરૂપી સંગાથ છે. જીવન-ઘડતરમાં પણ માતા-પિતાની સાથે તેમના ધર્મપત્ની કલ્પનાબહેનનો પણ વિશેષ ફાળો રહ્યો છે.

એક શિક્ષક તરીકે તેઓ વિદ્યાર્થીઓ સાથેના સ્નેહસંબંધને લીધે સંવાદસેતુ સાધી વિદ્યાર્થીઓના ગમે તેવા વિકટ પ્રશ્નોનું પણ સુખદ સમાધાન લાવી શકતા. તેઓ કહે છે કે ''દરેક વિદ્યાર્થીના ઉછેર, વાતાવરણ, માન્યતાઓ અને વલણો ભિન્ન હોય છે. દરેક વિદ્યાર્થીને નિયમની એક લાકડીએ હાંકી ન શકાય. દરેક વિદ્યાર્થી એક વણખોલ્યો ગ્રંથ હોય છે. તેને આગવી રીતે વાંચવો જોઈએ. શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો આત્મીયતા ભર્યા બને તો શિક્ષણમાં ધાર્યા પરિણામ લાવી શકાય.'' સલ્લાસાહેબે શિક્ષક-આચાર્ય તરીકે સતત મનોમંથન કર્યું છે. જાતતપાસ કરી છે. આત્મ નિરીક્ષણ કર્યા પછી પોતાના માટે અને વિદ્યાર્થીઓ માટે જે હિતકારી હતું તે જ અમલમાં મૂક્યું છે. તેઓ મનુભાઈ પંચોળી ('દર્શક') એ કહેલું સોક્રેટીસનું એક ઉદાહરણ હંમેશાં યાદ રાખતા કે 'આત્મનિરીક્ષણ વિનાનું જીવન વ્યર્થ છે.' તેમણે લોકભારતીના વિદ્યાર્થીઓની શાળામાંથી વિદાયવેળા આપેલા શુભેચ્છાસૂત્રો દરેક વિદ્યાર્થીએ આત્મસાત્ કરવા જોઈએ.

આજની પેઢીના વિદ્યાર્થીઓ-યુવાનોને સંદેશો પાઠવતાં તેઓ જણાવે છે કે ''આધુનિક ટૅક્નોલોજીનો સદુપયોગ કરો, આજના વિદ્યાર્થી-યુવાનો મોબાઈલનો દુરુપયોગ કરે છે. તેની પાછળ જીવનનો અણમોલ સમય વેડફી નાખે છે અને તેના દુષ્પરિણામો દેખાઈ રહ્યા છે. ત્યારે તેઓ પોતાના આ બ્રહ્મચર્યાશ્રમની શક્તિનો સંચાર કરે, સંયમિત કરે, ખૂબ પ્રગતિ કરે અને સારા માણસ બને.'' છેલ્લાં છ વર્ષથી તેઓ 'કેળવણી વિમર્શ' સામયિકના તંત્રીપદે સુંદર સેવાઓ આપી રહ્યા છે.

કેળવણીનું કાર્ય કરતા કેળવણીકાર મનસુખ સલ્લાસાહેબ હજુ પણ ગુજરાતની કેળવણીને ઉત્તુંગ શિખરે પહોંચાડે, ઉમદા વિદ્યાર્થી શિક્ષક-શિક્ષણનું સુઘડતર કરે, એક આદર્શ સમાજનું નિર્માણ થાય અને સ્વસ્થ-તંદુરસ્ત-પ્રસન્ન દીર્ઘાયુ જીવન જીવે તે જ અભ્યર્થના.

---

**સંપર્ક : કે.એલ. પટેલ કન્યા વિદ્યાલય, ઊંઝા,**
**જિ. મહેસાણા**

**હંમેશાં હસતા રહો, ટટ્ટાર ખડા રહો અને સતત કામ-પ્રવૃત્તિ કરતા રહો.- સ્વામી વિવેકાનંદ**

# શિક્ષક તરીકેનો મારો પ્રયોગ

**રોહિત શાહ**

અમદાવાદની હાયર સૅકન્ડરી સ્કૂલમાં 1980 થી 2004 ચોવીસ વર્ષ સુધી અધ્યાપન કાર્ય કર્યા પછી, લગભગ દસ વર્ષ વહેલું મેં વૉલેન્ટરી રિટાયરમેન્ટ લઈ લીધું હતું.

વિદ્યાર્થીઓને ભણાવતી વખતે કંઈક ને કંઈક નવા પ્રયોગો કરવાનું મને વ્યસન હતું. વિદ્યાર્થીઓ રસપૂર્વક જાતે ભણતા થાય તેવું હું ઇચ્છતો હતો અને એ માટે મેં શાળામાં એક પ્રયોગ અમલમાં મૂકેલો. આ પ્રયોગ ખૂબ સફળ રહ્યો હતો.

સામાન્ય રીતે શિક્ષકો વિદ્યાર્થીઓને એમ કહેતા હોય છે કે આવતીકાલે અમુક લૅસન તમારે તૈયાર કરીને આવવાનું છે. હું તમને એમાંથી પ્રશ્નો પૂછીશ. વિદ્યાર્થીઓ મન વગર લેસન તૈયાર કરીને આવે તો છે, પણ એનું રિઝલ્ટ સામાન્ય ગોખણપટ્ટીથી વિશેષ કશું જ મળતું નથી.

મારી રીત એના કરતાં તદ્દન ઊલટી હતી. હું વિદ્યાર્થીઓને એવી સૂચના આપતો હતો કે આવતી કાલે તમારે અમુક પાંચ લેસનમાંથી મને અઘરામાં અઘરા મિનિમમ પાંચ સવાલો પૂછવાના છે. હું તમારી પરીક્ષા લેવાનો નથી, પરંતુ તમારે મારી પરીક્ષા લેવાની છે ! મને જવાબો આપવાનું ભારે પડી જાય એવા અઘરા પાંચ-પાંચ પ્રશ્નો તૈયાર કરીને આવજો. વિદ્યાર્થીઓએ હોંશેહોંશે મારી ચૅલેન્જ ઉપાડી લીધી. શિક્ષકની પરીક્ષા લેવાનું કયા વિદ્યાર્થીને ન ગમે ?

વિદ્યાર્થીઓ મારા માટે અઘરા સવાલો તૈયાર કરવાના હેતુથી આખો લેસન વારંવાર વાંચતા. જવાબ શોધવા માટે ઓછું ધ્યાન આપીને વાંચે તો ચાલે, પરંતુ સવાલ ઊભા કરવા માટે તો ખૂબ ધ્યાનપૂર્વક અને રસપૂર્વક વાંચવું જ પડે ને ! પાઠ્યપુસ્તકના ખૂણેખાંચરેથી અથવા ગાઈડમાંથી મારા માટે અઘરામાં અઘરા પ્રશ્નો શોધીને વિદ્યાર્થીઓ બીજા દિવસે વર્ગમાં આવતા.

તમને સવાલ થશે કે હું મારા વિદ્યાર્થીઓને પાંચ-પાંચ સવાલો તૈયાર કરવાનું શા માટે કહેતો હતો, તો એનું ખાસ કારણ હતું. જો વિદ્યાર્થીને એક-એક જ પ્રશ્ન તૈયાર કરીને આવવાનું કહ્યું હોય અને વિદ્યાર્થી તૈયાર કર્યા વગર આવ્યો હોય તો એ એવું બહાનું બતાવી શકે કે હું જે સવાલ તૈયાર કરીને આવ્યો હતો તે જ સવાલ મારી પહેલાં ફલાણા વિદ્યાર્થીએ પૂછી લીધો છે, એટલે હવે મારી પાસે બીજો સવાલ નથી ! આવું બહાનું બતાવીને એ છટકી ન શકે એ માટે ઓછામાં ઓછા પાંચ-પાંચ સવાલો તૈયાર કરીને આવવાનું હું કમ્પલસરી રાખતો હતો !

વળી, તમામ વિદ્યાર્થીઓ એક વખત એકએક પ્રશ્ન પૂછી લે પછી પણ પિરિયડ પૂરો ન થયો હોય તો બીજો રાઉન્ડ અને ત્રીજો રાઉન્ડ શરૂ થતો. એમ આખો પિરિયડ પ્રશ્નોત્તરીમાં પસાર થતો. વિદ્યાર્થીઓને મારી કસોટી કરવામાં મજા પડતી અને મને મારું જ્ઞાન ચકાસવાનો અવસર મળતો !

---

**સંપર્ક :** 11/2, રમણકલા એપાર્ટમેન્ટ, સંઘવી સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ-380013.

**કોઈપણ માણસ જેની પાસે ફુરસદની થોડી ક્ષણો છે અને**
**જે પુસ્તકાલયનો ઉપયોગ કરી શકે છે, તે ધારે તો વિદ્વાન બની શકે છે.**

# કારકિર્દી પસંદગીને સરળ બનાવીએ

**જીવનભાઈ ડી. ખૂંટ**

દરેક વ્યક્તિનું એક સ્વપ્ન હોય છે. શિક્ષણ કે કેળવણી મેળવીને એક શ્રેષ્ઠ અને સફળ કારકિર્દીનું નિર્માણ કરવું. પરંતુ કારકિર્દીની પસંદગી એ ધારવા જેટલી સરળ બાબત નથી. આપણે આપણી કારકિર્દીમાં સફળ ત્યારે જ થઈ શકીએ જ્યારે આપણે આપણા કામ બાબતે સ્પષ્ટ હોઈએ. આપણું કામ આપણી પસંદગીનું હોય અને એ કામ કરવામાં આપણને આનંદ મળતો હોય. જ્યારે આપણને આપણી કારકિર્દીની પસંદગી કરવાની તક મળે ત્યારે નીચેના જેવી કેટલીક બાબતોનો ખ્યાલ રાખીએ.

### આપણી જાતને ઓળખીએ

કોઈ પણ ક્ષેત્રની પસંદગી કરતાં પહેલાં આપણે આપણી જાતને જાણવા પ્રયત્ન કરવો જરૂરી છે. કોઈ મિત્ર, સગાં સંબધી કે અન્ય વ્યક્તિની સરખામણી કે દેખાદેખી કરવાને બદલે આપણને શું પસંદ છે કે શું નાપસંદ છે તે બાબતે વિચાર કરવો જરૂરી છે. સામાન્ય રીતે વ્યક્તિ એકબીજાથી ઘણી બાબતમાં અલગ પડતી હોય છે. આપણે આપણી બાબતો જાણી સમજીને આપણી પસંદગીના કાર્યક્ષેત્ર મુજબ, કોર્સ બાબતે સજાગ રહેવું જોઈએ. આ ઉપરાંત આપણે આપણા વ્યક્તિત્વને પણ ઓળખવું જરૂરી છે. આપણો વ્યક્તિગત સ્વભાવ અંતર્મુખી છે કે બહિર્મુખી તે જાણીને જે-તે કાર્યના ક્ષેત્ર પસંદ કરી શકાય.

### અંતર્મુખી - બહિર્મુખી વ્યક્તિત્વ

અંતર્મુખી વ્યક્તિઓ વધારે લોકોને મળવું કે વધારે લોકો સાથે કામ કરવું ઓછું પસંદ કરે છે. આવા લોકો ઑફિસ વર્ક કે અન્ય મિકેનિકલ વર્ક અથવા એકલા કરી શકાય તેવાં કાર્યો પસંદ કરે છે. જ્યારે બહિર્મુખી વ્યક્તિ પ્રવાસન રિસર્ચ શિક્ષણ કાર્ય, પત્રકારત્વ કે મૅનેજમેન્ટ જેવાં ક્ષેત્રમાં આગળ વધી શકે છે.

### શારીરિક ક્ષમતા

કેટલાક ક્ષેત્ર જેવા કે - લશ્કરી સેવા, પોલીસ સેવા, મિકેનિકલ વર્ક જેવાં ક્ષેત્રોમાં શારીરિક સજ્જતા જરૂરી છે. આવાં ક્ષેત્રની પસંદગી કરતી વખતે આપણી ક્ષમતાને ચકાસી લેવી જરૂરી છે. આ ક્ષેત્રોમાં પૂરી કારકિર્દી દરમિયાન શારીરિક ફિટનેસની અનિવાર્યતા રહે છે. જેથી આપણી શારીરિક ક્ષમતા અનુસારનું કાર્ય પસંદ કરીએ તે મહત્ત્વનું છે.

### માનસિક ક્ષમતા અને તર્કશીલતા

સામાન્ય રીતે દરેક ક્ષેત્રમાં માનસિક ક્ષમતા અને કોમન તર્કબુદ્ધિનો ઉપયોગ કરવાની જરૂર પડે છે. પરંતુ કેટલાંક ક્ષેત્રોમાં તેની વિશેષ જરૂરિયાત રહે છે. ગુનાશોધક શાખા, ફોરેન્સિક ક્ષેત્ર, રિસર્ચ ઍન્ડ ઍનાલિસિસ ડેટા ઍનાલિસિસ જેવાં ક્ષેત્રોમાં આપણે તર્કબુદ્ધિ અને માનસિક શક્તિનો વધુ ઉપયોગ કરવો જરૂરી બને છે.

### સર્જનાત્મકતા - પ્રયોગશીલતા

કેટલાક વ્યવસાયો એવા હોય છે જેમાં વ્યક્તિના સર્જનાત્મક પાસાંને વિકસાવવાની પૂરી તકો પ્રાપ્ત થાય છે. આવાં કાર્યોમાં આપણે પ્રયોગશીલતાને કામે લગાડીને વિવિધ સર્જનો કરી શકીએ છીએ જે આપણને આનંદ અને કાર્ય સંતોષનો અહેસાસ કરાવે છે. જેથી આપણે નવા પ્રયોગો દ્વારા જે તે ક્ષેત્રમાં નવી શોધ કે સર્જન કરી શકીએ. આપણી અંદર અનેક ક્ષમતાઓ રહેલી હોય છે તેનો ઉપયોગ કરીને પસંદ કરેલા ક્ષેત્રમાં આગળ વધીએ તો સફળતા, આનંદ અને સંતોષ પ્રાપ્ત થાય છે.

### પસંદગીના ક્ષેત્રમાં વિકાસની તકો

આપણે સ્વને જાણ્યા બાદ કારકિર્દી પસંદગી કરતી વખતે ધ્યાનમાં લેવાનો મહત્ત્વનો મુદ્દો છે "પસંદગીના ક્ષેત્રમાં વિકાસની તકો". આપણે જે ક્ષેત્રમાં જવા માંગતા હોઈએ તે ક્ષેત્રમાં આગળ નાવીન્ય, સુધારા, વિકાસ અને નવું શીખીને આગળ વધવાની કેટલીક તકો રહેલી છે. આપણી સર્જનાત્મકતા અને નવા વિચારોને અમલમાં મૂકવાની તકો રહેલી છે કે નહીં તે બાબતે પણ વિચારવું

**મારી પાછળ નહીં આવો, હું તમારો નેતા નહીં બની શકું. મારી આગળ આગળ નહીં ચાલો, હું તમારો અનુયાયી નહીં બની શકું. બસ, મારી સાથે-સાથે ચાલો અને મારા સાથી બનો.**

જરૂરી છે. ઘણાં ક્ષેત્રોમાં પણ એકથી વધુ મિકેનિકલ કામ હોય છે. મશીન ઉત્પન્ન કરે તે બાબતે માત્ર નજર રાખવાની હોય છે ત્યારે શિક્ષણક્ષેત્ર, માર્કેટિંગ, મૅન્યુફેક્ચરિંગ અને ડિઝાઈનીંગ જેવા ક્ષેત્રમાં આપણી સર્જનાત્મકતા રંગ લાવી શકે છે જે આપણને એક નવી ઓળખ આપી શકે.

### શોખ અને કામનો સમન્વય

જો આપણને આપણો શોખ જ એ કામ સ્વરૂપે મળે તો ? એ ખરેખર એક સુંદર કલ્પના છે. જો તે વાસ્તવિકતા બની શકે જો આપણે આપણી કારકિર્દી બાબતે સમયસર નિર્ણય લીધો હોય. સચીન તેન્ડુલકરે તેના શોખને તેનું કાર્ય બનાવ્યું અને આપણે તેની સફળતા જોઈ છે. આપણા શોખ મુજબનું કામ શોધવું મુશ્કેલ જરૂર છે, પણ અશક્ય નથી. શોખ એ એવું કામ બને જેમાં થાક કે કંટાળાને કોઈ અવકાશ નથી. વ્યક્તિની ક્ષમતા અને કુશળતાને સંપૂર્ણ રીતે ખીલવતાં શોખને જો કામ બનાવી દઈએ તો એમાં આનંદ અને સંતોષનો સુંદર સમન્વય પ્રાપ્ત થાય છે. આપણે આપણો શોખ શાળાકીય જીવનથી ઓળખીને તેને કેળવવો જોઈએ પણ ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધવાની તકો ઓળખીને ઝડપી લેવી જોઈએ.

### સમાજમાં યોગદાન

આપણે સમાજમાં અને સમાજ સાથે રહેનાર વ્યક્તિઓ છીએ. સામાજિક વિકાસથી જ વ્યક્તિનો વિકાસ ઝડપી બને છે. આપણા કામ દ્વારા સમાજને પણ લાભ થાય તે ઇચ્છનીય છે. આપણે એવું કામ પસંદ કરવું જોઈએ જે સામાજિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલ હોય અથવા તેનાથી સમાજને લાભ થતો હોય. ફોરેસ્ટ વિભાગ, પોલીસખાતુ, મ્યુનિસિપાલિટી કાર્ય, સ્વચ્છતા, એન.જી.ઓ. વગેરે ઘણાં ક્ષેત્રો છે, જે સામાજિક કાર્યો સાથે જોડાયેલા જોવા મળે છે. આપણે એવું કોઈ કામ કરેલ નથી, જેમાં સમાજ સીધો અથવા આડકતરી રીતે જોડાયેલો ન હોય. આપણે તેનું જોડાણ શોધવું અથવા જોડાણ બનાવીને પણ સમાજનું ઋણ અદા થાય તેવું કામ કરવું એ આપણી નૈતિક ફરજ છે. આ પ્રકારની સેવા એ આપણને આનંદ અને આત્મસંતોષની લાગણીનો અનુભવ કરાવે છે.

### આનંદ અને આત્મસંતોષ

જીવનનું સર્વ સામાન્ય ધ્યેય છે આનંદ અને આત્મસંતોષ. આપણા કાર્યથી આપણને આનંદની સાથે આત્મસંતોષ મળે તે જરૂરી છે. કારકિર્દીના રસ્તે ચાલતાં પહેલાં આ બાબતને ગંભીરતાથી વિચારવાની જરૂર છે. જો કોઈ કામમાં આનંદ ન આવે તો સંતોષ પ્રાપ્ત થાય એવું કામ પસંદ કરવું. કામ કરવાની મજા પણ આવે અને કામ કર્યાનો સંતોષ પણ પ્રાપ્ત થાય. માટે એવું કામ પસંદ કરવું જે ગમતું હોય. નહીંતર મળેલા કામને ગમતું કરવું પડે છે. સમયસર પસંદ કરેલ કારકિર્દી પૂરી જિંદગી પર અસર કરે છે. તેથી આ બાબતે પૂરતું મહત્ત્વ આપવામાં આવે તે જરૂરી છે.

### કારકિર્દી પસંદ કરતી વખતે શું ન કરવું ?

1. આવેગમાં આવીને કે આવેશથી કોઈ નિર્ણય ન લેવા.
2. માતા-પિતા વડીલો કે શિક્ષકોનું માર્ગદર્શન અવશ્ય લેવું પરંતુ અંતિમ નિર્ણય તો જાતે જ લેવો.
3. કોઈના દબાણ કે આગ્રહમાં આવીને નિર્ણય ન લેવો.
4. માતા-પિતાની અપેક્ષાઓ સંતોષવા પ્રયત્ન કરવો પરંતુ માત્ર તેમની ઈચ્છા મુજબના કોર્સ પસંદ ન કરવા.
5. મિત્રો કે કોઈના પ્રેશરથી કે દેખાદેખીથી કોર્સ પસંદગી બાબતે નિર્ણય ન લેવો.

કારકિર્દી પસંદગી એ જીવનમાં મહત્ત્વના સમયગાળાના પાસાને અને વ્યક્તિને અસર કરતી બાબત હોવાથી તેના પર સંવેદનશીલતાથી વિચાર કરવો જરૂરી છે.

આપણી સફળતાની અસર માતા-પિતા, કુટુંબ અને સમાજ પર થતી હોય છે અને સૌથી વધુ આપણા વ્યક્તિત્વ વિકાસ, આર્થિક પ્રગતિ અને આત્મસંતુષ્ટિ પર થતી હોય છે. આપણે આપણી કારકિર્દીને યોગ્ય અને સમયસર નિર્ણય દ્વારા સફળ બનાવીએ. આપણી ખુશી સાથે ઘણા લોકોની ખુશી જોડાયેલી હોય છે. સાથે સાથે સમાજને આનંદ અને ગૌરવની લાગણી, કુટુંબ અને મિત્રોને પણ પૂરો આનંદમય થવાનો મોકો આપીએ.

---

**સંપર્ક : શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર,
નાહિયેર, તા. આમોદ, જિ. ભરૂચ**

**"શિશુ એક વિકાસશીલ આત્મા છે." - મહર્ષિ અરવિંદ**

# Facts about English Language

(સંકલન)

બહુ ઓછો વિસ્તાર અને ઓછી જનસંખ્યા ધરાવતા ઈંગ્લેન્ડના અંગ્રેજોએ અડધી દુનિયા ઉપર એટલે કે લગભગ 50 જેટલા દેશો ઉપર આધિપત્ય જમાવીને રાજ કરેલું. આ બધા દેશોનું સંગઠન Common Wealth 'કૉમન વેલ્થ' તરીકે ઓળખાય છે.

અંગ્રેજોએ જેટલા દેશો ઉપર રાજ કરેલું ત્યાં તેમણે ત્યાંના લોકોને એક ભેટ આપેલી અને તે હતી અંગ્રેજી ભાષા. નાનકડા ઈંગ્લેન્ડના અંગ્રેજોએ અંગ્રેજી ભાષાને આંતરરાષ્ટ્રીય ભાષા (International Language) બનાવી દીધી છે. આજે અંગ્રેજી ભાષા વિશ્વભાષા (Globle Language) બની ગઈ છે. આજે દુનિયાભરના ઘણાબધા દેશોમાં અંગ્રેજી ભાષા બોલાય છે. દુનિયામાં પ્રથમ નંબરે ચાઈનીઝ ભાષા વધુ બોલાય છે. બીજા નંબરે અંગ્રેજી ભાષા સૌથી વધુ બોલાય છે. આજે દુનિયામાં લગભગ વન બિલીયન લોકો અંગ્રેજી ભાષા બોલે છે. આજે અંગ્રેજી ભાષા સર્વસ્વીકૃત ભાષા છે.

ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ જેઓ ઈંગ્લેન્ડમાં ભણેલા હતા. તેમણે અંગ્રેજી ભાષા વિશે લખ્યું છે કે, "English is a window of the world and from that window we can see the whole world." પંડિત નહેરુએ અંગ્રેજી ભાષાનું મહત્ત્વ બતાવ્યું છે. તેમણે પોતાનાં ત્રણ પુસ્તકો (1) The Discovery of India (2) The Glimpses of the World history (3) My Autobiography મૂળ અંગ્રેજી ભાષામાં લખેલા છે. આ ઉપરાંત દેશ-વિદેશના નામાંકિત લેખકોએ લખેલા ઈતિહાસ, વૈજ્ઞાનિક સંશોધન, પ્રવાસવર્ણન, નવલકથાઓ, વાર્તાઓ, કવિતાઓ એમ ઘણું બધું સાહિત્ય અંગ્રેજી ભાષામાં લખાયેલું છે.

પ્રથમ દૃષ્ટિએ આપણને એવું લાગે કે અંગ્રેજી ભાષા મુખ્યત્વે ઈંગ્લેન્ડની ભાષા હશે પરંતુ એવું નથી. એવું કહેવાય છે કે અંગ્રેજી ભાષા એ ઈંગ્લેન્ડના કેટલાક પ્રદેશો અને આસપાસ આવેલા જુદા જુદા દેશોમાં બોલાતી જુદી જુદી ભાષાઓનું મિશ્રણ છે. "English Language is an amalgamation of different languages spoken in different parts and countries in and around England." મૂળ અંગ્રેજી ભાષા એન્ગ્લો સેક્શન લૅન્ગવેજ - જૂની અંગ્રેજી ભાષા તરીકે ઓળખાતી હતી.

ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયા - જેણે લગભગ 19મી સદીમાં સમગ્ર હિન્દુસ્તાન ઉપર રાજ કરેલું તેના માતા પ્રિન્સેસ વિક્ટોરિયાને અંગ્રેજી ભાષા આવડતી ન હતી. તેઓ જર્મન દેશની રાજકુમારી હતાં. અને ઈંગ્લેન્ડના રાજા સાથે લગ્ન કર્યા પછી અંગ્રેજી ભાષા શીખ્યા હતા એવું કહેવાય છે. આ ઉપરથી એવું કહી શકાય કે અંગ્રેજી ભાષા શીખવી અઘરી નથી. Grammer ના નિયમો, Vocabulary અને સતત મહાવરો (Practice) થી કોઈપણ વ્યક્તિ કોઈપણ ડર વગર અંગ્રેજી ભાષા શીખી શકે છે.

આજે ઘણીબધી ભાષાઓ ઉપર અંગ્રેજી ભાષાનો પ્રભાવ દેખાઈ આવે છે. ઘણાબધા અંગ્રેજી શબ્દો પણ અન્ય ભાષાઓમાંથી લેવામાં આવેલા છે. અંગ્રેજી ભાષા ઉપર સૌથી વધુ અસર લેટિન, જર્મન, ફ્રેન્ચ, ગ્રીક ભાષાઓની છે. ઘણા બધા અંગ્રેજી શબ્દો અરબી, ફારસી, હિન્દી, ઉર્દૂ, સંસ્કૃત અને ગુજરાતી ભાષામાંથી પણ લેવામાં આવ્યા છે. જેમ કે 'માદર' શબ્દ ઉપરથી મધર, 'પિતર' શબ્દ ઉપરથી ફાધર, 'બહેતર' શબ્દ ઉપરથી બેટર' 'કારવાં' શબ્દ ઉપરથી કોરોવાન, 'વાટ' શબ્દ ઉપરથી વેઈટ, 'ચંપી' શબ્દ ઉપરથી શેમ્પુ વગેરે જેવા શબ્દો બનેલા છે.

આપણી હિન્દી કે ગુજરાતી ભાષા બોલનારા લોકો પણ વાતચીતમાં અંગ્રેજી શબ્દો બોલે છે. હિન્દી અને ઈંગ્લીશ ભાષાના મિશ્રણને હિન્ગલીશ કહેવાય છે અને ગુજરાતી અને ઈંગ્લીશ ભાષાના મિશ્રણને ગુજરીશ ભાષા કહેવાય છે. અત્યારે લેખકો અને કવિઓ પણ તેમની રચનામાં આવી લૅન્ગવેજનો ઉપયોગ કરતા હોય છે.

**"બાળકોને શાબાશી, પ્રશંસા અને પ્રોત્સાહનની જરૂર છે, એનાથી જ એમનું જીવન પાંગરે છે." - કવિવર ટાગોર**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી, જેઓ પણ ઈંગ્લૅન્ડમાં ભણેલા અને સારું અને સરળ અંગ્રેજી બોલી શકતા. તેમના વિશે હિન્ગલીશ અને ગુજરીશમાં લખાયેલાં કવિ અમૃત વાઢેરનાં બે કાવ્યો અહીં પ્રસ્તુત છે.

**Great ગાંધી**

ઓ ભારત કે ગ્રેટ ગાંધી
કરતા હુ તુજ કો વંદન
વંદન કે સાથ સાથ ભી
I give you અભિનંદન.... ઓ ભારત કે...
You taught હમ સભી કો
Honour કે સાથ જીના
અન્યાય કે ખિલાફ મેં
always fight કરના..... ઓ ભારત કે...
તું સત્ય, અહિંસા, સાદગી કા
ગ્રેટ એક્ઝામ્પલ બના
કૈસે forget હમ કરે સબ
હર દિલમેં બસતા તું સદા..... ઓ ભારત કે...
સો લૉન્ગ નહીં પરંતુ
big life જી ગયા તું
રામ રામ કર હમ સબકો
છોડ કર ચલા ગયા તું..... ઓ ભારત કે...

**Gandhi બાપુ**

Where are you ઓ ગાંધી બાપુ !
યાદ કરે તમને આજ ભારત આખું.... Where are...
સૂતા હોય જો તમે under Rajghat,
જાગોને ફરી હવે કરવાને movement
હવે ચરખાએ ફરવાનું Stop કર્યું છે
ને ખાદીએ રંગ હવે Change કર્યો છે.
Statue Lku Respect હું કેમ આપું.... Where are...
સત્ય, અહિંસા છે no where now
ઠેર ઠેર fire of hate છે બહુ
loast is ગાંધી વિચાર some where
વિંધાય છે ગોળીથી truth ઠેર ઠેર
હવે ન્યાયની આશા હું કેમ રાખું ? .... Where are...

## ધન્ય ધરા ગુજરાત...

ભાઈ - ધન્ય ધરા ગુજરાત
રે ભાઈ - ધન્ય ધરા ગુજરાત
અહીં પાક્યા વીર જવાન,
ધોતીધારી ગાંધી વાત,
મીરાં નરસિંહનો સંગાથ,
અહીં ઊંચો ગઢ ગિરનાર,
હીરામોતીનો નહીં પાર,
અહીં ગરવાં નર ને નાર,
વ્યાપ્યા વિશ્વતણે વ્યાપાર,
મળે શિક્ષણ સાથે સંસ્કાર,
અહીં ખેત સીંચે સર-સરદાર,
રૂડી લોકશાહી સરકાર... **ધન્ય ધરા...**
અહીં સરસર વહેતી સરિતા,
ફળ ફૂલે લચે બાગ-બગીચા,
અહીં ખળખળ વહેતાં ઝરણાં,
ગાતાં નાચતાં કૂદતાં હરણાં,
અહીં ધર્મની અનેક નાત,
છતાં અહીં બારે માસ પ્રભાત,
છે હરિયાળા ખેત-ખલિહાન,
વળી દ્વારકા - સોમનાથ મહાન,
અહીં ભોળા - ભીલ ભરવાડ.
એના ઉત્સવનો નહીં પાર... **ધન્ય ધરા...**
અહીં સુંદર શિલ્પ-સ્થાપત્યો,
વળી ધમધમતા ઉદ્યોગો,
ઊંડો ઘૂઘવે અહીં દરિયો,
વ્યોમે ઊંચે ઊડે વિહંગો,
અહીં ગીતો ગાતા કવિઓ,
હિન્દુ-મુસ્લિમ જાણે ભાઈઓ,
સુખ-સુવિધાની ઊડે છોળો,
મને ગુજરાત ધરા છે વહાલી,
એને કુદરતની બલિહારી,
એના પર જાઉં હું વારી..ધન્ય ધરા...

**- ડૉ.સંજય આર.તલસાણિયા**
**તાલીમ ભવન, ભાવનગર**

"રાષ્ટ્ર તેનાં બાળકોની નાની પગલીઓ પર નિર્ભર છે." - પં. જવાહરલાલ નહેરુ

## વહીવટી વિભાગ

## Gujarat Secondary and Higher Secondary Education Board
## Gandhinagar

**The following facts are stated in the National Education Policy-2020 regarding Standard 10 and 12 Board examinations.**

"National Education Policy-2020 Chapter-4 - Curriculum and Pedagogy in School: Learning Should be Holistic, Integrated Enjoyable, and Engaging." The following details are given in paragraph 4.37 which are reproduced below.

**"4.37 While the Board exams for Grades 10 and 12 will be continued,** the existing system of Board and entrance examinations shall be reformed to eliminate the need for undertaking coaching classes. To reverse these harmful effects of the current assessment system, Board exams will be redesigned to encourage holistic development; students will be able to choose many of the subjects in which they take Board exams, depending on their individualized interests. Board exams will also be made 'easier', in the sense that they will test primarily core capacities/competencies rather than months of coaching and memorization; any student who has been going to and making a basic effort in a school class will be able to pass and do well in the corresponding subject Board Exam without much additional effort. To further eliminate the high stakes' aspect of Board Exams, all students will be allowed to take Board Exams on up to two occasions during any given school year, one main examination and one for improvement, if desired."

Attention is drawn to the facts mentioned in the National Education Policy 2020. All concerned are requested to take note.

**Reference :** National Education Policy 2020 published by Ministry of Education. Govt. of India.

**(B. N. RAJGOR)**
Joint Director
Gujarat Secondary and
Higher Secondary Education Board,
Gandhinagar.

"બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહિ." - ખલિલ જિબ્રાન

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
# ગાંધીનગર

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં બોર્ડની ધોરણ અને 12ની પરીક્ષા બાબતે નીચે મુજબની હકીકત દર્શાવેલ છે.**

**''રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 પ્રકરણ-4 - શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર : અધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ'' તે મથાળા હેઠળ પેરેગ્રાફ 4.37માં નીચેની વિગતો દર્શાવેલ છે :**

''**4.37** હાલની બોર્ડની અને પ્રવેશ પરીક્ષાઓની પ્રણાલીઓમાં કોચિંગ વર્ગો કરવાની જરૂરિયાતને દૂર કરવા માટે સુધારણા કરવામાં આવશે. જ્યારે ધોરણ-10 અને 12 માટે બોર્ડની પરીક્ષા ચાલુ રાખવામાં આવશે. વર્તમાન મૂલ્યાંકન પ્રણાલિની આ હાનિકારક અસરોના નિર્મૂલન માટે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહિત કરવા માટે બોર્ડની પરીક્ષાઓના માળખાની પુનઃ રચના કરવામાં આવશે; વિદ્યાર્થીઓ તેમના વ્યક્તિગત હિતોને આધારે ઘણા વિષયોમાંથી બોર્ડની પરીક્ષાના વિષયો પસંદ કરી શકશે. બોર્ડની પરીક્ષાઓને પણ 'સરળ' બનાવવામાં આવશે. સરળ એ અર્થમાં કે તે પરીક્ષાઓ કોચિંગ કે ગોખવાને બદલે ક્ષમતાઓ અને યોગ્યતાઓની પરીક્ષા કરશે. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાએ જઈ રહ્યો છે અને શાળામાં અધ્યયન માટે પ્રયત્નો કરી રહ્યો છે તે વધારાના પ્રયત્નો વગર બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી શકશે અને સારો દેખાવ કરી શકશે. બોર્ડ પરીક્ષાઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે, બધા વિદ્યાર્થીઓ કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે. એક મુખ્ય પરીક્ષા અને એક સુધારણા માટે, જો ઈચ્છિત હોય તો.''

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં દર્શાવેલ ઉક્ત બાબતે તમામનું ધ્યાન હકીકતો તરફ દોરવામાં આવે છે. જેની સંબંધિત તમામને નોંધ લેવા વિનંતી છે.

**સંદર્ભ :** ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત National Education Policy 2020નું ગુજરાતી સંસ્કરણ.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**''જીવનના મહાન પાઠો વિદ્વાનો કે ગુરુજનો પાસે ગયા વિના બાળકો પાસેથી જ પામી શકાય.'' - મહાત્મા ગાંધી**

તાસ દીઠ માનદ વેતનથી (Honorarium per Period)
શિક્ષણકાર્ય કરાવવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ - 1014-140-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. 20-12-2021

**વંચાણે લીધા :**

1. શિક્ષણ વિભાગનો તા. 21-12-2015નો સમાનાંકી ઠરાવ.
2. કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તા. 17-12-2021નો પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અનદ-1/2021/21667.

**આમુખ :**

પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટે સરકારી અને અનુદાનિત શાળાઓમાં મંજૂર શિક્ષકોની જગ્યા નિયમિત શિક્ષકથી ભરાય ત્યાં સુધી વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય અટકે નહીં તે માટે તાસદીઠ માનદ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની યોજના વિભાગના તા. 21-12-2015ના ક્રમાંક (1) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં મૂકવામાં આવી છે. ઉક્ત તા. 21-12-2015ના ઠરાવથી અનુસરવામાં આવતી કાર્યપ્રણાલિમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, તાસદીઠ માનદ્ વેતનથી (Honorarium Per Period) શિક્ષણકાર્ય કરાવવાની વિભાગના તા. 21-12-2015ના ક્રમાંક (1) સામે વંચાણે લીધેલ ઠરાવથી અમલમાં આવેલ યોજનાની કાર્યપ્રણાલિના કમિશનરશ્રી, શાળાઓની કચેરીના તા.17-12-2021ના ક્રમાંક (2) સામે વંચાણે લીધેલ પત્ર મુજબ તાસદીઠ અને મહત્તમ દૈનિક માનદ્ વેતન (Honorarium) માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| વિગત | તાસ દીઠ માનદ્ વેતન | મહત્તમ દૈનિક તાસ | મહત્તમ દૈનિક માનદ્ વેતન |
|---|---|---|---|
| પ્રાથમિક શિક્ષણ | રૂા. 85/- | 6 તાસ | રૂા. 510/- |
| માધ્યમિક શિક્ષણ | રૂા. 135/- | 6 તાસ | રૂા. 810/- |
| ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ | રૂા. 140/- | 6 તાસ | રૂા. 840/- |

- પ્રાથમિક શિક્ષણમાં તાસ પદ્ધતિ ન હોઈ, ત્યાં મહત્તમ દૈનિક માનદ્ વેતન રૂા.510/- રહેશે. **પ્રાથમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ્ વેતન મર્યાદા રૂા.10,500/- થી વધે નહીં તે મુજબ રહેશે.
- **માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ્ વેતનની મર્યાદા રૂા.16,500/- થી વધે નહીં તે મુજબ રહેશે.
- **ઉચ્ચતર માધ્યમિક શિક્ષણમાં** ઉચ્ચક માસિક મહત્તમ માનદ્ વેતનની મર્યાદા રૂા. 16,700/- થી વધે નહીં તે મુજબ રહેશે.

**"બાળક એ પરમકૃપાળુ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે." - ગિજુભાઈ બધેકા**

આ સિવાય વિભાગના તા.21-12-2015ના ક્રમાંક (2) સામે વંચાણે લીધેલ ઠરાવની અને વખતોવખતના અન્ય ઠરાવોની જોગવાઈઓ યથાવત્ રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગ મારફત સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(મૌલિકા શાહ)**
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના**
**પ્રતિ :**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. રા.ક.મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ/. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, સૅકટર-10, ગાંધીનગર.
- ઍકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ કચેરી મારફત)
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- વિભાગની સર્વે શાખાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ વિભાગની / વેબસાઈટ પર આ હુકમ અપલોડ કરવા સારુ.
- નાયબ સૅકશન અધિકારી, સિલેકટ ફાઈલ / શાખા સિલેકટ ફાઈલ.

**"દરેક બાળક ભવ્ય ભારતનું દિવ્ય સ્વરૂપ છે, ભારતનું ભાવિ છે, રાષ્ટ્રની ઊજળી આવતીકાલ છે." - અનામી**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7208-52
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર- 10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 21/12/2021

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય** : શૈક્ષણિક વર્ષ 2021-22 માટે પરીક્ષાની તારીખો તેમજ ઉનાળુ વૅકેશનની તારીખોમાં ફેરફાર કરવા બાબત.

**સંદર્ભ** : 1) અત્રેનો પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/2021/4341-84, તા.08/09/2021
2) અત્રેની તા.13/12/2021ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અન્વયે આપના સંદર્ભ- (1) દર્શિત અત્રેના પત્રથી શૈક્ષણિક વર્ષ 2021-22 માટે શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખની વિગતો, પરીક્ષાઓ અંગેની સૂચનાઓ, વૅકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની પરીક્ષાની તારીખોની વિગતો જાણ તથા અમલ સારુ મોકલી આપવામાં આવેલ હતી. શાળાઓમાં અભ્યાસક્રમ પૂરો કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી કરવા માટે પૂરતો સમય મળી રહે તે હેતુથી ઉક્ત તારીખોમાં ફેરફાર કરવા અંગે સંદર્ભ-(2) દર્શિત અત્રેની ફાઈલ પર સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. જે અન્વયે ઉક્ત તારીખોમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવે છે.

**શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ-9 થી 12 ની પરીક્ષાઓની તારીખોમાં કરેલ ફેરફારની વિગતો :**

| ક્રમ | પરીક્ષા | હાલની તારીખ | સુધારેલ તારીખ |
|---|---|---|---|
| 1. | પ્રિલિમ/દ્વિતીય પરીક્ષા (ધો. 9 થી 12 તમામ) | તા. 27-01-2022 થી તા. 04-02-2022 | તા. 10-02-2022 થી તા. 18-02-2022 |
| 2. | પ્રખરતા શોધ કસોટી (ધો-9) | તા.07-02-2022 | તા.22-02-2022 |
| 3. | બોર્ડના વિષયની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા સૈદ્ધાંતિક-પ્રાયોગિક (ધો-10 અને 12ની તમામ પરીક્ષા) | તા.09-02-2022 થી તા.11-02-2022 | તા.24-02-2022 થી તા. 26-02-2022 |
| 4. | પ્રાયોગિક પરીક્ષા (ધો-12 વિ.પ્ર.) | તા. 14-02-2022 થી તા.23-02-2022 | તા.02-03-2022 થી તા. 12-03-2022 |
| 5. | ધોરણ-10 અને 12ની બોર્ડની પરીક્ષા | તા.14-03-2022 થી તા. 30-03-2022 | તા.28-03-2022 થી તા. 12-04-2022 |
| 6. | ધો-9 અને 11 ની શાળાકીય વાર્ષિક પરીક્ષા | તા. 11-04-2022 થી તા. 21-04-2022 | તા. 21-04-2022 થી તા. 30-04-2022 |

**"બાળકને ઉપદેશ નહિ, ઉદાહરણ આપો. બાળકને પૈસો નહિ, પ્રેમ આપો.બાળકને સંપત્તિ નહિ, સમય આપો." - હર્ષદ પ્ર. શાહ**

**શૈક્ષણિક વર્ષ 2022-23 અને ઉનાળુ વૅકેશનની વિગત :**

| | **હાલની તારીખ** | **સુધારેલ તારીખ** |
|---|---|---|
| ઉનાળુ વૅકેશન | તા. 02-05-22 થી<br>તા. 05-06-22 | તા. 09-05-2022 થી<br>તા. 12-06-2022 |
| નવું શૈક્ષણિક વર્ષ 2022-23 | તા. 06-06-22 થી શરૂ | તા. 13-06-2022 થી શરૂ |

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના (જાણ સારુ) :**

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી, શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (રા.ક.), શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રા.શિ. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5/7 મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. 12, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., સૅક્ટર-12, ગાંધીનગર.

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (જાણ સારુ)
- પરીક્ષા સચિવશ્રી (વિજ્ઞાન પ્રવાહ), ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (સામાન્ય પ્રવાહ), ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ)

**''નાના બાળ થવાનું સાહસ એક છાંટોય આપણામાં ક્યાં છે ?**
**એથી જ તો આમ બુઢ્ઢા થઈને મરીએ છીએ.'' - રવીન્દ્રનાથ ટાગોર**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં જણાવેલ ભારતીય જ્ઞાનપ્રણાલી (Indian Knowledge System) સંદર્ભે શૈક્ષણિક વર્ષ 2022-23થી ક્રમશઃ રાજ્યની શાળાઓમાં ધોરણ-6 થી 10માં વૈદિક ગણિતના (Vedic Mathematics) અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક જશભ/1221/સિં.ફા.-૭/ન
સચિવાલય, ગાંધીનગર
તા. 23-12-2021

**વંચાણે લીધું :**
શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020

**પ્રસ્તાવના**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં શિક્ષણમાં જણાવેલ ભારતીય જ્ઞાનપ્રણાલી અન્વયે ગુજરાત રાજ્યની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભારતની ભવ્ય સંસ્કૃતિ અને તેના વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે જરૂરી છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ભારતીય સંસ્કૃતિ અનેક રીતે ભાગ ભજવે છે. ભારતમાં પ્રાચીન સમયથી ગણિત ક્ષેત્રે ઘણું કાર્ય થતું આવ્યું છે. આ કાર્યમાં વૈદિક ગણિત વિદ્યાર્થીઓના ગણિત વિષયના પાયાને મજબૂત બનાવવામાં અને તેનું સરળીકરણ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. વૈદિક ગણિતનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓમાં વિષય પરત્વેનો ઉત્સાહ, આનંદ અને આત્મવિશ્વાસ વધારી શકાય છે. આથી વૈદિક ગણિતનો પરિચય કરાવવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ની ઉપરોક્ત બાબતો પર પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

1. સ્કૂલ્સ ઑફ ઍક્સલન્સ (SOE) અંતર્ગત તબક્કાવાર પસંદ થનાર 20,000 સરકારી અને અનુદાનિત શાળાઓમાં વૈદિક ગણિતનો ફરજિયાત અમલ કરવાનો રહેશે. જ્યારે અન્ય સરકારી, અનુદાનિત અને સ્વ-નિર્ભર શાળાઓમાં સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને લઈ સ્વૈચ્છિક ધોરણે અમલ કરવાનો રહેશે.

2. શૈક્ષણિક વર્ષ 2022-23 થી વૈદિક ગણિતનું તબક્કાવાર અમલીકરણ નીચે મુજબ કરવાનું રહેશે.
   - પ્રથમ તબક્કે શૈક્ષણિક વર્ષ 2022-23 માં ધોરણ 6,7 અને 9.
   - બીજા તબક્કે શૈક્ષણિક વર્ષ 2023-24 માં ધોરણ 8 અને 10.

3. શૈક્ષણિક વર્ષ 2022-23માં પ્રથમ તબક્કે ધોરણ-7 અને 9 માં અનેપછીનાં વર્ષોમાં જરૂરિયાત મુજબ અન્ય ધોરણમાં પણ બ્રીજકોર્ષ કરાવવાનો રહેશે.

**"બાળક એ તો બગીચાનું ફૂલ છે. તેને તેની રીતે જ ખીલવા દો." - ફ્રોબેલ**

4. અભ્યાસક્રમ અંગેની જરૂરિયાત મુજબની તાલીમ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા યોજવાની રહેશે.

5. ધોરણ-6 થી 8 માટેનું સાહિત્ય (Printed, Audio-Visual etc.) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા અને ધોરણ-9 અને 10 માટેનું સાહિત્ય (Printed, Audio-Visual etc.) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSÍSEB), ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.

6. શાળાઓમાં વૈદિક ગણિત આધારિત વિશેષ દિન ઉજવણી, ક્વિઝ અને કોયડા ઉકેલ જેવી વિવિધ સ્પર્ધાઓ અને ગણિત પ્રદર્શન જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવાની રહેશે.

7. સદર સાહિત્યનું મુદ્રણ અને વિતરણ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ભાવેશ એરડા)**
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સૅક્ટર- 17, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, બ્લોક નં. 12, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સૅક્ટર- 12, ગાંધીનગર.
- નિયામકશ્રી, પાઠ્યપુસ્તક મંડળ, સૅક્ટર- 10 એ, ગાંધીનગર.
- તમામ રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણ માટે ટ્રાન્સફોર્સની રચનાના સભ્યશ્રીઓ (નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી. મારફત)
- સૅક્સન અધિકારીશ્રી, કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર (ગુજરાત સરકારની શિક્ષણ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધિ સારુ)
- ના. સે. અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

**"પ્રત્યેક બાળક અનોખું છે. પ્રત્યેક બાળક ઈશ્વરનો નવો વિચાર લઈને જન્મે છે."**

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2022/1715-52
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર- 10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર,
તા.7-3-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 અને 11 ના વર્ગબઢતીના નિયમો બાબત.
**સંદર્ભ :** અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2018/4179-4216 તા. 27-08-2018

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેના સંદર્ભદર્શિત પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2018-19 થી અમલી બનતા ધોરણ-9 અને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના વર્ગબઢતીના સુધારેલ નિયમો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને લાગુ પાડવામાં આવેલ છે. તેમજ ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહ સિવાયના અન્ય પ્રવાહો માટે બોર્ડના તા. 27-09-2016ના પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/267 થી અમલી બનેલ વર્ગબઢતીના નિયમો યથાવત્ રાખેલ છે.

શૈક્ષણિક વર્ષ 2021-22 માટે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણયો અન્વયે ધોરણ-9 અને ધોરણ-11 ના વિદ્યાર્થીઓએ સમગ્ર વર્ષ દરમ્યાન ઑનલાઈન/ ઑફલાઈન શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. શિક્ષણ વિભાગના તા. 18-02-2022ના ઠરાવ અન્વયે રાજ્યમાં આવેલ તમામ બોર્ડની શાળાઓમાં ધોરણ-1 થી 12ના વર્ગોમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરૂ કરવા અંગે વિદ્યાર્થીઓના વિશાળ હિતને ધ્યાને લઈને તા. 21-02-2022 થી શાળાઓમાં 100 ટકા ઑફલાઈન શિક્ષણકાર્ય શરૂ થયેલ છે.

શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 અને ધોરણ-11 ના વર્ગબઢતીના નિયમો અંગે શાળાઓ દ્વારા પૃચ્છા કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) માં બોર્ડના તા. 27-08-2018ના પત્ર ક્રમાંકથી લાગુ કરેલ વર્ગબઢતીના નિયમો અમલમાં રહેશે. કોરોનાની પરિસ્થિતિને કારણે પ્રથમ સત્રમાં લેવાયેલ 25 ગુણની સામયિક કસોટી કેટલીક શાળાઓ દ્વારા યોજાયેલ ન હોય અથવા કેટલાક વિદ્યાર્થીઓ Covid-19 ની પરિસ્થિતિને કારણે સામયિક કસોટી ન આપી શક્યા હોય તેવી પણ સંભાવના છે. બોર્ડના વર્ગબઢતીના નિયમો અનુસાર ધોરણ-9 અને 11 (વિજ્ઞાન પ્રવાહ)ના વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકનના 20 ગુણમાં 05 ગુણ પ્રથમ સત્રની સામયિક કસોટીના અને 05 ગુણ દ્વિતીય સત્રની સામયિક કસોટીના હોય છે તેથી શૈક્ષણિક વર્ષ 2021-22 માં Covid-19ની પરિસ્થિતિમાં જે શાળાઓ દ્વારા સામયિક કસોટી લેવાયેલ ન હોય અથવા જે વિદ્યાર્થીએ કોઈ કારણોસર કોઈ વિષયની પ્રથમ 25 ગુણની સામયિક કસોટી આપેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ બીજા સત્રની સામયિક કસોટીમાં સંબંધિત વિષયમાં મેળવેલ ગુણને આધારે પ્રથમ સત્રની સામયિક કસોટીના ગુણ ગ્રાહ્ય રાખીને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણનું મૂલ્યાંકન કરવાનું રહેશે. જો કોઈ વિદ્યાર્થી કોઈ

**"બાળકને ઉછેરવું અને મોટું કરવું એ સહેલું કામ નથી. માબાપ કે વાલી માટે એ પડકારરૂપ છે."**

વિષયની પ્રથમ અને દ્વિતીય સત્રની સામયિક કસોટી આપી શકયા ન હોય તો તેવા વિદ્યાર્થીઓએ અન્ય વિષયોમાં સામયિક કસોટીના કુલ ગુણમાંથી મેળવેલ ગુણની સરેરાશના આધારે જે તે વિષયના સામયિક કસોટીના ગુણ ગ્રાહ્ય રાખીને આંતરિક મૂલ્યાંકનના 20 ગુણનું ગુણાંકન કરવાનું રહેશે. ઉક્ત બાબત ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)ના વિદ્યાર્થીઓ માટે આંતરિક મૂલ્યાંકનના 20 ગુણના વર્ગીકરણ માટે માત્ર ચાલુ શૈક્ષણિક વર્ષ 2021-22 માટે જ ધ્યાને લેવાની રહેશે. વર્ગબઢતીના નિયમોની અન્ય બાબતો યથાવત્ રહેશે. જેની નોંધ લેશો. બોર્ડના તા. 27-08-2018ના પત્રથી લાગુ પાડેલ ધોરણ-9 અને ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) ના વર્ગબઢતીના નિયમોની નકલ આ સાથે સામેલ છે.

ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના અન્ય પ્રવાહો માટે અત્રેના તા. 27-09-2016ના પત્ર દ્વારા જણાવેલ ધોરણ-11 ના વર્ગબઢતીના નિયમો યથાવત્ રહે છે. જેમાં કોઈ ફેરફાર કરેલ નથી. જેની નોંધ લેવા વિનંતી. બોર્ડના તા. 27-09-2016ના પત્રથી લાગુ પાડેલ વર્ગબઢતીના નિયમોની નકલ આ સાથે સામેલ છે. (જે ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) સિવાયના તમામ પ્રવાહોને લાગુ પડે છે.)

ઉક્ત તમામ વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

**બિડાણ :** ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુ. મા. ઉ. મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**

- નાયબ નિયામકશ્રી (પરીક્ષા), (વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ), ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- પરીક્ષા સચિવશ્રી (SSC), ગુ. મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**વિચાર અને કાર્યની સ્વતંત્રતા જ જીવન, ઉન્નતિ અને કુશળ ક્ષેમનું એકમાત્ર સાધન છે. - વિવેકાનંદ**

શાળાશિક્ષણમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 સંદર્ભે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલી (Indian Knowledge System) નો સમન્વય કરવાના ભાગરૂપે શ્રીમદ્ ભગવદ્ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો પરિચય કરાવવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક જશભ/1221/સિં.ફા.-9/ન (પાર્ટ-1)
સચિવાલય, ગાંધીનગર
તા. 17-03-2022

**વંચાણે લીધા :**

શિક્ષણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રકાશિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020 ના મૂળભૂત સિદ્ધાંતો અને પ્રકરણ-4 ની ભલામણો.

**પ્રસ્તાવના**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020માં શિક્ષણ વ્યવસ્થા અને શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શિત કરતા મૂળભૂત સિદ્ધાંતો આપવામાં આવ્યા છે. આ પૈકી એક સિદ્ધાંત વિદ્યાર્થીઓમાં ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર, પ્રાચીન અને આધુનિક સંસ્કૃતિ તથા જ્ઞાનની પ્રણાલીઓ તેમજ પરંપરાઓ પ્રત્યે ગર્વ અને જોડાણની લાગણી ઉદ્ભવે તેવો પ્રયાસ કરવા પર ભાર મૂકે છે. આ અનુસંધાને રાજ્યની શાળાઓના વિદ્યાર્થીઓ ભારતીય સંસ્કૃતિના ભવ્ય વારસાથી પરિચિત થાય અને ભારતીય હોવા પર ગર્વ અનુભવે તે માટે વિદ્યાર્થીઓના રોજિંદા જીવન અને શાળાકીય અનુભવોમાં ભારતીય સંસ્કૃતિનું જોડાણ થાય તે જરૂરી છે. આ જોડાણ વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસમાં મદદરૂપ બને તે રીતે ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો શાળાકીય અભ્યાસક્રમમાં સમાવેશ કરવો જોઈએ.

**ઠરાવ :**

રાષ્ટ્રીય શિક્ષણનીતિ-2020ની ઉપરોક્ત બાબતો પર પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

1. શૈક્ષણિક વર્ષ 2022-23થી શાળાશિક્ષણમાં ભારતીય સંસ્કૃતિ અને જ્ઞાનપ્રણાલીનો સમાવેશ કરવાનો રહેશે. જે પૈકી પ્રથમ તબક્કામાં રાજ્યની શાળાઓમાં ધોરણ-6 થી 12માં શ્રીમદ્ ભગવદ્ગીતામાં સમાવિષ્ટ મૂલ્યો અને સિદ્ધાંતોનો બાળકોને સમજ અને રસ પડે તે પ્રમાણે પરિચય કરાવવાનો રહેશે.

2. ધોરણ-6 થી 8માં શ્રીમદ્ ભગવદ્ગીતાનો પરિચય સર્વાંગી શિક્ષણ વિષયના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે. જેનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

3. ધોરણ-9 થી 12માં શ્રીમદ્ ભગવદ્ગીતાનો પરિચય પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકમાં વાર્તા અને પઠન-પાઠન વગેરે સ્વરૂપે આપવામાં આવશે. જેનું મૂલ્યાંકન કરવાનું રહેશે.

**દેશની સ્વતંત્રતા કાનૂની બારીકીઓથી મળતી નથી. એના માટે ક્યાં તો લોખંડની તલવાર જરૂરી છે અને સત્યાગ્રહનું ખડગ. - મહાત્મા ગાંધી**

4. શ્રીમદ્ ભગવદ્ ગીતાના પઠન-પાઠનનો પ્રાર્થના કાર્યક્રમમાં સમાવેશ કરવાનો રહેશે.
5. શાળાઓમાં શ્રીમદ્ ભગવદ્ગીતા આધારિત શ્લોકગાન, શ્લોકપૂર્તિ, વક્તૃત્વ, નિબંધ, નાટ્ય, ચિત્ર, ક્વિઝ વગેરે જેવી વિવિધ સ્પર્ધાઓ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ યોજવાની રહેશે.
6. ધોરણ-6 થી 8 માટેનું સદર સાહિત્ય / અધ્યયન સામગ્રી (Printed, Audio-Visual etc.) ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.
7. ધોરણ-9 થી 12 માટેનું સદર સાહિત્ય/અધ્યયન સામગ્રી (Printed, Audio-Visual etc.) ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSHSEB), ગાંધીનગર દ્વારા તૈયાર કરવાનું રહેશે.
8. સદર સાહિત્ય/ અધ્યયન સામગ્રીનું મુદ્રણ અને વિતરણ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર દ્વારા કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ભાવેશ એરડા)**
અધિક સચિવ
શિક્ષણ વિભાગ

**પ્રતિ,**

(1) માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(2) માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર.
(3) માન. મંત્રીશ્રી/ રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર.
(4) અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(5) સચિવશ્રી (પ્રા.શિ. અને મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(6) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
(7) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સમગ્ર શિક્ષા અભિયાન, સૅકટર-17, ગાંધીનગર.
(8) નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં. 9/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(9) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં. 12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(10) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), સૅકટર-12, ગાંધીનગર.
(11) નિયામકશ્રી, પાઠ્યપુસ્તક મંડળ, સૅકટર-10 (એ), ગાંધીનગર.
(12) રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલીકરણ માટેની ટાસ્કફોર્સના તમામ સભ્યશ્રીઓ (નિયામકશ્રી, GCERT મારફત)
(13) સૅકશન અધિકારીશ્રી, કમ્પ્યૂટર સેલ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર (શિક્ષણ વિભાગની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારુ)
(14) ના. સે. અ. સિલેક્ટ ફાઈલ.
(15) શાખા સિલેક્ટ ફાઈલ.

**સ્વતંત્રતાનો અનુભવ કરવો એ જ જીવન છે. પરાધીન સજીવ હોવા છતાં મૃત છે. - યશપાલ**

ક્રમાંકઃમઉમશબ/સંશોધન/2022/1989-2023
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સૅક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.21/03/2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત યોજવાના કાર્યક્રમો/પ્રવૃત્તિઓ બાબત.
**સંદર્ભ :** શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્રક્રમાંકઃ પરચ/122021-113-વ-2 તા.23/02/2022.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે 'આઝાદી ના અમૃત મહોત્સવ' અંતર્ગત જૂન-2022થી ઑગસ્ટ-2023 સુધી શાળાઓમાં યોજવામાં આવનાર પ્રવૃત્તિઓ / કાર્યક્રમોની વિગતોનું આયોજન નીચે મુજબની વિગતે કરવામાં આવેલ છે. ઉક્ત આયોજનમાં વિદ્યાર્થીઓની પરીક્ષા તેમજ વૅકેશનની સંભવિત તારીખોને ધ્યાને રાખીને જે માસમાં પરીક્ષા કે વૅકેશન હોય તે માસમાં કોઈ પ્રવૃત્તિનું આયોજન રાખેલ નથી, જે વિદિત થાય.

| No. | Mode of Event (Online / offline) | Type (public of the Event/ Title) | Name of the Event/ Title | Event Description | Start Date | End Date | Venue & Date | Photos/ Videos/ Media brief |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Online/Offline | ,, | Yoga day | Yoga competition | 13/06/2022 | 30/06/2022 | School | |
| 2 | ,, | ,, | Tree plantation program | Take an oath & make small garden | 01/07/2022 | 31/07/2022 | ,, | |
| 3 | ,, | ,, | My contribution to my nation | Essay Competition, | 01/08/2022 | 31/08/2022 | ,, | |
| 4 | | ,, | Cleanliness week | 15 days awareness program | 01/09/2022 | 30/09/2022 | ,, | |
| 5 | Online/Offline | ,, | Essay competition regarding Woman Freedom Fighter | Essay competition play | 14/11/2022 | 30/11/2022 | ,, | |
| 6 | ,, | ,, | Program on Freedom Fighter's life | Slogan Writing | 01/12/2022 | 31/12/2022 | ,, | |

જે તંત્ર દ્વારા આપણે આપણા આત્માનું દર્શન કરવામાં, આપણા રાષ્ટ્રીય આત્માનો સાક્ષાત્કાર કરવામાં,પોતાપણું વ્યક્ત કરવામાં સમર્થ હોઈએ તે જ સ્વતંત્ર થશે. - માવધ ગોવવલકર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | ,, | ,, | Salute our heroes | Speech on Swami Vivekanand, Subhash Chandra Bose, | 01/01/2023 | 15/01/2023 | ,, | |
| 8 | Online/Offline | ,, | Science exhibition | Science Exhibition | 01/02/2023 | 28/02/2023 | ,, | |
| 9 | ,, | ,, | Make your surrounding happy | Waste to best | 01/06/2023 | 30/06/2023 | ,, | |
| 10 | ,, | ,, | Environment day | Cleaning Campaigning, tree plantation | 01/07/2023 | 31/07/2023 | ,, | |
| 11 | ,, | ,, | Independence celebration | Poem recitation/ singing | 01/08/2023 | 31/08/2023 | ,, | |

ઉક્ત આયોજન મુજબ ગુજરાત સરકાર તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવતી પરીક્ષાઓ અને વેકેશનને ધ્યાને રાખી શાળા કક્ષાએ Covid-19 અંગેની સરકારશ્રીની ગાઈડલાઈન અને S.O.P. નું પાલન કરીને આ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તેમજ તેનો અહેવાલ શાળાઓ દ્વારા જિલ્લા કક્ષાએ મોકલવામાં આવે તે માટે ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારુ મોકલી આપશો. શાળાઓ દ્વારા સીધેસીધો અહેવાલ અત્રેની કચેરીને મોકલવાનો નથી. આપના જિલ્લાની શાળાઓમાં કરવામાં આવેલ પ્રવૃત્તિઓનો સંકલિત અહેવાલ આપના દ્વારા અત્રેની કચેરીને સંશોધન શાખાના ઈ-મેઈલ પર મોકલી આપવા વિનંતી છે.

**(બી.એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :-**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

**"ધૂળથી રજોટાયેલા બાળકના શરીરની રજથી જેનાં અંગ મેલાં થાય તે માતાપિતાને ધન્ય છે." - કવિ કાલિદાસ**

